દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 13 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 January 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૫ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૪ ▪ Volume 68 ▪ Issue 13 ▪ વિક્રમ સંવત ૨૦૮૧
▪ પૌષ વદ - ૨ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ 15 January 2025, Wednesday ▪ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૫ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# 'મકરસંક્રાંતિ'એ મહાકુંભમાં ૩.૫ કરોડ શ્રદ્ધાળુઓનું 'અમૃત સ્નાન'

મહાકુંભનગર (ઉત્તર પ્રદેશ): મહાકુંભના બીજા દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ (મકરસંક્રાંતિ - ઉતરાણ)ના દિવસે અહીં ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ ખાતે 'હર હર મહાદેવ', 'જય શ્રીરામ' અને 'જય ગંગા મૈય્યા' જેવા નારા સાથે સાડાત્રણ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ ઠંડા પાણીમાં પ્રથમ 'અમૃત સ્નાન' કર્યું હતું.

વિવિધ અખાડાના સાધુ-સંતો અને નાગા બાવાઓ તેમ જ શ્રદ્ધાળુઓ મળીને લાખો લોકોએ આ 'અમૃત સ્નાન'માં ભાગ લીધો હતો. શ્રી પંચાયતી અખાડા મહાનિર્વાણી અને શ્રી શંભુ પંચાયતી અટલ અખાડાના સાધુ-સંતો અને બાવાઓએ 'અમૃત સ્નાન'માં સૌપ્રથમ ભાગ લીધો હતો. મહાકુંભમાં ૧૩ અખાડા ભાગ લઇ રહ્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સૌપ્રથમ 'અમૃત સ્નાન' નિમિત્તે શ્રદ્ધાળુઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે મંગળવારે સવારે સોશિયલ મીડિયા 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે આ આપણી સંસ્કૃતિ અને શ્રદ્ધાનું જીવતું ઉદાહરણ છે. હું 'મકરસંક્રાંતિ'ના પવિત્ર દિવસે મહાકુંભમાં ત્રિવેણી સંગમ ખાતે 'અમૃત સ્નાન' કરવા આવેલા બધાને આવકારું છું.

યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે પ્રયાગરાજમાં મહાકુંભના પ્રથમ દિવસે (સોમવારે) અંદાજે ૧.૭૫ કરોડ લોકોએ ત્રિવેણી સંગમ ખાતે નદીમાં ડૂબકી લગાવી હતી. મકરસંક્રાંતિના દિવસે રાતના ત્રણ વાગ્યાથી જ પવિત્ર બ્રહ્મ મુહૂર્તમાં જ લાખો લોકોએ પવિત્ર સ્નાન કરવાનું શરૂ કરી દીધું હતું.

મૌની અમાસ એટલે કે ૨૯ જાન્યુઆરીએ બીજું 'અમૃત સ્નાન', વસંત પંચમી એટલે કે ત્રણ ફેબ્રુઆરીએ ત્રીજું 'અમૃત સ્નાન', માઘ પૂર્ણિમા એટલે કે ૧૨ ફેબ્રુઆરીએ 'કલ્પવાસનું સ્નાન' કરાશે, જ્યારે મહાશિવરાત્રિ એટલે કે ૨૬ ફેબ્રુઆરીએ મહાકુંભનું સમાપન કરાશે.

પૂર્ણ કુંભમેળો દર બાર વર્ષે પ્રયાગરાજમાં યોજાય છે. આ વખતે બાર પૂર્ણ કુંભ પૂરા થઇ રહ્યા હોવાથી ૧૪૪ વર્ષે 'મહાકુંભ' યોજાઇ રહ્યો છે. પ્રયાગરાજમાં મહાકુંભના પ્રારંભ પહેલાં નાગા બાવાઓ (સાધુઓ)ના વિવિધ અખાડાએ ઊંટ, ઘોડા પર સવારી કરીને નાચતા ગાતા સરઘસ પણ કાઢ્યાં હતાં. અમુક લોકોએ આગ સાથેના અદ્ભુત કરતબ પણ બતાવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોતાના માસિક પ્રવચન 'મન કી બાત'માં અને પ્રવાસી ભારતીય દિવસના સંમેલનમાં લોકોને 'મહાકુંભ'ની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

ઉત્તર પ્રદેશ સરકારે 'મહાકુંભ'માં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને સફાઇની ખાસ વ્યવસ્થા કરી છે. સેંકડો મોબાઇલ ટોઇલેટ પણ ગોઠવાયા છે.

નદીના ધસમસતા પ્રવાહમાં ડૂબતા લોકોને બચાવવા માટે ખાસ તરવૈયા તૈયાર રખાયા છે. રેલવે અને અનેક રાજ્યની એસટી પણ વધારાની ટ્રેનો અને બસો દોડાવી રહ્યા છે.

મેળાના સ્થળે અંદાજે દોઢ લાખ તંબૂ ઊભા કરાયા છે. ૧૪ રોડ ઓવર-બ્રિજ અને ફ્લાયઓવર વિકસાવાયા છે. ૧૨ કિલોમીટરના કામચલાઉ ઘાટ બનાવાયા છે. આઠ કિલોમીટરના રિવરફ્રન્ટ રોડનું નિર્માણ કરાયું છે. ગિરદી પર નજર રાખવા માટે ૨,૭૫૦ કૅમેરા ગોઠવાયા છે. દિવસના ૨૪ કલાક માટેનો નિયંત્રણકક્ષ ઊભો કરાયો છે. પંદર હજાર સફાઇ કર્મચારી સતત સફાઇ કરશે. અઢી હજાર 'ગંગા દૂત'ને પણ ફરજ પર રખાયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે અમને મહાકુંભથી રાજ્ય માટે રૂપિયા બે લાખ કરોડનો વેપાર થવાની આશા છે.

પ્રયાગરાજમાં અનેક જાહેરસ્થળે ભીંતચિત્રો દોરાયાં છે અને હોર્ડિંગ્સ, એલઇડી સ્ક્રીન મુકાયાં છે.

મહાકુંભમાં મોટી સંખ્યામાં આવનારા લોકોને ધ્યાનમાં રાખીને અનેક મોટી કંપનીએ પણ પોતાના ઉત્પાદનો વેચવા અહીં દુકાનો, સ્ટોલ શરૂ કર્યા છે.

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં પૌષ પૂર્ણિમા (પોષી પૂનમના 'કલ્પવાસ', ૧૩ જાન્યુઆરી)થી વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળાવડો 'મહાકુંભ' શરૂ થયો હતો અને તે મહાશિવરાત્રિ (૨૬ ફેબ્રુઆરી) સુધી ચાલશે. આ 'મહાકુંભ'માં દેશવિદેશથી અંદાજે ૪૫ કરોડ લોકો આવવાની આશા છે.

'મહાકુંભ' મેળો માત્ર શ્રદ્ધા અને આસ્થાની દૃષ્ટિએ જ નહિ, પરંતુ આયોજન, સુવિધા, સગવડની દૃષ્ટિએ વિશ્વ માટે દૃષ્ટાંતરૂપ બની રહેશે.



**મહાકુંભઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભના બીજા દિવસે એટલે કે ૧૪ જાન્યુઆરીએ (મકરસંક્રાંતિ – ઉતરાણ)ના દિવસે ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં પ્રથમ 'અમૃત સ્નાન' કરી રહેલા શ્રદ્ધાળુઓ. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા 'એક્સ' પર આ ફોટો મૂક્યો હતો. (પીટીઆઇ)

ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ખાતે આયોજિત મહાકુંભ મેળા માટે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથની સરકારે ભવ્ય વ્યવસ્થા કરી છે. મહાકુંભ માટે 'કુંભનગર' નામનો કામચલાઉ જિલ્લો જ ઊભો કરાયો છે. મહાકુંભના આયોજનમાં સેંકડો કિલોમીટરના વિસ્તારને આવરી લેવાયો છે. આ ક્ષેત્રમાં હૉટેલો, તંબૂઓ, આશ્રમો, ધર્મશાળાઓમાં શ્રદ્ધાળુઓના ઉતારાની વ્યવસ્થા કરાઇ છે. વાહનો ઊભા રાખવાની પણ ખાસ વ્યવસ્થા કરાઇ છે. મંદિરો, ઘાટ, કોરિડોર, પુલ, રસ્તા, અંડરપાસને ભીંતચિત્રોથી શણગારાયા છે.

ઉત્તર પ્રદેશ સરકારે 'કુંભ સહાયક' ચેટબોટ વિકસાવ્યું છે, જે ગુજરાતી, બંગાળી સહિતની દસથી વધુ ભાષામાં મહાકુંભને લગતી માહિતી આપશે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મોટી સંખ્યામાં પોલીસ, અર્ધલશ્કરી દળના જવાનો ગોઠવાયા છે. ગુમ થયેલા લોકો કે માલસામાન શોધી કાઢવા માટે ખાસ પોલીસ ચોકી ઊભી કરાઇ છે. સીસીટીવી કૅમેરા આ મેળામાં ભાગ લેવા આવનારા લોકોની ગણતરી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા)ની મદદથી કરશે અને નજર રખાશે.

ડૉક્ટરો, એમ્બ્યુલન્સ સાથેની મેડિકલ ટીમ પણ ૨૪ કલાક ઉપલબ્ધ છે. આગ જેવી દુર્ઘટના ન બને તે માટે ખાસ તકેદારી રખાઇ છે. કોઇ પણ દુર્ઘટનાનો સામનો કરવા માટે અગ્નિશામક દળના જવાનો મોટી સંખ્યામાં તૈયાર રખાયા છે. (એજન્સી)

## ઉત્તર કોરિયાએ ટૂંકી રેન્જના મિસાઈલનું પરીક્ષણ કર્યું

સિઓલઃ અમેરિકામાં નવા ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સત્તાનું સુકાન ફરી સંભાળે તે અગાઉ ઉત્તર કોરિયાએ દુશ્મન દેશોને ડરાવવા મંગળવારે પણ તેનાં શસ્ત્રોનું પરીક્ષણ કરવાનું ચાલુ રાખ્યું હતું અને પરીક્ષણ માટે પૂર્વ દરિયાઈ વિસ્તારમાં અનેક મિસાઈલ છોડ્યા હોવાનું દક્ષિણ કોરિયાની સેનાએ કહ્યું હતું.

દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઑફ સ્ટાફે કહ્યું હતું કે ઉત્તર કોરિયાના નૉર્થન ઈનલૅન્ડ વિસ્તારમાંથી આ મિસાઈલ છોડવામાં આવ્યા હતા અને તે ટૂંકી રેન્જના બેલિસ્ટિક મિસાઈલ હોવાનું માનવામાં આવે છે. જોકે આ મિસાઈલ કેટલા દૂર સુધી પહોંચ્યા હતા તે સ્પષ્ટ થઈ શકયું નહોતું.

અમેરિકા અને જાપાનની સેના સાથે આ મામલે વાતચીત કર્યા બાદ દક્ષિણ કોરિયાએ સુરક્ષા અને ગતિવિધિઓ પર ચાંપતી નજર વધારી દીધી હોવાનું તેમણે કહ્યું હતું.

ગયા અઠવાડિયે બૅલિસ્ટિક મિસાઈલ લૉન્ચ કર્યા બાદ વર્ષ ૨૦૨૫માં ઉત્તર કોરિયાએ આ બીજીવાર મિસાઈલ પરીક્ષણ કર્યું હોવાનું તેમણે કહ્યું હતું.

પ્રતિસ્પર્ધી દેશોને અંકુશમાં રાખવા અણુ ક્ષમતા ધરાવતા શસ્ત્રોનો સંગ્રહ વધારવાના ઉત્તર કોરિયાના નેતા કિમ જૉન્ગે સંકેત આપ્યા બાદ છ જાન્યુઆરીએ મધ્યમ રેન્જના નવા હાયપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ પૅસિફિકના અંતરિયાળ વિસ્તારમાં ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે.

રશિયા સાથે ટૅક્નોલૉજી ટ્રાન્સફર અંગેની સમજૂતી બાદ ઉત્તર કોરિયાની સેનાની ક્ષમતામાં વધારો થવાની શક્યતા છે.

વર્ષ ૨૦૨૪ના અંતમાં કિમ જૉન્ગે અમેરિકાવિરોધી કડક નીતિ અમલમાં મૂકવાનું જણાવી સિઓલ અને જાપાન સાથે સુરક્ષા સહકાર વધુ મજબૂત કરવાના પ્રયાસ બદલ બાઈડન વહીવટી તંત્રની આકરી ટીકા કરી હતી.

પ્રમુખ તરીકેની પ્રથમ મુદતમાં ટ્રમ્પ ઉત્તર કોરિયાના અણુ કાર્યક્રમ અંગે વાતચીત કરવા કિમ જૉન્ગને ત્રણવાર મળ્યા હતા. (એજન્સી)

## ડિસેમ્બરમાં જથ્થાબંધ ફુગાવાનો દર વધ્યોઃ મોંઘવારી વધી

### શાકભાજીનાં ભાવમાં તોતિંગ ઉછાળો, રિઝર્વ બૅન્કની ફેબ્રુઆરીની બેઠક પર સૌની મીટ

નવી દિલ્હીઃ જથ્થાબંધ ફુગાવા આધારિત ફુગાવાનો દર ૨૦૨૪ના ડિસેમ્બરમાં વધીને ૨.૩૭ ટકા રહ્યો હતો.

ભારતીય રિઝર્વ બૅન્કની વ્યાજદર નક્કી કરતી સમિતિની બેઠક બાદ સાત ફેબ્રુઆરીએ વ્યાજદરમાંના સંભવિત ફેરફારની જાહેરાત થવાની હોવાથી સૌની મીટ તેના પર છે. મોંઘવારીને કાબૂમાં લેવા રિઝર્વ બૅન્ક કેવા પગલાં લે છે, તે જાણવા બૅન્કો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, કરજદારો સહિત સામાન્ય લોકો ઉત્સુક છે.

મેન્યુફેક્ચર્ડ આઇટમ્સ, શાકભાજી અને તેલીબિયાં (જેવી નોન-ફૂડ આર્ટિકલ્સ)ના ભાવ ડિસેમ્બરમાં ઊંચા રહેતા મોંઘવારીનો દર ઊંચો રહ્યો હતો.

જથ્થાબંધ ભાવ પર આધારિત ફુગાવાનો દર ગયા વર્ષના નવેમ્બરમાં ૧.૮૯ ટકા હતો, તે ડિસેમ્બરમાં વધીને ૨.૩૭ ટકા થઇ ગયો હતો. આ દર ૨૦૨૩ના ડિસેમ્બરમાં ૦.૮૬ ટકા હતો.

ગયા વર્ષે ડિસેમ્બરમાં કઠોળ, જાડા ધાન્ય અને ઘઉંના ભાવમાં થોડો ઘટાડો થયો હતો, પરંતુ શાકભાજીના ભાવ પર આધારિત ફુગાવો ૨૮.૬૫ ટકા રહ્યો હતો. બટાટામાં આ ટકાવારી ૯૩.૨૦ ટકા અને કાંદામાં ૧૬.૮૧ ટકા રહી હતી.

તેલીબિયાં જેવી નોન-ફૂડ આર્ટિકલ્સમાં ફુગાવાનો દર ૨.૪૬ ટકા રહ્યો હતો. તેના ભાવ નવેમ્બરમાં ઘટ્યા હતા, પરંતુ ડિસેમ્બરમાં વધારો થયો હતો.

મેન્યુફેક્ચર્ડ આઇટમ્સમાં ફુગાવાનો દર નવેમ્બરમાં બે ટકા હતો, તે ડિસેમ્બરમાં વધીને ૨.૧૪ ટકા થયો હતો.

ડૉલરની સામે રૂપિયાનું મૂલ્ય ઘટી રહ્યું હોવાથી પણ અમુક ચીજોના ભાવ વધ્યા છે. (એજન્સી)

## પીઓકે વગર જમ્મુ-કાશ્મીર અધૂરુંઃ રાજનાથ

જમ્મુઃ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીર અને દિલ્હીના લોકોનાં હૃદય વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયાસ કરી રહ્યા છે એમ જણાવી સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે ઓમર અબ્દુલ્લાની પ્રશંસા કરતા કહ્યું હતું કે કેન્દ્રની ભાજપ સરકાર દિલ્હી અને કાશ્મીરની એકસમાન રીતે સંભાળ રાખે છે. ભારતવિરોધી નિવેદન કરવા બદલ રાજનાથે પીઓકેના વડા પ્રધાન ચૌધરી અનવારુલ હકની ટીકા કરી હતી અને કહ્યું હતું કે પીઓકે વગર જમ્મુ-કાશ્મીર અધૂરું છે. અહીંનાં અખનૂર સેક્ટર નજીક નવમા આર્મ્ડ ફૉર્સિસ વેટરન ડેની રેલીને સંબોધન કરતાં રાજનાથે કહ્યું હતું કે ભૂતકાળમાં અગાઉની સરકારોએ કાશ્મીર સાથે ભેદભાવભર્યું વર્તન કર્યું હોવાને કારણે જમ્મુ-કાશ્મીરના લોકો દિલ્હી સાથે જે રીતે જોડાવું જોઈએ એ રીતે જોડાઈ શક્યા નહોતા.

હું ભૂતકાળમાં જવા નથી માગતો એમ જણાવી રાજનાથ સિંહે કહ્યું હતું કે કાશ્મીરવાસીઓ અને દેશના અન્ય રાજ્યમાં વસતા લોકો વચ્ચેનું અંતર ઘટાડ્યું એ અમારી સરકારની સૌથી મોટી સિદ્ધિ છે.

કાશ્મીરવાસીઓ અને દેશના અન્ય રાજ્યના લોકો વચ્ચેના અંતરને ઘટાડવામાં મદદરૂપ થવા યોગ્ય પગલાં લેવા બદલ રાજનાથે ઓમરને અભિનંદન આપ્યા હતા.

રાજનાથે મકરસંક્રાત અને નવા વર્ષની શુભેચ્છા આપતાં કહ્યું હતું કે દિલ્હીની જેમ જ કાશ્મીર પણ અમારા હૃદયમાં વસે છે અને અમે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના દિલ્હી અને કાશ્મીરની એકસમાન રીતે કાળજી લઈએ છીએ. (એજન્સી)

## વિજ્ઞાનીઓ ભૂકંપની ચેતવણી આપતી યંત્રણા તૈયાર કરેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિજ્ઞાનીઓને ધરતીકંપની અગાઉથી ચેતવણી આપતી યંત્રણા તૈયાર કરવા માટે કાર્ય કરવા મંગળવારે અનુરોધ કર્યો હતો.

તેમણે દાવો કર્યો હતો કે મોસમને લગતા વિજ્ઞાનમાંની પ્રગતિને લીધે કુદરતી આફતથી થતાં નુકસાનને ઓછું કરવામાં મદદ મળી રહી છે અને જાનમાલની હાનિ રોકી શકાય છે.

મોદીએ દેશના હવામાન ખાતા (ઇન્ડિયન મીટિઅરૉલજિકલ ડિપાર્ટમેન્ટ)ના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધ્યો હતો અને અત્યાધુનિક રડાર, ઉપગ્રહો, કમ્પ્યૂટરની મદદથી હવામાનની જાણકારી આપી શકે તેવા 'મિશન મોસમ'ને શરૂ કરાવ્યું હતું. વડા પ્રધાને જણાવ્યું હતું કે હવામાનની જાણકારી આપતા વિજ્ઞાનમાં ભારતની પ્રગતિથી વિશ્વમાં દેશની પ્રતિષ્ઠા વધી છે. આપણે નેપાળ, ભુતાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા દેશોને પણ પૂર જેવી કુદરતી આફતની જાણકારી આપી શકીએ છીએ. ભારત પાડોશી દેશોને આ રીતે મદદ કરનારો સૌપ્રથમ દેશ બન્યો છે. મોદીએ 'ઇન્ડિયન મીટિઅરૉલજિકલ ડિપાર્ટમેન્ટ'ના વિઝન-૨૦૪૭ના દસ્તાવેજોનું પણ વિમોચન કર્યું હતું.




આ પ્રસંગે વર્લ્ડ મીટિઅરૉલજિકલ ડિપાર્ટમેન્ટનાં મહામંત્રી સેલેસ્ટ સૌલો, પૃથ્વી વિજ્ઞાનના પ્રધાન જિતેન્દ્ર સિંહ વગેરે હાજર રહ્યા હતા. (એજન્સી)

## તમિળનાડુમાં ટ્રેનનો ડબ્બો ખડી પડ્યો

વિલુપુરમ : પુડુચેરી જતી મેમુ (મેનલાઈન ઈલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ) ટ્રેન મંગળવારે બીજા પાટા પર વાળવાની પ્રક્રિયા દરમિયાન ખડી પડી હતી, પરંતુ કોઈને ઈજા થઈ નહોતી, એવી માહિતી સર્દર્ન રેલવેએ આપી હતી. આને લીધે થોડા સમય માટે સેવા ખોરવાઈ હતી. મેમુ ટ્રેનની રાહ જોતાં ઉતારુઓને દાદર-પુડુચેરી એક્સપ્રેસમાં બેસવાની છૂટ અપાઈ હતી અને ટ્રેન દરેક સ્ટેશન પર ઊભી રહી હતી.

સત્તાવાર અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે મુખ્ય લાઈન ચાલુ હતી આથી એ લાઈન પર કોઈ વિક્ષેપ પડ્યો નથી. જોકે પુડુચેરી તરફના વ્યવહારને અસર પડી હતી. બધી લાઈન મંગળવારે સવારના ૮-૪૦ કલાક સુધી ચાલુ કરાઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક અધિકારીઓએ કહ્યું હતું કે વિલુપુરમ-પુડુચેરી ટ્રેન સવારના ૫-૨૫ કલાકે રવાના થઈ ત્યારે એમાં ૫૦૦ ઉતારુઓ હતા. થોડી મિનિટ બાદ ટ્રેન કે વળાંક લેતી હતી ત્યારે એનો એક ડબ્બો ખડી પડ્યો હતો. લોકો પાઈલોટે તરત જ ટ્રેન અટકાવી હતી. જોકે પછી રેલવેએ એવો ખુલાસો કર્યો હતો કે ટ્રેનમાં ૫૦૦ નહીં ૫૦ ઉતારુઓ હતા. (એજન્સી)




**ટ્રેન દુર્ઘટનાઃ** તમિળનાડુના વિલ્લુપુરમ રેલવે સ્ટેશન નજીક મંગળવારે ખડી પડેલા ટ્રેનના ડબ્બાની પાસે ભેગા થયેલા લોકો. (પીટીઆઇ)

## કાશ્મીરમાં હજુ પણ ઠંડીનો પ્રકોપ યથાવત

શ્રીનગર : લઘુતમ તાપમાન શૂન્યથી ઘણા ડિગ્રી નીચે રહેવાને કારણે કાશ્મીરમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે, એમ હવામાન વિભાગે મંગળવારે જણાવ્યું હતું.

આગામી કેટલાક દિવસોમાં ખીણમાં મુખ્યત્વે શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે, એમ તેમણે જણાવ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શ્રીનગરમાં સોમવારે રાત્રે લઘુતમ તાપમાન માઈનસ ૪.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે પાછલી રાત્રિના માઈનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસથી વધુ હતું.

સ્કીઇંગ માટે જાણીતા ઉત્તર કાશ્મીરના પ્રવાસન સ્થળ ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઈનસ ૬.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે પાછલી રાત્રિના માઈનસ ૬.૫ ડિગ્રી સેલ્સિયસથી થોડું વધારે હતું.

દક્ષિણ કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટેના બેઝ કેમ્પ પૈકીના એક, પહેલગામમાં લઘુતમ તાપમાન માઈનસ ૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે પાછલી રાત્રિના માઈનસ ૮.૪ ડિગ્રી સેલ્સિયસથી ઓછું હતું.

કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૬ ડિગ્રી સેલ્સિયસ, પમ્પોર શહેરના કોનિબાલમાં માઈનસ ૫.૫ ડિગ્રી સેલ્સિયસ, કુપવાડામાં માઈનસ ૪.૭ ડિગ્રી સેલ્સિયસ અને કોકરનાગમાં માઈનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૮ જાન્યુઆરી સુધી ખીણમાં હવામાન મોટે ભાગે વાદળછાયું રહેશે પરંતુ સૂકું રહેશે અને ૧૫ અને ૧૬ જાન્યુઆરીએ ઊંચાઈવાળા વિસ્તારોમાં છૂટાછવાયાં સ્થળોએ હળવો બરફ પડવાની શક્યતા છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સાધુ-સંતોને મુલાયમની ત્રણ ફૂટની પ્રતિમા સામે વાંધો કેમ ?

ભારતમાં કહેવાતા સાધુ-સંતો અને હિંદુવાદીઓને હિંદુઓને સ્પર્શતી સમસ્યાઓમાં બહુ રસ નથી પડતો. હિંદુઓને નડતા ને કનડતા મુદ્દે એ લોકો મોંમાં મગ ઓરીને બેસી રહે છે ને સાવ ફાલતુ મુદ્દાઓને હિંદુત્વ સાથે જોડીને હોહા કરી મૂકે છે. આ વિચિત્ર માનસિકતાનો તાજો નમૂનો સંગમ નગરી પ્રયાગરાજમાં મુલાયમસિંહ યાદવની પ્રતિમા મુકાઈ તેની સામે મચેલો કકળાટ છે.

સોમવારથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં સેક્ટર ૧૬માં મુલાયમસિંહ યાદવ સ્મૃતિ સંસ્થાન નામની સંસ્થાની છાવણી આવેલી છે. સ્વાભાવિક રીતે જ આ છાવણી સમાજવાદી પાર્ટીના કાર્યકરો અને મુલાયમભક્તોએ જ બનાવી છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં વિપક્ષ નેતા માતા પ્રસાદ પાંડેએ શનિવારે લગભગ બેથી ત્રણ ફૂટ ઊંચી આ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

મુલાયમસિંહ યાદવની આ પ્રતિમા સામે સાધુ-સંતોને વાંધો પડી ગયો છે. અખિલ ભારતીય અખાડા પરિષદના હોદ્દેદારો સહિત અન્ય સાધુ-સંતોએ મહાકુંભમાં મુલાયમસિંહ યાદવની પ્રતિમાનો વિરોધ કરતાં કહ્યું કે, હિન્દુઓની પવિત્ર આસ્થાના પર્વ એવા મહાકુંભ મેળામાં મુલાયમસિંહ યાદવ જેવા હિન્દુ વિરોધી નેતાની પ્રતિમા હિન્દુઓનું અપમાન કરી રહી છે. અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત રવિન્દ્ર પુરીના કહેવા પ્રમાણે, મુલાયમસિંહ યાદવ હિન્દુ વિરોધી અને સનાતન વિરોધી વિચારધારા ધરાવતા હતા. મુલાયમસિંહની પ્રતિમા સ્થાપિત કરવાનો ઉદ્દેશ સમાજવાદી પાર્ટીની સરકારે હિન્દુઓની હત્યા કરી હતી એ ઘટનાની યાદ અપાવવાનો છે.

મહંત રવિ પુરીના કહેવા પ્રમાણે રામ મંદિર આંદોલન વખતે મુલાયમસિંહે શું કર્યું હતું એ બધા જાણે છે. હંમેશા હિન્દુ વિરોધી, સનાતન વિરોધી અને મુસલમાનોના હિતેચ્છુ રહેલા મુલાયમસિંહની પ્રતિમા મહાકુંભમાં મૂકીને હિંદુઓનું અપમાન કરાયું છે. જૂના અખાડાના મહામંડલેશ્વર યતિ નરસિંહાનંદ સહિત ઘણા બીજા સાધુ-સંતોએ મહંત રવિન્દ્ર પુરીના નિવેદનને સમર્થન આપ્યું છે. રામમંદિર આંદોલન વખતે મુલાયમસિંહ યાદવે મુસ્લિમો તરફીવલણ લીધું હતું એ ઈતિહાસ છે.

રવિન્દ્ર પુરીએ મુલાયમસિંહ યાદવ રામમંદિર આંદોલન વખતે ભજવેલી ભૂમિકાની યાદ અપાવી તેમાં ૨ નવેમ્બર ૧૯૯૦ની કારસેવા સૌને યાદ છે. એ વખતે મુલાયમસિંહ યાદવ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા. વિશ્વ હિંદુ પરિષદ સહિતનાં સંગઠનોએ અયોધ્યામાં કારસેવાનું એલાન કરેલું. મુલાયમે હુંકાર કરેલો કે, અયોધ્યા મેં મેરી મરજી કે બિના પરિંદા ભી પર નહીં માર સકતા. કારસેવકો મુલાયમને થાપ આપીને અયોધ્યામાં ઘૂસી ગયેલા અને બાબરી મસ્જિદ સંકુલ તરફ આગળ વધતા હતા. ગિન્નાયેલા મુલાયમે એ વખતે કારસેવકો પર ગોળીઓ ચલાવડાવીને અયોધ્યાની ભૂમિને રક્તરંજિત કરી હતી. પોલીસના ગોળીબારમાં ૧૭ લોકોનાં મોત થયાં હતાં.

આ ગોળીબારના કારણે મુલાયમસિંહ યાદવ હિંદુવાદીઓ માટે વિલન બની ગયા હતા અને લોકોએ ૧૯૯૧ની વિધાનસભામાં ચૂંટણીમાં મુલાયમને ઘરભેગા કરીને ભાજપને સ્પષ્ટ બહુમતી આપતાં કલ્યાણસિંહ યુપીમાં ભાજપના પહેલા મુખ્યમંત્રી બન્યા હતા. મુલાયમસિંહ માટે હિંદુવાદીઓએ મુલ્લા મુલાયમ જેવા શબ્દોનો ઉપયોગ પણ શરૂ કરેલો. હિંદુવાદીઓનો એક વર્ગ મુલાયમસિંહને કારસેવકો પર ગોળીબાર કરાવવા બદલ હજુય નફરત કર્યા કરે છે.

મુલાયમસિંહે જે કર્યું એ યોગ્ય નહોતું પણ એ વાતને મુલાયમસિંહ યાદવની પ્રતિમાના સ્થાપન સાથે જોડવાનો મતલબ નથી. તેનું કારણ એ કે, મુલાયમની પ્રતિમા મહાકુંભમાં કે ગંગા નદીના કિનારે કાયમી રીતે ઊભી કરાઈ નથી. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં વિપક્ષ નેતા માતા પ્રસાદ પાંડેએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, મહાકુંભ પરિસરમાં મુલાયમસિંહ યાદવ સ્મૃતિ સેવા સંસ્થાને મૂકેલી પ્રતિમા મહાકુંભ પથી લખનઊમાં સમાજવાદી પાર્ટીના કાર્યાલયમાં સ્થાપિત કરવામાં આવશે. મતલબ કે, ૨૬ ફેબ્રુઆરીએ મહાકુંભ પૂરો થતાં જ આ પ્રતિમા પણ હટી જવાની છે. બીજું એ કે, સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલી સંસ્થાની છાવણીમાં આ પ્રતિમા સ્થાપિત કરાઈ છે. હવે કોઈ સંસ્થા પોતાની છાવણીમાં પોતાને ગમે તેની પ્રતિમા રાખે તેને હિંદુત્વ સાથે શું લેવાદેવા ? મહાકુંભમાં આવનારા ૫૦ કરોડ લોકોમાંથી ૫૦ હજાર લોકો પણ આ છાવણીમાં જવાના નથી કે પ્રતિમાને જોવાના નથી ત્યારે તેને વધારે પડતું મહત્ત્વ અપાઈ રહ્યું છે.

જો કે ખટકે એવી વાત એ છે કે, આપણા કહેવાતા સાધુ-સંતોને મુલાયમસિંહ યાદવની ત્રણ ફૂટની પ્રતિમા સામે વાંધો પડે છે પણ એ જ મુલાયમસિંહને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરનું મોટું સન્માન અપાયું ત્યારે આ બધા ચૂપ હતા.

આપણે ત્યાં દર વરસે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ દેશના વિકાસમા મહત્ત્વનું યોગદાન આપનારા લોકો માટેના પદ્મ એવોર્ડ્સનું એલાન થાય છે. પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ એ ત્રણ કેટેગરીમાં દેશના નાગરિકોને આ સન્માન અપાય છે. ૨૦૨૨માં મુલાયમસિંહ યાદવ ગુજરી ગયા પછી ૨૦૨૩માં મુલાયમસિંહ યાદવને મોદી સરકારે મરણોત્તર પદ્મવિભૂષણ આપવાની જાહેરાત કરી હતી.

મોદી સરકારે મુલાયમસિંહ યાદવને પદ્મવિભૂષણ આપવાની જાહેરાત કરી તેની પાછળ રાજકીય ગણતરી હતી. . ઉત્તર પ્રદેશમાં ભાજપે ઓબીસી મતબેંકમાં ઘૂસ મારવામાં સફળતા મેળવી છે પણ ઓબીસીમાં સૌથી મોટી મનાતી યાદવ મતબેંક હજુય સપા સાથે છે. ભાજપની નજર આ મતબેંક કબજે કરવા પર છે તેથી મુલાયમસિંહને પદ્મવિભૂષણની જાહેરાત કરી દેવાઈ હતી.

પદ્મવિભૂષણ ભારતમાં ભારતરત્ન પછી બીજા નંબરનું સૌથી મોટું નાગરિક સન્માન ગણાય છે. મુલાયમસિંહ યાદવને આ સન્માન મળ્યું ત્યારે કોઈ હિંદુવાદી નેતા કે સાધુ-સંત તેનો વિરોધ કરવા આગળ નહોતો આવ્યો. હિંદુઓની હત્યા કરનારા મુલાયમસિંહ યાદવને સન્માન આપીને મોદી હિંદુઓનું અપમાન કરી રહી છે એવું બોલવાની કોઈની હિંમત નહોતી ને હવે આ ત્રણ ફૂટની પ્રતિમા મુકાઈ તેમાં તેમને વાંધો પડી ગયો છે.

મોદી સહિતના ભાજપના નેતાઓએ તો મુલાયમસિંહના નિધન પર શોક વ્યક્ત કરવામાં અને તેમના તરફ આદર બતાવવામાં પણ કોઈ કસર નહોતી છોડી. નરેન્દ્ર મોદી અને યોગી આદિત્યનાથ સહિતના નેતા મુલાયમના અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતા ને તેમની તારીફમાં મન મૂકીને વરસ્યા હતા. મુલાયમે કારસેવકો પર ગોળીઓ ચલાવડાવીને તેમની હત્યા કરાવી હતી એ મોદી, યોગી કે બીજા કોઈ ભાજપના નેતાને યાદ નહોતું. બલ્કે તેમણે તો મુલાયમસિંહ મહાન નેતા હોય એ રીતે ભરપેટ વખાણ કરેલાં. એ વખતે કોઈ હિંદુવાદી નેતા કે સાધુ-સંતને મુલાયમસિંહે કારસેવા વખતે ભજવેલી ભૂમિકા યાદ નહોતી, કોઈએ હિંદુ વિરોધી, સનાતન વિરોધી મુલાયમસિંહને આટલું બધું માન કેમ અપાઈ રહ્યું છે એ સવાલ નહોતો કર્યો ને અત્યારે બધાંને શૂરાતન ચડી ગયું છે.

આ દેશના હિંદુઓને મુલાયમની પ્રતિમા કરતાં વધારે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, ગરીબી, ગુનાખોરી વગેરે નડે છે. આપણા સાધુ-સંતો એ વિશે ક્યારે બોલશે ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતૠતુ પ્રારંભ), બુધવાર, તા. ૧૫-૧-૨૦૨૫
મત્તુ પોંગલ (દક્ષિણ ભારત)

ભારતીય દિનાંક ૨૫, માહે પૌષ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૨
પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૬મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
નક્ષત્ર પુષ્ય સવારે ક. ૧૦-૨૭ સુધી, પછી આશ્લેષા.
ચંદ્ર કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧-૮ મિ. ૧૪, સ્ટા. ટા.

--: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-હ્ર
ભરતી :બપોરે ક.૧૨.૪૫, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૮,
ઓટઃ સવારે ક.૭.૧૭ ,સાંજે ક. ૧૮-૫૩
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - દ્વિતિયા. કરિદ્દિન.મત્તુ પોંગલ (દક્ષિણ ભારત)
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્યો વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,બુધ -ગુરુ -શનિ ગ્રહ દેવતાનું પૂજન,,આશ્લેષા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, પીપળાનું પૂજન,સર્પ પૂજા,સર્વશાંતિ,શાંતિ પૌષ્ટિક પૂજા,નિત્ય થતાં દુકાન,વેપાર,યંત્ર,દસ્તાવેજ,ખેતીવાડી ,પશુ લેવડ દેવડ, સ્થાવર મિલકત સબંધિત કામકાજ,સર્પ પૂજા,માલ વેચવો,ચંપો વાવવો.
આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ સહાનુભૂતિવાળા
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધત્રિકોણ.નેપ્ચ્યુન ઉત્તરાભાદ્રપદા પ્રવેશ
ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર

# બંગાળમાં ટીએમસી નેતા અને પાર્ટી કાર્યકર પર ગોળીબાર

માલદાઃ પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં મંગળવારે તૃણમૂલ કોંગ્રેસના નેતા અને પાર્ટી કાર્યકર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ટીએમસી નેતા અને પાર્ટી કાર્યકર એક રસ્તાના ઉદ્‌ઘાટન માટે આયોજિત એક કાર્યક્રમમાં હાજર હતા ત્યારે કાલિયાગંજ વિસ્તારમાં આ ઘટના બની હતી .

તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે, એમ તેમણે જણાવ્યું હતું.

અમે ગોળીબારની ઘટનાની તપાસ કરી રહ્યા છીએ અને ત્યાં હાજર દર્શકો અને પાર્ટી કાર્યકર્તાઓ સાથે વાત કરી રહ્યા છીએ, એમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ઘાયલ થયેલા વ્યક્તિઓમાંથી એકની ઓળખ ટીએમસી સ્થાનિક સમિતિના પ્રમુખ બકુલ શેખ તરીકે થઈ છે, એમ તેમણે જણાવ્યું હતું.

માલદામાં ટીએમસી કાઉન્સિલર દુલાલ સરકારની ૨ જાન્યુઆરીએ હત્યા કરવામાં આવી હતી, અને આ સંદર્ભમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# આતિશિએ કાલકાજી બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું

નવી દિલ્હી : દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશિએ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મંગળવારે કાલકાજી મતદારક્ષેત્રમાંથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. તેમણે લજપત નગરમાં જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. આતિશિ સોમવારે રોડ શો બાદ ઉમેદવારીપત્ર ભરવાના હતા, પરંતુ રોડ શોને લીધે વિલંબ થયો હતો અને તેઓ મેજિસ્ટ્રેટની ઓફિસમાં બપોરના ત્રણ વાગ્યા સુધી પહોંચી શક્યા નહોતાં, એવી માહિતી આપના નેતાએ આપી હતી. આતિશિ ભાજપના રમેશ સિંહ બિધુરી અને કોંગ્રેસનાં અલકા લાંબાના પડકારનો સામનો કરી રહ્યા છે. પીઢ રાજકારણી અને ભૂતપૂર્વ સાંસદ બિધુરી ૨૦૦૩, ૨૦૦૮ અને ૨૦૧૩માં તુઘલકબાદ વિધાનસભા મતદારક્ષેત્રમાં વિજયી થયા છે.

લાંબા પાંચ વર્ષ આપ પક્ષમાં હતાં અને ૨૦૧૯માં કોંગ્રેસમાં જોડાયાં હતા. (એજન્સી)

# સોનાની લાલચે ૧૦૦ શ્રમિકોનો ભોગ લીધોઃ દક્ષિણ આફ્રિકાની ખાણમાં બની ભયાનક ઘટના

પ્રિટોરિયાઃ દક્ષિણ આફ્રિકામાં એક ભયાનક ઘટનાના અહેવાલ બહાર પડતા હોબાળો મચી ગયો છે. એક અહેવાલ મુજબ સ્ટીલફોન્ટેન શહેર નજીક બફેલ્સફોન્ટેન સ્થિત સોનાની એક ગેરકાયદેસર ખાણમાં ૧૦૦ શ્રમિકોનાં મોત થયા છે. મહિનાઓથી ખાણમાં ફસાયેલા શ્રમિકો ભૂખ અને તરસને કારણે મૃત્યુ પામી રહ્યા છે. જીવિત બહાર આવેલા શ્રમિકોના મોબાઈલ ફોનમાંથી આ ઘટનાના વીડિયો મળી આવ્યા છે.

માઇનિંગ અફેક્ટેડ કોમ્યુનિટીઝ યુનાઇટેડ ઇન એક્શન ગ્રૂપ દ્વારા આપેલી માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૨૬ શ્રમિકોને જીવતા બચાવી લેવામાં આવ્યા છે અને બચાવ કામગીરી દરમિયાન ૧૮ મૃતદેહો પણ બહાર કાઢવામાં આવ્યા છે. જોકે, એવી પણ આશંકા છે કે લગભગ ૫૦૦ શ્રમિકો હજુ પણ ખાણમાં ફસાયેલા હોઈ શકે છે. ખાણની ઊંડાઈ ૨.૫ કિમી. જેટલી હોઈ શકે છે.

માઇનિંગ અફેક્ટેડ કોમ્યુનિટીઝ યુનાઇટેડ ઇન એક્શન ગ્રૂપના પ્રવક્તા સાબેલો મંગુનીએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે શુક્રવારે બહાર કાઢવામાં આવેલા કેટલાક ખાણિયાઓના મોબાઇલ ફોનમાંથી વીડિયો મળી આવ્યા છે, જેમાં પ્લાસ્ટિકમાં લપેટાયેલા મૃતદેહો જોવા મળે છે.

મંગુનીએ જણાવ્યું હતું કે ઉત્તર પશ્ચિમ પ્રાંતમાં આવેલી ખાણમાં ૧૦૦થી વધુ ખાણિયાઓ મૃત્યુ પામ્યા છે, જ્યાં પોલીસે નવેમ્બરમાં ખાણિયાઓને બહાર કાઢવા માટે કાર્યવાહી શરૂ કરી હતી. મંગુનીએ જણાવ્યું હતું કે ખાણિયાઓ ભૂખમરા અને ડિહાઇડ્રેશનને કારણે મૃત્યુ પામ્યા છે. શુક્રવારથી અત્યાર સુધીમાં ૧૮ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે.

મંગુનીએ જણાવ્યું હતું કે શુક્રવારે સ્થાનિક લોકો દ્વારા કરવામાં કામગીરીમાં નવ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. સોમવારે અધિકારીઓ દ્વારા સત્તાવાર કામગીરીમાં અન્ય નવ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે ૨૬ લોકોને જીવિત બહાર કાઢવામાં આવ્યા હતા.

પોલીસ પ્રવક્તાએ મીડિયાને જણાવ્યું હતું કે સોમવારે બચાવ કામગીરી શરૂ કર્યા પછી કેટલા મૃતદેહો મળી આવ્યા છે અને કેટલા લોકોને જીવિત બહાર કાઢવામાં આવ્યા છે, તેની માહિતી હજુ પણ ચકાસી રહ્યા છીએ.

પોલીસે ખાણ સીલ કરવાનો પ્રયાસ કર્યા પછી કામદારો અને પોલીસ વચ્ચે અથડામણ થઇ હતી. પોલીસનું કહેવું છે કે ધરપકડના ડરથી કામદારો બહાર નથી આવી રહ્યા, બીજી તરફ શ્રમિકોનો દાવો છે કે પોલીસે તેમના દોરડા કાઢી નાખ્યા હતા જેના કારણે તેઓ બહાર આવી શક્યા ન હતા. પોલીસે શ્રમિકોને બહાર કાઢવાના પ્રયાસમાં તેમનો ખોરાક પુરવઠો પણ કાપી નાખ્યો હતો.

દક્ષિણ આફ્રિકાના કેટલાક ભાગોમાં ગેરકાયદેસર ખાણમાં ખાણકામ થતું રહે છે. કંપનીઓ એવી ખાણો બંધ કરી દે છે જેમાં વધુ સોનું ના મળતું હોય, ત્યાર બાદ ખાણિયાઓના કેટલાક જૂથો ગેરકાયદેસર રીતે તેમાં પ્રવેશ કરીને બચેલું સોનું શોધવાનો પ્રયાસ કરે છે. જેને કારણે નાની મોટી દુર્ઘટનાઓ બનતી રહે છે.

ગેરકાયદે ખાણકામ કરનારાઓના મોટાં જૂથો ઘણીવાર મહિનાઓ સુધી ભૂગર્ભમાં રહે છે, જેથી તેઓ વધુ સોનું એકઠું કરી શકે આ માટે તેઓ ખોરાક, પાણી, જનરેટર અને અન્ય સાધનો પોતાની સાથે લઈ જાય છે, પરંતુ વધુ પુરવઠા માટે તેઓ સપાટી પર રહેલા તેમના જૂથના અન્ય લોકો પર પણ આધાર રાખે છે. કોઈ કારણોસર આ સપ્લાય બંધ થતા શ્રમિકો ફસાઈ જાય છે.

# મેક્સિકન નાગરિકે લોસ એન્જલસમાં આગ લગાવી! પોલીસે કરી ધરપકડ

લોસ એન્જલસઃ ગયા અઠવાડિયે યુએસના લોસ એન્જલસના કેટલાક વિસ્તારમાં લાગેલી આગ હજુ પણ ભભૂકી રહી છે, આગને કારણે ૨૪ લોકોનાં મોત થયાં છે, હજારો લોકો વિસ્થાપિત થયા છે અને કરોડો ડૉલરની સંપતિ નાશ પામી છે. આ આગ કેવી રીતે લાગીએ એ અંગે તપાસ કરવામાં આવી રહી છે, એવામાં લોસ એન્જલસ પોલીસ વિભાગે એક શંકાસ્પદની ઓળખ કરી છે. ગત અઠવાડિયે જુઆન મેન્યુઅલ સીએરા-લેવા નામના મેક્સિકન નાગરિકની અટકાયત કરવામાં આવી હતી, તેણે જ આ આગ લગાવી હોવાની શંકા છે.

સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા ફૂટેજમાં એલએપીડી અધિકારીઓ સિએરા-લેવાની અટકાયત કરતા દેખાય છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેની અટકાયત અંગે ચર્ચાઓ શરૂ થઇ ગઈ છે. વુડલેન્ડ હિલ્સમાં રહેતા રહેવાસીઓએ તેને બ્લોટોર્ચ વડે ક્રિસમસ ટ્રી અને કાટમાળ સળગાવતા જોયો હતો. સ્થાનિક રહેવાસીઓ પીછો કરી તેણે પકડી પાડ્યો હતો અને ત્યાર બાદ પોલીસે તેની અટકાયત કરી હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે આરોપી ''ફ્લેમથ્રોવર'' વડે આગ લગાડી રહ્યો હતો.

વુડલેન્ડ હિલ્સના એક રહેવાસીએ ૯૧૧ પર ફોન કરીને યબારા રોડના ૨૧૭૦૦ બ્લોકમાં આગ લગાડવાનો પ્રયાસ કરી રહેલા એક શખ્સ અંગે જાણ કરી હતી. તેની પાસે કથિત રીતે બ્લોટોર્ચ હતી.સીએરા-લેવાને પ્રોબેશન ઉલ્લંઘનના ગુના હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો છે. લોસ એન્જલસમાં આગ લગાડવા સંભવિત કેસ સીએરા-લેવાની કથિત સંડોવણી અંગે તપાસ કરી રહ્યું છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે તેના પર ઔપચારિક રીતે તે ગુના દાખલ કરવા માટે હજુ સુધી પૂરતા પુરાવા નથી. લોસ એન્જલસ કાઉન્ટીમાં સિએરા-લેવાનો ગુનાહિત ઇતિહાસ છે, તેણે ૨૦૨૩માં ઘાતક હથિયાર વડે હુમલો કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

# પાકિસ્તાની સુરક્ષા દળોએ આઠ તાલિબાની ટીટીપી આતંકવાદીઓને માર્યા

પેશાવર : પાકિસ્તાનના અશાંત ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં બે અલગ અલગ કિસ્સામાં પાકિસ્તાનમાં સુરક્ષા દળોએ આઠ તાલિબાની આતંકવાદીઓને મારી નાખ્યા હતા, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું.

સૈન્યની મીડિયા શાખા ઇન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પ્રાંતના ટાંક અને તિરાહ ખીણ જિલ્લામાં બે અલગ અલગ હુમલા ૧૨-૧૩ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યા હતા. પ્રથમ ગુપ્ત માહિતી આધારિત કામગીરી ટાંક જિલ્લામાં થઈ હતી. આ કામગીરી દરમિયાન, સુરક્ષા દળોએ ગેરકાયદેસર તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) - ખ્વારિજ - સ્થાન પર ''અસરકારક રીતે કાર્યવાહી'' કરી અને પરિણામે છ આતંકવાદીઓ માર્યા ગયા હતા .

'ખ્વારિજ' શબ્દ સરકાર પાકિસ્તાની તાલિબાન માટે વાપરે છે.

ખૈબર જિલ્લાના તિરાહ ખીણના સામાન્ય વિસ્તારમાં થયેલા બીજા એક એન્કાઉન્ટરમાં, સૈનિકોએ બે ટીટીપી આતંકવાદીઓને સફળતાપૂર્વક મારી નાખ્યા હતા.

# ઝેડ મોડ શિલાન્યાસ યુપીએ સરકારે કર્યો હતો, કોંગ્રેસે પોસ્ટ કરી યાદ અપાવ્યું

નવી દિલ્હીઃ સોમવારે વડા પ્રધાન મોદીએ જમ્મુ અને કાશ્મીરના સોનમર્ગમાં વ્યુહાત્મક રીતે મહત્વની ઝેડ-મોડ ટનલનું ઉદઘાટન કર્યું હતું. આ દરમિયાન એક સંબોધનમાં વડા પ્રધાન મોદીએ કોંગ્રેસ પાર્ટી પર પ્રહારો કર્યા હતાં. બીજી તરફ કોંગ્રેસે ઝેડ-મોડના નિર્માણમાં યુપીએ સરકારના ફાળાને યાદ કર્યો. જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસે ટનલના શિલાન્યાસ સમયના વર્ષ ૨૦૧૨ના ફોટો શેર કર્યા હતા.

કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર એક્સ હેન્ડલ પર ફોટો શેર કરતા લખવામાં આવ્યું, '' ચોથી ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ યુપીએ બે સરકારમાં માર્ગ પરિવહન અને હાઇવે પ્રધાન શ્રી સીપી જોશી દ્વારા આ ટનલના નિર્માણનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.''

આ ઉપરાંત કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રવિન્દર શર્માએ એનડીએ સરકાર પર આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે ઉદઘાટનની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે ભાજપના શાસનમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવામાં ઘણો સમય લાગ્યો હતો.

એક ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા રવિન્દર શર્માએ કહ્યું, ''અમે આ ટનલના ઉદઘાટનની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા. વર્તમાન વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હસ્તક્ષેપથી યુપીએ સરકારે આ પ્રોજેક્ટ શરૂ કર્યો. આ ટનલ મહત્ત્વપૂર્ણ હતી કારણ કે શિયાળાની કઠોર પરિસ્થિતિને કારણે વિસ્તારના રહેવાસીઓને નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડ્યો હતો.''

તેમણે જણાવ્યું કે કોંગ્રેસ સરકારે આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો અને ભંડોળ પણ આપ્યું હતું, પરંતુ ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે તેનું ઉદઘાટન કરવામાં વધુ સમય લીધો હતો.

શર્માએ રેલ પ્રોજેક્ટ વિશે પણ વાત કરી અને જણાવ્યું કે તે વડા પ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન પૂર્ણ થયો હતો, અને વડા પ્રધાન મોદીના કાર્યકાળમાં ફક્ત ઉદ્‌ઘાટન બાકી હતું.

ઝેડ-મોડ ટનલ એ જમ્મુ અને કાશ્મીરમાં એક મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. યુનાઇટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ સરકાર હેઠળ તેની શરૂઆત કરવામાં આવી હતી. ચોથી ઓક્ટોબર, ૨૦૧૨ ના રોજ તત્કાલીન માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન સી.પી. જોશી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રાહુલ ગાંધી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

# પાકિસ્તાનના પંજાબમાં ૨૮ લાખ તોલા સોનું ધરાવતી ખાણ મળી આવી

લાહોરઃ પાકિસ્તાનની પંજાબ સરકારે મંગળવારે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના પંજાબ પ્રાન્તમાં અંદાજે રૂ. ૭૦૦ અબજ (પાકિસ્તાની રૂપિયા)નું મૂલ્યની ૨૮ લાખ તોલા સોનું ધરાવતી ખાણ મળી આવી છે. પંજાબના અટ્ટોક જિલ્લામાં આ ખાણ મળી આવી હોવાનું ખાણ અને ખનીજ ખાતાના પ્રધાન સરદાર શેર અલી ગોરચાનીએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. જીઓલોજિકલ સર્વે ઑફ પાકિસ્તાને ગયા વરસે અટ્ટોકમાં સોનાની ખાણ શોધવાનું આરંભ્યું હતું અને ત્યાં તેમને મોટા પ્રમાણમાં સોનું મળી આવ્યું હતું. જીઓલોજિકલ સર્વે ઑફ પાકિસ્તાને આ માટે અટ્ટોકમાં ૧૨૭ જગ્યાએથી નમૂના એકત્ર કર્યા હતા. આ સોનાના જથ્થાનું આંતરરાષ્ટ્રીય બજારમાં કુલ મૂલ્ય અંદાજે રૂ. ૬૦૦ થી રૂ. ૭૦૦ અબજ (પાકિસ્તાની રૂપિયામાં) જેટલું હોવાનું અનુમાન છે. સોનાની ખાણના લીલામ માટે સરકારે તાત્કાલિક નિયમો ઘડી કાઢ્યા છે અને એક જ મહિનામાં એ માટેની પ્રક્રિયા આરંભવામાં આવશે.

# આચાર સંહિતાના ઉલ્લંઘન મામલે દિલ્હી સીએમ સામે એફઆઈઆર

નવી દિલ્હીઃ ટૂંક સમયમાં દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. દરેક પક્ષો ચૂંટણીની તૈયારીમાં પડ્યા છે. ચૂંટણી માટેની આચાર સંહિતા અમલમાં આવી ગઇ છે. એવામાં જાણવા મળ્યું છે કે દિલ્હીના નોર્થ એવેન્યુ પોલીસ સ્ટેશનમાં મુખ્ય પ્રધાન આતિશી માર્લેના સામે નકલી ફોટા લગાવીને પ્રચાર કરવા મામલે ફરિયાદ નોંધવામાં આવી છે. આ મામલા અંગે પોલીસે હાલમાં તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે. દરમિયાન તેમની સામે એક એફઆઇઆર પણ નોંધાવવામાં આવી છે. એક રિટર્નિંગ ઑફિસરે ગોવિંદ પુરીમાં ચૂંટણીમાં સરકારી વાહનનો ઉપયોગ કરી આચાર સંહિતાના ઉલ્લંઘન કરવાના મામલે તેમની સામે એફઆઇઆર નોંધાવી છે. એફઆઇઆરમાં જણાવવામાં આવ્યું છે કે સાતમી જાન્યુઆરીએ દિલ્હીની ચૂંટણીની જાહેરાત થયા બાદ આપના ચૂંટણી કાર્યાલયમાં ચૂંટણીની પ્રચાર સામગ્રી પહોંચાડવા માટે જાહેર બાંધકામ વિભાગના સરકારી વાહનનો કથિત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો

સીએમ આતિશી સામે એફઆઇઆર દાખલ થયા બાદ અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને તેમની નારાજી જાહેર કરી હતી. તેમણે લખ્યું હતું કે તેમના (ભાજપના) નેતાઓ લોકોને ઉઘાડે છોગે પૈસા આપી રહ્યા છે, લોકોમાં સાડી, ધાબળા, સોનાની ચેન વગેરેનું વિતરણ કરી રહ્યા છે, નકલી વોટિંગ કાર્ડ બનાવી રહ્યા છે, પરંતુ તેમની સામે એફઆઇઆર નથી થતી અને મુખ્ય પ્રધાન આતિશી સામે તુરંત જ એફઆઇઆર દાખલ થઈ જાય છે. આમ આદમી પાર્ટી સડી ગયેલી સિસ્ટમ સામે જ લડી રહી છે. અમે જનતાની સાથે મળીને આ સડી ગયેલી સિસ્ટમને સાફ કરવા માગીએ છીએ અને તેને બદલવા માગીએ છીએ. ભાજપ અને કોંગ્રેસ બંને આ સડી ગયેલી સિસ્ટમનો જ હિસ્સો છે.

આ પહેલા મુખ્ય પ્રધાન આતિશી સોમવારે ચૂંટણી માટે તેમનું ઉમેદવારી પત્ર ભરવા ગયાં હતાં, પરંતુ તેઓ મોડાં પહોંચ્યાં હતાં તેથી તેમણે ધોયેલા મોઢે પાછા કરવું પડ્યું હતું. હવે તેઓ આજે તેમનું ઉમેદવારી પત્ર દાખલ કરશે. તે સમયે તેમણે કાલકાજીના મંદિરમાં પૂજા પણ કરી હતી અને ત્યારબાદ ગુરુદ્વારામાં પણ માથું ટેકવ્યું હતું

ત્યાર બાદ આતિશીએ મેગા રોડ શો પણ કર્યો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો તે સમયે આતિશીએ જણાવ્યું હતું કે તેમણે કાલકા માતાને પ્રાર્થના કરી છે અને માતાના આશીર્વાદ દિલ્હીના લોકો પર રહેશે. તેમણે છેલ્લાં પાંચ વર્ષમાં જે કામો કર્યા છે, તેને કારણે માતાના આશીર્વાદ અને કૃપા તેમના પર રહેશે, એની તેમને ખાતરી છે.

આ સમયે મનીષ સિસોદિયાએ જણાવ્યું હતું કે આ માત્ર એક જ ચૂંટણી નથી, પરંતુ દિલ્હીના લોકોના સ્વાસ્થ્ય, શિક્ષણ અને ભવિષ્ય માટેની એક લડાઈ છે. આતિશીને વિધાનસભાની ચૂંટણી લડવા માટે ૪૦ લાખ રૂપિયાની જરૂર હતી, જેને માટે દિલ્હી અને દેશના લગભગ ૩૦૦ થી ૪૦૦ લોકોએ દાન આપ્યું છે.

# ઉત્તરાયણના પર્વની ઉજવણી દરમિયાન છનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઉત્તરાયણના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ હતી. જોકે રાજ્યમાં સર્જાયેલી વિવિધ ઘટનાઓમાં પાંચ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પતંગની દોરી વાગવાથી પાંચ લોકોના ગળા કપાયા હતા.

જ્યારે અનેક લોકો ગળા અને માથાના ભાગે ધારદાર દોરીનો લસરકો પડતા ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી. મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ અલગ અલગ શહેરોમાંથી ઈમરજન્સી ફરિયાદો મળતા ૧૦૮ એમ્બ્યુલન્સ દોડતી રહી હતી. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં રાજ્યમાં ૧૦૮ને ૨૨૯૯ ઈમરજન્સી કોલ મળ્યા હતા.

મળતી વિગતો અનુસાર રાજકોટમાં પતંગની દોરીના કારણે એક બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજો બનાવ સુરેન્દ્રનગરના પાટડીના ઓડુ ગામના ઈશ્વરભાઈ ઠાકોરનું પણ પતંગની દોરીના કારણે મોત નિપજ્યું હતું.

ત્રીજો બનાવ હાલોલના રાહતલાવ ગામના ૫ વર્ષીય કુણાલનું પતંગની દોરીથી ગળું કપાવાને કારણે મૃત્યુ થયું હતું. પરેશભાઈ તેમના પુત્ર કુણાલને ટુ વ્હીલર પર બેસાડીને પનોરમા ચોકડી પાસે ફુગ્ગા ખરીદવા જઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમની આગળ પતંગની દોરી આવી ગઈ, જે આગળ બેઠેલા કુણાલના ગળામાં ભરાઈ ગઈ હતી. દોરી ઘસાવાથી બાળકનું ગળું ગંભીર રીતે કપાઈ ગયું હતું. ઈજાગ્રસ્ત કુણાલને તાત્કાલિક હાલોલની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ડોક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ બાળકનું મોત નીપજ્યું હતું. ચોથો બનાવ કડીના કસ્બા વિસ્તારમાં આવેલા વીજતાર પર પડેલી પતંગની દોરીને દૂર કરવા જતાં મહિલાને કરંટ લાગ્યો હતો. આ દરમિયાન મહિલાને બચાવવા ગયેલા ભાઇને કરંટ લાગતા કરુણ મોત નીપજ્યું હતું.

તે જ પ્રકારે મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના વડબાર ગામમાં પણ ઉત્તરાયણની ઉજવણી વચ્ચે એક દુખદ ઘટના બની હતી. ગામના ૩૫ વર્ષીય માનસાજી રંગુજી ઠાકોરનું ઘાતક દોરી વાગવાથી કરુણ મોત થયું હતું. જ્યારે વડોદરાના છાણીમાં ૩૫ વર્ષીય મહિલા મધુરી કૌશિકભાઈ પટેલ દોરીથી ગળું કપાતા મોતને ભેટી હતી. વડોદરા શહેરમાં ઉત્તરાયણ પર્વને લઈને ગળા કપાવવાની ૬ ઘટનાઓ બની હતી.

# ગૃહ પ્રધાન અમિત શાહે અમદાવાદના મેમનગર ખાતે કરી ઉત્તરાયણની ઉજવણી

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહ દર વર્ષની માફક આ વર્ષે પણ ઉત્તરાયણની ઉજવણી કરવા માટે અમદાવાદ પહોંચ્યા હતા. ગઇકાલ સવારે અમિત શાહ મેમનગરમાં આવેલી શાંતિનિકેતન સોસાયટી ખાતે પહોંચ્યા હતા. તેમની સાથે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ મકરસંક્રાંતિની ઉજવણી કરવા પહોંચ્યા હતા. અમિત શાહે એક છત પરથી પતંગ ચગાવી હતી. અમિત શાહના આગમન સમયે સોસાયટીના સભ્યોએ સ્વાગત કર્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાનના સ્વાગત માટે સોસાયટીને શણગારવામાં આવી હતી અને સોસાયટીમાં રંગબેરંગી પતંગો અને રંગોળી બનાવવામાં આવી હતી. અમિત શાહની સાથે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક અન્ય દિગ્ગજ નેતાઓ પણ હાજર રહ્યા હતા. અમિત શાહે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રાજ્યની સૌથી મોટી પોલીસ લાઈનનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પોલીસ લાઈનમાં ૧૩ માળનાં કુલ ૧૮ ટાવરનું નિર્માણ કરવામાં આવશે. અમિત શાહ આગામી ૧૬મી સુધી ગુજરાતમાં રોકાવાનાં છે અને અન્ય પ્રોજેક્ટનું ખાતમુર્હૂત અને લોકાર્પણ કરવાના છે. આ પ્રસંગે અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન, ડેપ્યૂટી મેયર જતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી, ગુજરાત પ્રદેશ સહકારિતા સેલના અધ્યક્ષ બિપીન પટેલ, સ્થાનિક કાઉન્સિલરઓ તથા અમદાવાદ મનપાના હોદ્દેદારો આ પ્રસંગે હાજર રહ્યા હતાં.

# દીવ-દમણના સાંસદે દમણગંગા-કોલક નદીના પાણીના સેમ્પલ લીધાઃ કેમિકલ કંપનીઓ પર તવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે વાપીની કેમિકલ કંપનીઓ દ્વારા દમણગંગા અને કોલક નદીમાં છોડવામાં આવતા પ્રદૂષિત પાણી સામે કડક કાર્યવાહીની તૈયારી શરૂ કરી છે. તેમણે ટેકનિકલ ટીમ સાથે નદીઓનું નિરીક્ષણ કરી પાણીના નમૂના એકત્રિત કર્યા હતા જે ખાનગી અને સરકારી લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. સાંસદે આરોપ લગાવ્યો હતો કે વાપીની અનેક કંપનીઓ અને સેપ્ટ પ્લાન્ટ કેમિકલયુક્ત પાણીની યોગ્ય ટ્રીટમેન્ટ કર્યા વિના સીધું નદીઓમાં છોડી રહ્યા છે. આ પ્રદૂષિત પાણીની ગંભીર અસર દમણના દરિયાકિનારે જોવા મળી રહી છે. માછીમારોએ ફરિયાદ કરી હતી કે પ્રદૂષણને કારણે માછલીઓ, જળચર પ્રાણીઓ અને પક્ષીઓનું મૃત્યુ થઈ રહ્યું છે. વધુમાં, માછીમારો પોતે પણ ચામડીના રોગો, કેન્સર અને ટીબી જેવી ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. સાંસદે દમણ વહીવટી તંત્ર પર પણ આકરા પ્રહારો કર્યા હતા.જેમણે આ સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કર્યા છે. તેમણે જીપીસીબી અને દમણ તંત્રના અધિકારીઓને પણ આ સમસ્યા માટે જવાબદાર ગણાવ્યા હતા.પાણીના નમૂનાઓનો રિપોર્ટ આવ્યા બાદ સાંસદ લોકસભામાં અને સંબંધિત વિભાગોમાં આ મુદ્દો ઉઠાવશે અને કડક કાર્યવાહીની માગ કરશે. થોડા દિવસો પહેલા સંસદ ભવનમાં પણ તેમણે આ મુદ્દો ઉઠાવ્યો હતો, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નથી.

# અમદાવાદમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા આઠ હજાર લોકોનું લાઈસન્સ રદ કરવા આરટીઓને અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની ટ્રાફિક પોલીસે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ પર તેમની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી છે, લાઇસન્સ સસ્પેન્શન અથવા રદ કરવા માટે લગભગ ૮,૦૦૦ અરજીઓ પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ) અમદાવાદને મોકલી છે. આરટીઓએ ૨૦૨૪માં ૨,૨૨૦ ડ્રાઇવિંગ લાઇસન્સ સસ્પેન્ડ કર્યા હતા, જે ૨૦૨૩માં થયેલા ૭૭૭ સસ્પેન્શન કરતાં લગભગ ત્રણ ગણા હતા. આ ૨૦૨૧માં ૫૦૮ અને ૨૦૨૨માં ૫૩૪ સસ્પેન્શન કરતાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. અમદાવાદ સ્થિત રિઝનલ ટ્રાન્સપોર્ટ અધિકારી (આરટીઓ)એ જણાવ્યું હતું કે જે વાહન માલિકનું ત્રણથી વધુ વખત માટે ચલણ કપાયું હોય તેવા વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા મોકલવામાં આવેલી ઘણી અરજીઓ હજુ સુનાવણી માટે પેન્ડિંગ હોવાથી વધુ ડ્રાઇવિંગ લાઇસન્સ ટૂંક સમયમાં સસ્પેન્ડ કરવામાં આવશે. ડ્રાઇવિંગ લાઇસન્સનું સસ્પેન્શન ટ્રાફિકના ઉલ્લંઘન કરનારાઓ માટે ચોક્કસપણે અવરોધક સાબિત થશે, જેમાંથી કેટલાક દંડ ભરવાની પરવા નથી કરતા અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખી રહ્યા છે.

આ અંગે જોઈન્ટ કમિશનર ઑફ પોલીસ (ટ્રાફિક)એ પણ જણાવ્યું હતું કે સસ્પેન્શન અથવા રદ કરવા માટે આરટીઓને મોકલવામાં આવેલી મોટાભાગની અરજીઓમાં ફરજિયાત હેલ્મેટના નિયમના વારંવાર ઉલ્લંઘનનો સમાવેશ થાય છે. હેલ્મેટના નિયમના વારંવાર ભંગના ૫૦ ટકા કેસ, રોંગ સાઇડ ડ્રાઇવિંગ માટે ૨૦ ટકા કેસ અને બાકીના ૩૦ ટકા અન્ય ગુનાઓ બદલ કાર્યવાહી કરવામાં આવી છે.

મોટર વાહન અધિનિયમની કલમ ૧૯ ની પેટાકલમ (૧) હેઠળ, વાહનચાલકોના લાઇસન્સ રદ અથવા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, હવે આ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓએ નવેસરથી ડ્રાઇવિંગ ટેસ્ટ આપવો પડશે.

# બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના ફતેપુરા ગામમાં પતંગ ચગાવવા પર થાય છે દંડ

અમદાવાદ: ઉત્તરાયણ દાન પુણ્ય સાથે ઉલ્લાસનું પણ પર્વ છે. આ દિવસ દરમિયાન આકાશ પતંગોથી ભરાય જતું હોય છે. પરંતુ ઉત્તરાયણના દિવસે ગુજરાતના એક ગામમાં પતંગ ચગાવવામાં આવતી નથી અને જો કોઈ ભૂલથી ચગાવે તો દંડ થાય છે. માન્યામાં ન આવે તેવી આ હકીકત છે અને બનાસકાંઠા જિલ્લાના એક ગામમાં ૧૯૯૯થી આજદિન સુધી આ નિયમનું કડક પાલન થઇ રહ્યું છે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના ફતેપુરા ગામમાં ઉત્તરાયણના દિવસે કોઈ પતંગ ચગાવતું નથી. ગામમાં પતંગ ચગાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આથી અહીં ગામના કે અન્ય ગામના કોઇપણ પતંગ ચગાવવા આવી શકતા નથી. ગામના મોટાભાગના મકાનોની છત પર કઠેડા ન હોવાથી અને હેવી વીજ થાંભલાઓ પણ મકાનની છતને અડકીને જ આવેલા હોય જેના કારણે ગામનાં અનેક બાળકો અને યુવાનો પતંગ ચગાવતા પડી જવાના અને વીજ થાંભલા પરથી પતંગ નીકાળવા જતા મોતને ભેટયાના બનાવ ગામમાં બની ચૂક્યા હતા. આ ગંભીર પરિસ્થિતિના નિવારણ અને ગામનાં બાળકોના જીવનની સુરક્ષા માટે વડીલોએ વર્ષ ૧૯૯૯માં એક ખાસ કાયદો બનાવ્યો હતો. ગામના વડીલોએ કાયદો બનાવીને નક્કી કર્યું હતું કે ગામના કોઈપણ બાળક કે યુવાન ઉત્તરાયણના દિવસે પણ પતંગ ઉડાડવા જશે નહીં. જો કોઈ વ્યક્તિ પતંગ ચગાવતો પકડાય તો તેણે ૧૧ હજાર દંડ અને પાંચ બોરી ધર્માદું ફટકારવામાં આવશે.

# બેટ દ્વારકામાં સતત ચોથા દિવસે બુલડોઝર ફર્યુંઃ ૬૦૮૦૦ ચોરસ મીટર સરકારી જમીન ખાલી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બેટ દ્વારકામાં સતત ચોથા દિવસે દબાણ દૂર કરવાની કામગીરી યથાવત રહી હતી. તંત્રએ બેટ દ્વારકાના રહેણાક વિસ્તારમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા કાચા-પાકા મકાનો પર બુલડોઝર ફેરવી તોડી પાડ્યાં હતાં. દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન પોલીસ કાફલો પણ તંત્રની સાથે છે. ડેપ્યુટી કલેક્ટર તેમજ જિલ્લા પોલીસવડાની હાજરીમાં એક એસપી, ત્રણ ડીવાય એસપીના માર્ગદર્શનમાં ૧૦૦૦ જેટલા પોલીસ અને એસઆરપીના જવાનો ચુસ્ત બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આટલું જ નહીં, અહીં કોઈ તોફાની તત્ત્વો માથું ન ઊંચકે અને કાયદાનો અહેસાસ થાય તે માટે પોલીસની ટીમ દ્વારા સમગ્ર વિસ્તારમાં વાહનોના કાફલા સાથે ફૂટ પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. બેટ દ્વારકામાં ગેરકાયદેસર ધાર્મિક માળખાને તોડતા પહેલાં ત્રણ વખત નોટિસ પણ આપવામાં આવી હતી.

ત્રણ દિવસમાં બાલાપરમાં ૨૬૦ જેટલાં મકાન તોડવામાં આવ્યાં છે. આ સાથે જ ગેરકાયદેસર ઊભા કરવામાં આવેલાં બાંધકામ દૂર કરી ૬૦૮૦૦ ચોરસ મીટર સરકારી જમીન ખાલી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ત્રણ દિવસની અંદર આશરે ૩૦ કરોડથી વધુની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. ઓખા વિસ્તારમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ઊભા કરવામાં આવેલાં બેક ધાર્મિક માળખાને પણ તોડી પાડવામાં આવ્યા છે. ઓખા વિસ્તારમાં સરકારી જગ્યા પર બનાવવામાં આવેલી હજર પંજપીર દરગાહ તોડી પાડવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ઓક્ટોબર ૨૦૨૨ માસમાં બેટ દ્વારકા વિસ્તારમાં તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન ડિમોલિશનમાં કોમર્શિયલ તેમજ અન્ય મળી કુલ ૨૬૨ દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. જેમાં રૂ. ૭.૫૯ કરોડની કિંમતની આશરે સાડા ત્રણ લાખ ફૂટ જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

# પાટણના શંખેશ્વરમાં ભીષણ અકસ્માતઃ ચાર પૈકી બે યુવકોનાં ઘટનાસ્થળે જ મોત, બે ઘાયલ

અમદાવાદ: પાટણ જિલ્લાના શંખેશ્વરમાં ગમખ્વાર અકસ્માત સર્જાતા કારમાં સવાર ચાર મિત્રો પૈકી બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. શંખેશ્વર બસ સ્ટેશન સામે સોમવારે મોડી રાત્રે આ હૃદયદ્રાવક દુર્ઘટના બની હતી. શંખેશ્વરના જહાજ મંદિર પાસે પુરઝડપે આવતી સ્કોર્પિઓ કાર રોંગ સાઈડ પર પડેલી ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાઇ અને કાર ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાતા હવામાં ફંગોળાઈ હતી અને ફંગોળાઈને તે ટેમ્પો ટ્રાવેલ્સના બોનેટ પર ચડી ગઈ હતી. મંદિરે આવેલા લોકોમાં આ ઘટનાને લીધે નાસભાગ મચી ગઈ હતી. મૃતકોમાં શંખેશ્વર તાલુકા સરપંચના પુત્ર દીક્ષિત ગઢવી અને તેના મિત્ર બ્રિજેશ ડાભીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માતમાં અન્ય બે યુવકોને ઈજાઓ પહોંચી હતી, જેમાંથી એકને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યારે અન્ય એક યુવકને સામાન્ય ઈજાઓ થઈ હતી.

અકસ્માત અંગે મળતી વિગત મુજબ, ચારેય મિત્રો મોડી રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. સરપંચના પુત્રના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણામાં ઝઘડામાં ઉગ્ર બની પત્નીની હત્યા બાદ પતિનો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. નવાવાસ રાજપુર ગામના ખેતરમાં રહેતા દંપતીમાંથી પત્નીની હત્યા કરી દીધા બાદ પતિએ આપઘાત કરી લીધો હતો. પતિપત્ની વચ્ચે થયેલા ઝઘડામાં પતિએ પત્નીની હત્યા કરીને પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના નવાવાસ રાજપુર ગામની સીમમાં ભેંસો દોહવા બાબતે પતિપત્ની વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડો એટલો ઉગ્ર બની ગયો કે પતિએ પત્નીની હત્યા કરી નાખી હતી અને અંતે પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. ઝઘડામાં ઉગ્ર બનેલા પતિએ પત્નીને કુહાડીના ત્રણ ઘા ઝીંકી દીધા હતા.

પત્નીની હત્યા કર્યા બાદ પતિએ લીમડાના વૃક્ષ પર ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ સતલાસણા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો લઈ પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડયા હતા. આપઘાત પાછળનું કારણ જાણવા માટે એફએસએલની ટીમે ઘટના સ્થળની મુલાકાત લઈને વધુ તપાસ હાથ ધરી છે.

# ઉત્તરાયણના દિવસે ૧૦૮ને ૩૭૦૭ જેટલા ઈમરજન્સી કોલ મળ્યાઃ અમદાવાદમાં સૌથી વધુ ૭૩૨ કોલ નોંધાયા

અમદાવાદ: ગુજરાતમાં મકરસંક્રાંતિના પર્વ પર ૧૦૮ એમ્બ્યુલન્સ સતત દોડતી રહી હતી. સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૦૮ને ૩૭૦૭ જેટલા ઈમરજન્સી કોલ મળ્યા હતા. જે ગત વર્ષે આજ સમયગાળાની સરખામણીમાં ૩૪૫ વધુ છે. જો જિલ્લા પ્રમાણે ઈમરજન્સી કોલની વિગતો જોઈએ તો, અમદાવાદમાં સૌથી વધુ ૭૩૨ કોલ નોંધાયા હતા. આ સિવાય સુરતમાં ૩૨૦, રાજકોટમાં ૨૩૫, વડોદરામાં ૨૩૪, ભાવનગરમાં ૧૫૭, પંચમહાલમાં ૧૩૪, દાહોદમાં ૧૩૦, ગાંધીનગરમાં ૧૧૮, વલસાડમાં ૧૧૩ અને જામનગર જિલ્લામાંથી ૧૦૮ની ટીમે ૧૦૪ ઈમરજન્સી કોલ રિસીવ કર્યાં હતા.

તે ઉપરાંત અકસ્માતના ૫૮૫ અને ફોર વ્હિલર અકસ્માતના ૧૭૨ કોલ એટેન્ડ કરવામાં આવ્યા હતા. જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ અનુક્રમે ૮૭ અને ૩૪ કોલ નોંધાયા હતા. આ સિવાય આખા દિવસ દરમિયાન ધાબા પરથી પડવા સબંધિત ૨૮૪ કોલ રિસીવ કરવામાં આવ્યા હતા. જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ ૭૬ કોલ નોંધાયા હતા. જ્યારે મારામારી સબંધિત કુલ ૨૪૨ કોલ રિસીવ કરવામાં આવ્યા હતા, જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ ૫૭ નોંધાયા હતા. આ સિવાય ૧૦૮ ઈમરજન્સીએ શ્વાસ સબંધિત કુલ ૧૮૩ કોલ એટેન્ડ કર્યા હતા, જેમાં સૌથી વધુ ૫૦ કોલ માત્ર અમદાવાદમાંથી જ આવ્યા હતા.

# અમરેલી લેટરકાંડમાં પોલીસ કાર્યવાહીનો વિજય રૂપાણી અને દિલીપ સંઘાણીએ કર્યો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી પાયલ ગોટીને ન્યાય અપાવવા માટે કોંગ્રેસનાં નેતાઓ મેદાને આવ્યા છે. અમરેલી બાદ સુરતમાં કોંગ્રેસ નેતાઓ દ્વારા 'નારી સ્વાભિમાન આંદોલન' યોજી ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા. અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી સામે થયેલી પોલીસ કાર્યવાહીને લઈ હવે પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને સહકારી નેતા દિલીપ સંઘાણીએ નિવેદન આપ્યું હતું.

અમરેલી પત્રકાંડને મામલે પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કહ્યું હતું કે, પાયલ સાથે જે થયું તેની તપાસ થવી જોઈએ. જે તે પોલીસકર્મી સામે પગલાં પણ લેવાવા જોઈએ. તેમણે કહ્યું કે, પાયલને ભાજપની સરકાર ચોક્કસ ન્યાય આપશે. વિજય રૂપાણીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ અમરેલી મુદ્દે હવાતિયા મારી રહી છે. ગુજરાતમાં કોંગ્રેસ ખલાસ થઈ ગઈ છે. નવા સંગઠન મુદ્દે વિજય રૂપાણીએ માહિતી આપી હતી કે, ભાજપ પાર્ટી લોકતાંત્રિક ઢબે ચાલે છે. સમય-સમયે આંતરિક ચૂંટણીઓ કરે છે. સંગઠન મુદ્દે પાર્ટી એકમતે નિર્ણય કરશે.

બીજી તરફ સહકારી નેતા અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ પોલીસ કાર્યવાહી સામે સવાલ ઉઠાવ્યા હતા, સંઘાણીએ સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ આ મુદ્દાને રાજકીય દૃષ્ટિકોણથી નથી જોતા. તેમણે જણાવ્યું હતું કે પાયલનું સરઘસ કાઢવું, આક્ષેપ મુજબ માર મારવો અને લાંબી સજાવાળી કલમો લગાવવી એ વધુ પડતું છે. સરકારે નિર્લિપ્ત રાયને સોંપેલી તપાસ પર વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે, મૂળ કેસમાં લાગેલી કલમોની પણ ચકાસણી થવી જોઈએ.

પાયલ ગોટીની જેલ મુલાકાત અંગે સંઘાણીએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ ભાજપના પાયાના કાર્યકર્તા છે અને પક્ષ વતી તેમને ગણી શકાય. વકીલ અને પૂર્વ કાયદાપ્રધાન તરીકે તેમણે જેલના નિયમોનું પાલન કરીને મુલાકાત લીધી હતી. લેટર અંગે તેમણે કહ્યું કે તપાસમાં સત્ય બહાર આવશે અને પત્રની જાહેરમાં ચકાસણી થવી જોઈએ. પોલીસની ઓવરએક્શનથી સરકારને બદનામી મળે છે અને સરકારે આવા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે વિપક્ષને પણ સલાહ આપી કે આ મુદ્દે આરતી ન ઉતારતા સત્ય હકીકત બહાર લાવવા પર ધ્યાન આપવું જોઈએ.

# સોમનાથ-કોડિનાર રેલવે પ્રોજેક્ટ સામે 30 ગામનાં ખેડૂતોનો વિરોધઃ ૧૭૦૦ વીઘા જમીન ગુમાવવાનો ભય

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, સુત્રાપાડા અને કોડિનારના ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થનારી કોમર્શિયલ રેલવે લાઈન મામલે ખેડૂતોમાં જબરદસ્ત રોષ વ્યાપ્યો છે. આ રેલવે લાઈન દરિયા કાંઠા વિસ્તારમાંથી પસાર થવાની સંભાવનાના પગલે દરિયા પટ્ટી વિસ્તારના ૩૦થી વધુ ગામોના ખેડૂતો સુત્રાપાડાના ઝાલા વડોદરા ગામે મહાબળ બાપાના મંદિરના પટાંગણમાં મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને સૂચિત વેરાવળ-કોડિનાર-છારા રેલવે પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો.

ખેડૂત એકતા મંચના ગિર સોમનાથ જિલ્લાના પ્રમુખ રમેશભાઈ બારડ અને સાગરભાઈ રબારીના નેતૃત્વમાં એકઠા થયેલા સેંકડો ખેડૂતોએ રેલવે વિભાગ અને સરકાર સામે લડવા માટે રણનીતિ ઘડી હતી. આ બેઠકમાં ખેડૂત આગેવાનો અને અન્ય નેતાઓ દ્વારા આગામી દિવસોમાં આંદોલનની ચીમકી આપવામાં આવી હતી, જાન દઈશું પણ જમીન ન આપવા ખેડૂતો એ હાકલ કરી હતી અને લડી લેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. સૂચિત વેરાવળ-કોડીનાર-છારા રેલવે પ્રોજેક્ટના કારણે ૩૦ ગામડાઓના ખેડૂતોની આશરે ૧૬૦૦ થી ૧૭૦૦ વીઘા જમીન જતી રહે છે. જેમા મોટાભાગના નાના ખેડૂતોની જમીન સંપૂર્ણ જતી રહેવાના કારણે ખાતેદાર પણ ન રહે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આ જ કારણે લીલી નાઘેર બચાવ સંઘર્ષ સમિતિ અને ખેડૂત એકતા મંચના બેનર હેઠળ ખેડૂતોએ આ પ્રોજેક્ટના વિરોધમાં કલેક્ટર કચેરીએ પહોંચી કલેક્ટર તેમજ એસ.પીને આવેદન આપ્યું હતું અને પ્રોજેક્ટ માટે જાહેરનામું બહાર ન પાડવા માગણી કરી હતી.

# અમદાવાદની નરોડા જીઆઈડીસીમાંથી દારૂનો જથ્થો પકડાવવા મામલે પીઆઈ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના નરોડા જીઆઈડીસીમાં નમકીનના ધંધાની આડમાં બે બુટલેગરો દ્વારા વેંચાણના કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ કેસમાં જિલ્લા કમિશનર દ્વારા આ આકરી કાર્યવાહી કરતા ફરજમાં બેદરકારી દાખવવા બદલ નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. વી. પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતા. અમદાવાદના નરોડા જીઆઈડીસીમાં નમકીનના ધંધાની આડમાં બે બુટલેગરો દ્વારા એક ગોડાઉન ભાડે રાખીને દારૂનું વેચાણ કરતા હતા. માહિતીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પડ્યો હતો. દરોડા દરમિયાન એસએમસીએ ગોડાઉનમાંથી દારૂની ૨૩૨૬ બોટલ સાથે ટેમ્પોચાલકને ઝડપી લીધો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓ નરોડા જીઆઈડીસીમાં સીમ્ફોની એસ્ટેટ શેડ નંબર-૮માં નમકીનની આડમાં દારૂનું વેચાણ કરવામાં આવતું હોવાની બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસ તપાસમાં ૧૪.૬૫ લાખની કિંમતની ૨,૩૨૬ દારૂની બોટલો ઝડપી પાડી હતી.આ સાથે જ રોકડ રકમ, મોબાઇલ અને બે વાહનો મળી કુલ ૧૯.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# અમિત શાહના હસ્તે ગુજરાતની સૌથી મોટી પોલીસ લાઈનનું ખાતમુહૂર્ત કરાયુંઃ અમદાવાદમાં ૯૨૦ પોલીસ પરિવાર માટે ૧૩ માળના ૧૮ બ્લોકમાં બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે મકરસંક્રાંતિના દિવસે રાજ્યમાં શહેર પોલીસ તંત્રની અતિ આધુનિક સુવિધાથી સજ્જ સૌથી મોટી પોલીસ લાઈન તથા ઘાટલોડિયા પોલીસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કરીને મોટી ભેટ આપી હતી. આ ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા ઘાટલોડિયા પોલીસ સ્ટેશન બિલ્ડિંગ અને ૯૨૦ પોલીસ પરિવાર માટેના ૧૩ માળના ૧૮ બ્લોક્સનું નિર્માણ કરવામાં આવશે. રાજ્યમાં શહેર પોલીસ તંત્રની સૌથી મોટી પોલીસ લાઈનની વિશેષતા છે કે ઈનબિલ્ડ પોલીસ સ્ટેશન, જે ૧૮ બ્લોકમાંથી એક બ્લોકના ૨ માળને પોલીસ સ્ટેશનમાં રૂપાંતરિત કરવામાં આવશે. રાજ્યમાં શહેર પોલીસ તંત્રની અતિ આધુનિક સુવિધાથી સજ્જ સૌથી મોટી પોલીસ લાઈનનું નિર્માણ અમદાવાદમાં થશે. ગુજરાત રાજ્યની સેવા, સુરક્ષા અને શાંતિ માટે સદાય તત્પર રહેતા કર્મનિષ્ઠ પોલીસકર્મીઓના પરિવારોને માટે ૨-બીએચકે (૫૫ ચો.મી.) આવાસ ઉપલબ્ધ થશે. ૧૩ માળના ૧૮ ટાવરમાં પ્રાથમિક સુવિધાઓ જેમકે, રસોડું, એક અટેચ અને એક કોમન ટોઇલેટ તથા અન્ય સુવિધાઓ સાથે ફર્નિશ્ડ આવાસ આપવામાં આવશે. આ અદ્યતન પોલીસ લાઈનમાં પોલીસકર્મીઓના પરિવારને ૯૩૦ કાર માટેનું બેઝમેંટ પાર્કિંગ, બે લિફ્ટ, ઓપન ગાર્ડન, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સોલાર રૂફટોપ, ઇલેક્ટ્રિસિટી બેકઅપ સહિતની ઉત્તમ અને આધુનિક સુવિધાઓ આપવામાં આવશે.

જીવન-જરૂરી સામાન ઘરઆંગણે જ મળી રહે તે માટે ટાવરમાં ૧૦ દુકાનોની સુવિધા પણ ઊભી કરવામાં આવશે. જ્યાં રોજબરોજની ચીજવસ્તુઓ જેમકે, શાકભાજી, દૂધ તથા તેની બનાવટની અન્ય સામગ્રીઓ, હેર-સલૂન, એ.ટી.એમ., અનાજ દળવાની ઘંટી તથા પોલીસ પરિવારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં અહીં સીપીસી કેન્ટિન પણ તૈયાર કરવાનું આયોજન છે.

# સંસ્થા સમાચાર

## ગોંડલમાં રવિવારે ધીરગુરુદેવનું પૂ. તરૂબાઈ મ.સ.ની ૫૦મી દીક્ષા જયંતીએ આગમન



પૂ. શ્રી ધીરગુરુદેવ તા. ૧૯ ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે ગોંડલમાં પુંજાણી પૌષધશાળા, સ્ટેશન પ્લોટમાં બિરાજિત સાધનાદેવી પૂ. લલિતાબાઈ મ.સ.ના સુશિષ્યા પૂ. તરૂબાઈ મહાસતીજીની ૫૦મી દીક્ષા જયંતી ઉપલક્ષે સંયમ સુવાસ સમારોહમાં પધારશે. બેનાણી વાડીમાં બપોરે ૧૨-૦૦ કલાકે નીલેશ ઈશ્વરલાલ ઢેઢી પ્રેરિત સંઘજમણ રાખેલ છે. રાજકોટમાં ૧૫ ફેબ્રુઆરીના પૂ. શ્રી ધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતી અનુમોદના સમારોહ અને તા. ૧૬ ફેબ્રુઆરીના ૧૫ કરોડના ખર્ચે નિર્માણિત શશીકાંત જી. બદાણી જૈન બોર્ડિંગ અને ડૉ. સી. જે. દેસાઈ મહાવીર ભવન સંકુલની ઉદ્‌ઘાટનવિધિ યોજાશે.

## ચાતુર્માસ ૨૦૨૫ની તૈયારીને લઈને હર્ષોલ્લાસ

આધ્યાત્મનિષ્ઠ પરમપૂજ્ય ગચ્છનાયક આ.ભ. શ્રી વિ. કલ્પતરુસૂરિશ્વરજી મ.સા.ના શુભ આશિષ સાથે પ્રશાંતમૂર્તિ પરમપૂજ્ય આ.ભ. શ્રી વિ. તીર્થભદ્રરુસૂરિશ્વરજી મ.સા.ને થાણા (પ.) આવેલા મામા-ભાણેજ કલાપૂર્ણસૂરી આરાધન ભવનના શ્રી વાગડ વિસા ઓસવાળ શ્વેતાંબર મૂર્તિ, તપાગચ્છ જૈન સંઘના કારોબારી સભ્યોએ આગામી ચાતુર્માસ ૨૦૨૫ની વિનંતી કરતા પૂજ્ય આચાર્ય ભગવંતે ઓજસ્વી પ્રવચનકાર શિષ્યરત્ન મુનિરાજ શ્રી તીર્થસુંદર વિ.મ.સા. શ્રી તીર્થનમન વિ.મ.સા. આદિ થાણા-૪ની અનુમતિ મળતા થાણા શહેરના અને શ્રી સંઘના વાગડ વિસા ઓસવાળ સમુદાયમાં ખુશીની લહેર આવી. સાથે યાદગાર આગામી ચાતુર્માસ ૨૦૨૫ની તૈયારીમાં લાગી ગયા.

## જૈન ધર્મોનાં પુસ્તકો પ્રદર્શનમાં લેવા-આપવા માટેનું આમંત્રણ

શ્રી પ્રેમ-ભુવન-જયઘોષ સમુદાયના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની આજ્ઞામાં જિનશાસનમાં અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક, સફળતાપૂર્વક પચાસ ચાતુર્માસની યાત્રા કરનારા પ.પૂ. મુનીરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા., પ. પૂ. મુનીરાજ શ્રી ધર્માનંદવિજયજી મ.સા અને પ.પૂ. મુનીરાજજી શ્રી હેમકીર્તિવિજયજી મ.સા. આદિ થાણા-૩ થાણા (પ.) શ્રી રિષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ અને ધ્યાતિ ટ્રસ્ટના શ્રી મુનીસુવ્રત સ્વામી નવપદ જિનાલય, કોંકણ શત્રુંજય, ટેંભીનાકા થાણામાં હાલમાં સ્થિરતા છે. જૈન ધર્મના અભ્યાસુ ભાઈઓ અને બહેનો પોતાના જૈન ધર્મનાં પુસ્તકો આપી જાય અને અભ્યાસ કરવા યોગ્ય પુસ્તકો લઈ જવા. આ માટે પ.પૂ. મુનીરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા (પુસ્તકપ્રેમી- રમકડાંવાળા મ.સા.)ને મળવું. એમનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામ કાસારવડવલી થાણા(પ.) સફળતાપૂર્વક ચાતુર્માસ સંપન્ન થયું છે.

## ૧૮૦ ઉપવાસના તપસ્વીરત્ન પ.પૂ. ગણિવર્ય શ્રી કલાસુંદરવિજયજી મ.સા.ને પન્યાસપ્રવર પદ પ્રદાન

પ.પૂ. નેમિ-દર્શન-જયાનંદ-મહાયજ્ઞસૂરિજીના પટ્ટધર પ્રવચનપ્રભાવક, શિલ્પ-વાસ્તુ, જ્યોતિષવિશેષજ્ઞ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ વિજય સોમસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય ૧૮૦ ઉપવાસના તપસ્વીરત્ન પ.પૂ. ગણિવર્ય શ્રી કલાસુંદરવિજયજી મ.સા.ને મઝગાંવ જૈનસંઘમાં પન્યાસપ્રવર પદ પ્રદાન કરવામાં આવ્યું હતું. પ.પૂ. આ.ભ.શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આદિ થાણા-૨ આગામી ચાતુર્માસાર્થે ગુજરાત તરફ વિહાર થાય છે.

## શ્રી ગોપાલલાલ મહારાજશ્રીની હવેલીએ થશે પાટોત્સવનું આયોજન

પ્રભુ શ્રી ગોપાલલાલ ટ્રસ્ટ સંચાલિત પુષ્ટિ માર્ગીય પંચમ પીઠાધિશ્વર ૧૦૮ પ્રભુ શ્રી ગોપાલલાલ મહારાજશ્રીની હવેલી, જે કાંદિવલી (પ.)ના ઈરાની વાડી ખાતે આવેલી છે. ત્યાં અન્નકૂટ દર્શનનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. સાથે જ ગોવર્ધનપૂજા પણ યોજવામાં આવી હતી. સેંકડો વૈષ્ણવોએ એનો લાભ લીધો હતો. હવે આ હવેલીમાં બીજી ફેબ્રુઆરીએ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં સામેલ થવા ભક્તોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ...તો એપ્રિલ મહિનાથી સામાન્ય વર્ગની કમર વધુ ભાંગશેઃ વીજ કંપનીઓએ રેગ્યુલેટરી કમિશનને આપ્યો ઈલેક્ટ્રિસિટીના નવા દરનો પ્રસ્તાવ

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં વીજ કંપનીઓએ નવા દરની તૈયારી શરૂ કરી દીધી છે. તેના અંતર્ગત ગ્રાહકોને વિતરણ કરતી બે કંપનીઓનો પ્રસ્તાવ મહારાષ્ટ્ર ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ રજૂ કર્યો છે.

આ નવા દર પહેલી એપ્રિલ, ૨૦૨૫થી લાગુ થાય એવું અપક્ષિત છે. આને કારણે ગ્રાહકોએ દરવધારાનો માર સહન કરવા માટે તૈયાર રહેવું પડશે. વીજ ક્ષેત્રે તમામ કંપનીઓના પાંચ વર્ષના દર નિશ્ચિત હતા. તેને મલ્ટી યર ટેરિફ (એમાયટી) કહેવામાં આવે છે. જેવું પાંચમું વર્ષ પૂરું થાય કે કંપનીઓ તેમના વીજનિર્માણ અથવા ઈલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન અથવા વિતરણને ખર્ચ અનુસાર જરૂરી હોય એટલી મહેસૂલની જરૂરિયાત અને એ જરૂરિયાત પૂરી કરવા માટે જરૂરી આવા દરની અરજી પ્રસ્તાવના સ્વરૂપમાં કમિશનને રજૂ કરે છે. કંપનીઓ દ્વારા કરવામાં આવતી અરજી પર કમિશન દ્વારા જનસુનાવણી હાથ ધર્યા બાદ જરૂરી હોય એટલી જ મહેસૂલી જરૂર મુજબ દર નિશ્ચિત કરવામાં આવતા હોય છે.

આ પહેલાં દર નિશ્ચિત પહેલી એપ્રિલ, ૨૦૨૦માં થયો હતો. પાંચ વર્ષનો સમય પૂરો થતાં એપ્રિલ મહિનામાં વીજવિતરણ કરતી કંપનીઓ નવા દરનો પ્રસ્તાવ કમિશનને આપશે. આથી હવે એપ્રિલ મહિનાથી વીજના દરમાં વધારો થવાની શક્યતા છે.

# બોર્ડની પરીક્ષાના ટેન્શનમાં વિદ્યાર્થીએ હોસ્ટેલની છત પરથી પડતું મૂક્યું

નાગપુરઃ બોર્ડની પરીક્ષાના ટેન્શનમાં ૧૨મા ધોરણના વિદ્યાર્થીએ હોસ્ટેલની છત પરથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના નાગપુર જિલ્લામાં બની હતી.

એમઆઈડીસી પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સવારે ૧૧ વાગ્યાની આસપાસ વાનડોંગરી વિસ્તારમાં બની હતી. ૧૨મા ધોરણના વિદ્યાર્થી રયાન મોહમ્મદ રિયાઝ ખાને (૧૬) ચાર માળની હોસ્ટેલની છત પરથી છલાંગ લગાવી હતી.

હોસ્ટેલના સિક્યોરિટી ગાર્ડે વિદ્યાર્થીને જમીન પર પટકાવાનો અવાજ સાંભળ્યો હતો. લોહીલુહાણ હાલતમાં જમીન પર પડેલા વિદ્યાર્થીને નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે રયાન ચંદ્રપુર જિલ્લાનો વતની હતો. તેના પિતા દક્ષિણ આફ્રિકામાં વ્યવસાય ધરાવે છે. વિદ્યાર્થી ૧૨માની બોર્ડની પરીક્ષાને લઈ ઘણો ટેન્શનમાં હતો. પરીક્ષા આપવા તે તૈયાર ન હોવાનું વિદ્યાર્થીએ માતાને પણ કહ્યું હતું. પોલીસે આ પ્રકરણે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

# ટૉરેસ સ્કૅમઃ ઇડીએ કેસ નોંધ્યો, મની લૉન્ડરિંગની તપાસ શરૂ

### યુક્રેનિયન માસ્ટરમાઈન્ડે ૨૦૦ કરોડ વિદેશ મોકલ્યાનો આરોપ

મુંબઈઃ ટૉરેસ પોન્ઝી સ્કીમ કેસમાં કથિત મની લોન્ડરિંગની તપાસ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા એન્ફોર્સમેન્ટ કેસ ઇન્વેસ્ટિગેશન રિપોર્ટ (ઇસીઆઇઆર) દાખલ કર્યો છે.

ઇડીનો કેસ મુંબઈના શિવાજી પાર્ક પોલીસ સ્ટેશન દ્વારા નોંધાયેલા એફઆઇઆર પર આધારિત છે, જેમાં શાકભાજી વિક્રેતા પ્રદીપકુમાર વૈશ્ય (૩૧) ફરિયાદી છે અને તેણે દાવો કર્યો હતો કે ૧.૨૫ લાખ લોકોએ ટૉરેસ કંપનીમાં રોકાણ કર્યું હતું. શરૂઆતમાં એફઆઇઆરમાં ૬૬ રોકાણકારોના ૧૩.૮૫ કરોડ રૂપિયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ કેસ બાદમાં મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

આર્થિક ગુના શાખાના જણાવ્યા અનુસાર રવિવાર સુધીમાં લગભગ ૨,૦૦૦ રોકાણકારો આગળ આવ્યા હતા અને ૩૭ કરોડ રૂપિયાના તેમના રોકાણની વિગતો આપી હતી.

ઇડીના અધિકારીઓ ફેબ્રુઆરી, ૨૦૨૩માં પ્લેટિનમ હર્ન પ્રા.લિ.ની સ્થાપના પછીથી તેના વિદેશી ભંડોળની હેરફેર સહિત તમામ આર્થિક વ્યવહારોની તપાસ કરે એવી શક્યતા છે.

ટૉરેસ ફ્રોડ કેસમાં કથિત વ્હીસલબ્લોઅરે દાવો કર્યો છે કે રોકાણકારોને રોકડમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાદમાં દાદર ખાતે રોકડ એકઠી કરવામાં આવી હતી અને કથિત હવાલા ઓપરેટરો દ્વારા ગેરકાયદે રીતે વિદેશ મોકલવા માટે તે યુએસડીટી (ટેથર/ક્રિપ્ટો કરન્સી)માં કન્વર્ટ કરવામાં આવી હતી.

વ્હીસલબ્લોઅરે દાવો કર્યો છે કે ટૉરેસ ફ્રોડ કેસમાં યુક્રેનિયન માસ્ટરમાઇન્ડ ૨૦૦ કરોડ વિદેશ મોકલ્યા હોવાની શંકા છે. ઇડી આ તમામ દાવાઓની તપાસ કરશે, એમ સૂત્રોએ કહ્યું હતું.

# ફાઈવ સ્ટાર હોટેલમાં નવા વર્ષની પાર્ટીના આયોજનને નામે ૧.૩૮ કરોડની ઠગાઈ

### પાર્ટી પછી પણ બિલ ન ચૂકવનારા ઈવેન્ટ મૅનેજમેન્ટ કંપનીના માલિક વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હોટેલમાં નવા વર્ષની પાર્ટીનું આયોજન કરી ૧.૩૮ કરોડ રૂપિયા ન ચૂકવનારા ઈવેન્ટ મૅનેજમેન્ટ કંપનીના માલિક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. સહાર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર અંધેરી પૂર્વમાં ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હોટેલમાં નવા વર્ષની પૂર્વસંધ્યાએ ૩૧ ડિસેમ્બરની રાતે પાર્ટીનું આયોજન કરાયું હતું. આ આયોજન એક ઈવેન્ટ મૅનેજમેન્ટ કંપની દ્વારા કરાયું હતું. આ માટે ઈવેન્ટ મૅનેજમેન્ટ કંપનીના આરોપી માલિકે ઑક્ટોબર, ૨૦૨૪માં હોટેલના મૅનેજર સાથે મુલાકાત કરી પાર્ટી સંદર્ભે વાતચીત કરી હતી. ૨૦ ડિસેમ્બરે હોટેલ અને આરોપીની કંપની વચ્ચે કરાર થયો હતો, જે અનુસાર પાર્ટી માટે જગ્યા, ડિનર, દારૂ, સિક્યોરિટી અને લાઈસન્સ સંબંધી સુવિધા હોટેલ પૂરી પાડવાની હતી અને તેના બદલામાં કંપનીએ હોટેલને ૧.૭૮ કરોડ રૂપિયા ચૂકવવાના હતા. પાર્ટીમાં ૫૦૦ જણને નિઃશુલ્ક પ્રવેશ આપવાનું નક્કી થયું હતું, જેમાં હોટેલના ૨૫૦ ગેસ્ટનો સમાવેશ થતો હતો. આ પાર્ટી માટે ટિકિટના દર પણ નક્કી કરાયા હતા.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પાર્ટી પહેલાં જ બધી રકમ ચૂકવી દેવાનું ઠરાવાયું હતું, પરંતુ આરોપીની કંપની દ્વારા થોડો સમય માગવામાં આવ્યો હતો. વારંવાર રૂપિયા ચૂકવવાનું ટાળીને આરોપીએ આખરે પાર્ટી બાદ પૂરી રકમ ચૂકવી દેવાની ખાતરી આપી હતી. પાર્ટીને દિવસે હોટેલ બહાર મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હોવાથી કાયદા-વ્યવસ્થાની સ્થિતિ નિર્માણ ન થાય તે માટે હોટેલના મૅનેજરે પાર્ટી બાદ રૂપિયા સ્વીકારવાનું માન્ય રાખ્યું હતું. જોકે પાર્ટી પત્યા પછી પણ આરોપી દ્વારા અમુક જ રકમ હોટેલના બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કરાઈ હતી.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ કરાંચીના જામસલાયા હાલ અંધેરી સ્વ. માયાબેન ગોપાલજી બદિયાણીનાં સુપુત્ર અને સ્વ. ગુણવંતીબેન ગંગારામ કક્કડનાં જમાઇ ભરતભાઇ બદિયાણી (ચંદુભાઇ) (ઉં. વ. ૭૯) શારદાબેનનાં પતિ. સુરેશભાઇ અને સ્વ. જીતુભાઇના મોટાભાઇ. મંજુબેન અને ગં. સ્વ.રક્ષાબેનના જેઠ. વિજયભાઇ, ચેતનભાઇ, ચેતનભાઇ અને નિત્તલબેનનાં પિતા. તા. ૧૩-૧-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા મુક્તિધામ સહાર રોડ, પારસીવાડા, ચકાલા, અંધેરી (પૂ.) તા. ૧૬-૧-૨૫ના ગુરુવારે સાંજે ૪થી ૬.

**પાટણવાડા પંચાલ**

સ્વ. લીલાબેન માણેકલાલ પંચાલ (ઉં. વ.૭૮) ગામ વસઇ ફિંચાલ (હાલ કાંદિવલી) તા. ૧૧-૧-૨૫ શનિવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. માણેકલાલ (બચુભાઇ)ના પત્ની. આશિષભાઇ, સંદીપભાઇ, જાગૃતિબેન, ભાવનાબેન, રક્ષાબેનના માતુશ્રી. શ્રાવ્યા, હર્ષિકા, હિતીકાના દાદી. ગામ અજીમાણાના ત્રિભોવનદાસ લાલચંદ પંચાલના દીકરી. તેમની સાદડી તા. ૧૬-૧-૨૫ના ગુરુવારે ૪થી ૬. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. ઠે. હોલ-૫, ઠક્કર ભાટીયા સેવા ફંડ હોલ, કોર્નર ઓફ શંકરલેન, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

દ્વારકાદાસ રૂપારેલ (ઉં. વ. ૯૨) ગામ બરંદા તે સ્વ. કરસનદાસ જેઠાભાઇ રૂપારેલના પુત્ર. તે સ્વ. હરિરામ નથુભાઇ કોઠારીના દોહિત્ર. સ્વ. અરજણભાઇ દાવડાના જમાઇ. તે સ્વ.લક્ષ્મીબેનના પતિ. રમેશ, સરલાબેન અજયભાઇ શેઠિયા, ગં. સ્વ. ઉષાબેન અશ્વિનભાઇ પરબીયા, સ્વ. હર્ષાબેનના પિતાશ્રી. આશાના સસરા. તા. ૧૨-૧-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૧-૨૫ને બુધવારે રામબાગ, માટુંગામાં સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

ભરત નટવરલાલ પરીખ (ઉં. વ. ૭૭) અમેરિકા નિવાસી તે રવિવાર તા. ૧૨-૧-૨૫ના ન્યુયોર્કમાં શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. તારાબેન નટવરલાલ પરીખના સુપુત્ર તથા શાંતાબેન બાબુલાલ મોદીના જમાઇ. નીતાબેનના પતિ. નિમિષા, શૈશવ, પાયલના પિતા. રાજેશ નિતલ, જયના સસરા. નિકેશ, હર્ષલ, નિયોમી, નાયસા, હિતાંશના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૧-૨૫ના ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, એસ. વી. પી. રોડ, મુંબઇ-૪ સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**ઓદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મલાડ, મુંબઇ નિવાસી જિતેન્દ્ર શાંતિલાલ મહેતા (ઉં. વ. ૭૬) તા. ૧૧ જાન્યુઆરી શનિવારે કૈલાસવાસ થયા છે. તે સ્વ. નયનાબેનના પતિ. હ્રષીકેશ, ભાર્ગવી હિતેશ વ્યાસના પિતા. આત્મી, રાજવી અને પાર્થના દાદા. શિરીષ અને સ્વ. મીનાબહેન શાંતિલાલ મહેતાના મોટાભાઇ. રીશિતા, આશકા, ઋષિલ, પ્રીથાના નાના. સ્વ. પ્રભાબેન અને સ્વ. નાથાલાલ દુર્લભજી જોશીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬ જાન્યુઆરી ગુરુવારે સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થા. જૈન ઉપાશ્રય સ્થળઃ શંકરના મંદિરની સામે, પારેખ લેનના નાકે, એસ. વી. રોડ, કાંદિવલી, (વેસ્ટ), લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

નીંગાળા નિવાસી હાલ ભાયંદર વાપી અ.સૌ. દેવકુંવરબેન ભીખાલાલ ગોવર્ધન મહેતાના પુત્ર અનિલભાઈ (ઉં.વ. ૫૭) ૧૩/૧/૨૫ના કૈલાશવાસી થયેલ છે. તે હર્ષાબેનના પતિ. ગીરીશભાઈ તથા કમલેશભાઈના ભાઈ. વિશાલ તથા જીનલના પિતા. ગં.સ્વ. હરકુંવરબેન વાઘજી આણંદજી ઠાકરના જમાઈ. પ્રાર્થનાસભા ૧૫/૧/૨૫ના ૫ થી ૭. મેક્સસ બેન્કવેટ હોલ, ત્રીજે માળે, ભાયંદર વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

એડતવાળા હાલ માટુંગા ગં.સ્વ. સવિતાબેન રતિલાલ ગગલાણીના પુત્રી રમાલક્ષ્મી ગગલાણી (ઉં.વ. ૮૦) ૭/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ગોપાલભાઈ, સ્વ. પ્રવીણભાઈ, તપમીનભાઈ, હરીશના બહેન. દિપક, ભાસ્કર, જીતેન્દ્ર, અલકા દેસાઈ, નીતિન, જયેશ, ડેનિશ, સલોની, વિદિશા તથા પંકિતના ફઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસાનાગર વણિક**

દક્ષા ગાંધી (ઉં.વ. ૮૧) તે વડનગર હાલ મુંબઈ સ્વ. અજીતભાઈ કાંતિલાલ ગાંધીના ધર્મપત્ની. દર્શના તથા વીણાના માતુશ્રી. ભાવેશ તથા નિખિલના સાસુ. મુકેશભાઈ, સ્વ. હસમુખભાઈ, મહેન્દ્રભાઈ, ઉષાબેન, જયશ્રીબેનના બહેન. સ્વ. કેશવલાલ મણિલાલ શેઠના દીકરી. ૧૨/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

ભાવનગર નિવાસી હાલ ભાયંદર શાંતિલાલ ભાઇલાલ ગાંધીના ધર્મપત્ની અ.સૌ. ભાનુબેન (ઉં.વ. ૮૦) તે સ્વ. ગીરીશભાઈ, જીતુભાઇ, સ્વ. શશીબેન ચંદ્રકાંત મોદીના ભાભી. સ્વ. વિજય, જયશ્રી બિપિન શાહ, સંગીતા મનીષ શાહના માતુશ્રી. સ્વ. રંગીલદાસ, સ્વ. ધીરુભાઈ, સ્વ. કાંતિલાલ, છોટુભાઈ દુર્લભદાસ નોતરીયાના બહેન. કુનાલી કુલદીપ જયસ્વાલ, ખુશ્બુ, સલોની જીમિલ શાહના નાની. ૧૧/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ ચલાળાવાળા હાલ સુરત ગં.સ્વ. વિજયાબેન હરિભાઈ મકવાણાના પુત્ર ત્રિભોવનભાઈ (ઉં.વ. ૮૨) તે ગામ દેવળીયાવાળા ગં.સ્વ. હેમકુંવરબેન હરિભાઈ કારેલીયાના જમાઈ. તારાબેનના પતિ. મહેન્દ્રભાઈના ભાઈ. અરૂણા, હર્ષા બિપિન ડોડીયા, મનીષા પંકજ ચૌહાણ, પ્રિતી દિનેશ ચિત્રોડા, પારૂલ બંદીશ ડોડીયાના પિતા. ૧૧/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૬/૧/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. આસધીર (બાબુભાઇ) ગીંદરા (ઉં. વ. ૮૨) તા. ૧૩-૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હીમાબેન આણંદજીના સુપુત્ર. ધનીબેનના પતિ. ભાવેશ, મુકતા, પ્રેમીલા, ચેતના, મોનીકાના પિતાશ્રી. બીના શાંતિલાલ, નરેન્દ્ર, નિલેશ, સમીતના સસરા. સ્વ. ગૌરી, ભચી, લખમશી, રતન, સ્વ. પોપટના ભાઇ. સ્વ. મોંઘીબેન રાયશી શીવજી કારીયાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૧-૨૫ના ગુરુવાર ૧૦-૩૦થી ૧૨. ઠે. યોગી સભાગૃહ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

**ઝાલાવાડી સ્થા. જૈન**

પાંડવરા નિવાસી હાલ બોરીવલી સ્વ. દિનેશભાઇ અમૃતલાલ શાહના ધર્મપત્ની પ્રફુલ્લા બહેન (ઉં. વ. ૭૯) તા. ૧૨-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નિરવ, અલ્પા, નમ્રતા, ફાલ્ગુનીના માતા. પલ્લવી નરેન્દ્રભાઇ, સ્વ. નિલમબહેન, સ્વ. તરૂલતાબેનના ભાભી. સ્વાતી, અભય, જસ્મીન, સુનીલના સાસુ. પિયર પક્ષે સ્વ. વ્રજલાલ પોપટલાલ કપાસીના દીકરી. તે યાશનાના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

શિયાણી નિવાસી હાલ નાલાસોપારા સ્વ. કેશવલાલ નાનચંદ ડેલીવાળાના પુત્ર ભીખાલાલ (રમેશકુમાર) (ઉં.વ. ૮૧) તે કૈલાશબેનના પતિ. પારૂલ વિપુલભાઈ, ચિરાગ, કેતન, નીરવ, જીગરના પિતા. પ્રભાબેન રમણીકલાલ, ભારતી વસંતલાલ, હર્ષદભાઈના ભાઈ. કિરણ, જલ્પા, તૃષા, ફાલ્ગુનીના સસરા. રોજિંદવાળા સ્વ. રતિલાલ હકમશી શાહના જમાઈ. ૧૨/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૬/૧/૨૫ના ૩ થી ૫. ઝાલાવાડી સ્થા. જૈન ઉપાશ્રય, આચોલે રોડ, ચંદનનાકા નાલાસોપારા ઈસ્ટ.

**ઝાલા. શ્વે. મુ. વિશા શ્રીમાળી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી (પૂર્વ) સ્વ. વિજયાબેન શિવલાલ શાહના પુત્ર હસમુખલાલ શાહ (ઉં.વ. ૭૮) તે ધારીણિબેનના પતિ. દક્ષેશ, મેહુલ અને રિશિતા અનુપકુમાર જૈનના પિતા. પ્રેયાના નાના. સ્વ. પ્રભુદાસ ફુલચંદ શાહના જમાઈ, સોમવાર, તા. ૧૩/૧/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ અંધેરી સ્વ. રતિલાલ હેમચંદ મહેતાના પુત્ર યોગેશભાઇ (ઉં.વ. ૬૪) નીલીશાબેનના પતિ. સિદ્ધાર્થ તથા કૃતિના પિતાશ્રી. તાન્યા તથા પાર્થના સસરા. રાજેશ તથા તૃપ્તિ બીપીનચંદ્ર કામદાર (મલેશિયા)ના ભાઇ. સ્વ. જસવંતલાલ ગાંધી (અમદાવાદ)ના જમાઈ, તા. ૧૩-૧-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. કિડની તથા લિવર દાન કરેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા પોરવાડ ૭૧ સમાજ**

જામળા ઉમતા નિવાસી હાલ સાયન સ્વ. બાબુલાલ દલછારામ શાહના સુપુત્ર ભારતીબેનના પતિ, દિનેશભાઈ (ઉં.વ. ૭૬) ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ મંગળવારે અરિહંતશરણ પામ્યાં છે. પ્રિયેશ-દક્ષા, કિંજલ નીરવ શાહ, નેહા પારસ દડિયાના પિતા. અનિલભાઈ, સ્વ. સેવંતીભાઈ, સ્વ. બિપીનભાઈ, તુષારભાઈ, સુધાબેન ભૂપેન્દ્ર શાહના ભાઈ. અનિલ, નિતીન, ભૂપેન્દ્ર અંબાલાલ શાહના બનેવી. રૂદ્ર, નવ્યા, ટિયાના દાદા-નાના. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

સાવરકુંડલાવાળા હાલ મલાડ સ્વ. હરગોવિંદભાઈ મગનભાઈ ધકાણના પુત્ર સોની અશોકભાઈ ધકાણ (ઉં.વ. ૬૪) તા. ૧૩-૧-૨૦૨૫ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. છાયાબેનના પતિ. બીનલબેન રોમીલકુમાર શાહના પિતાશ્રી. રોમીલકુમાર પ્રવીણભાઈ શાહના સસરા. જયશ્રીબેન જયંતિભાઈ સતિકુંવર અને સ્વ. ઉષાબેન વસંતભાઈ જગડાના નાનાભાઈ. સ્વ. વજુભાઈ સતિકુંવર દેવળીયાવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૬-૧-૨૦૨૫ના ગુરૂવારે ૫ થી ૭, હાલાઈ લોહાણા મહાજન વાડી, પહેલા માળે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

# ગર્લફ્રેન્ડને આત્મહત્યા માટે ઉશ્કેરીઃ યુવકની ધરપકડ કરાઈ

### આપઘાત પહેલાં યુવક-યુવતી વચ્ચે ૪૩ ફોન કૉલ્સ થયા

નાગપુરઃ ગર્લફ્રેન્ડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં તેને આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાના આરોપસર પોલીસે યુવકની ધરપકડ કરી હતી. યુવતીએ આપઘાત કર્યો તે પહેલાં બન્ને વચ્ચે ૪૩ ફોન કૉલ્સ થયા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ યુવતીના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે ન્યૂ કામઠી પોલીસે સાગર રાજુ કરડે (૩૦) વિરુદ્ધ ગુનો નોંધી સોમવારે તેની ધરપકડ કરી હતી.

આરોપી અને મૃતક પીયૂષા (૨૮) એક જ કૉલેજમાં અભ્યાસ કરતાં હતાં. પીયૂષાએ તેના કુટુંબીજનોને કરડે સાથેના તેના સંબંધોની જાણ કરી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે ૨૯ ડિસેમ્બરે કરડેએ પીયૂષાને ફોન કરી જણાવ્યું હતું કે તેના પરિવારજનોએ આ સંબંધ સામે વિરોધ દર્શાવ્યો છે. પરિણામે તેમનાં લગ્ન શક્ય ન હોવાનું કરડેએ કહ્યું હતું. આ વાતને લઈ બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પછી તો બન્ને વચ્ચે ૪૩ ફોન કૉલ્સ થયા હતા.

સાંજે પાંચ વાગ્યાની આસપાસ પીયૂષા તેની રૂમમાં ગઈ હતી. સાડાપાંચ વાગ્યાની આસપાસ તેનો ભાઈ આવ્યો ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી. ભાઈએ પીયૂષાના મોબાઈલ પર કૉલ કર્યા હતા, પરંતુ તેણે કૉલ રિસીવ કર્યા નહોતા. ભાઈએ બારીમાંથી ડોકિયું કરતાં સીલિંગ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં પીયૂષા નજરે પડી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કરડેએ લગ્નની ના પાડતાં હતાશામાં યુવતીએ જીવન ટૂંકાવ્યું હતું. આ મામલે વધુ તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)

# દિંડોશી ટેકરી પર ૧૫ દિવસમાં બીજી વાર આગ

મુંબઇઃ મુંબઈના મલાડ નજીક આવેલા આશરે એકથી દોઢ ચોરસ કિલોમીટરના દિંડોશીના જંગલ વિસ્તારમાં પંદર દિવસમાં બીજીવાર રહસ્યમય રીતે આગ લાગવાનો બનાવ બન્યો છે. આ આગનો વિડીયો શેર કરીને પર્યાવરણવાદીઓએ ઇકો સેન્સિટિવ વિસ્તારમાં વારંવાર લાગતી આગ પર સવાલ ઊભા કર્યા છે. તેમણે એવો આક્ષેપ પણ કર્યો છે કે ખાનગી ડેવલપરો દ્વારા ઇરાદાપૂર્વક આ આગ લગાવવામાં આવી છે. સોમવારે રાત્રે દિંડોશી ટેકરીઓના વિસ્તારમાં આગ ફાટી નીકળી હતી. છેલ્લા ૧૫ દિવસમાં આગની અહીં આગની આ બીજી ઘટના છે. મુંબઈ અગ્નિશમન દળે જણાવ્યું હતું કે ગોરેગાંવ ફિલ્મ સિટીની બાજુમાં આવેલા વિસ્તારમાં સોમવારે રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ આગ લાગી હોવાની તેમને જાણ થઈ હતી. સદભાગ્યે આગ થોડા વિસ્તાર સુધી જ સિમીત હતી અને તેમણે આગ ઓલવવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. દરમિયાન પર્યાવરણવાદીઓ મુંબઈના ઘટતા જતા ગ્રીન કવર ને બચાવવા માટે પ્રયાસો કરી રહ્યા છે. પર્યાવરણવાદીઓ આ ઇકોસન્સિટિવ ઝોનમાં વારંવાર લાગતી આ પર સવાલ ઉઠાવી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે આ ખાનગી ડેવલપરનું કૃત્ય છે, કારણ કે તે અહીંનો જંગલ વિસ્તારને સાફ કરીને મોટી ઇમારતો ઊભી કરવા માગે છે અને આ માટે તેઓ ઇરાદાપૂર્વક આગ લગાવી રહ્યા છે. રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે જંગલની જમીનનો વ્યવસ્થિત રીતે નાશ કરવામાં આવી રહ્યો છે બે અઠવાડિયા પહેલા જ દિંડોશીનો નાનકડો જંગલ વિસ્તાર રાતના સમયે રહસ્યમય રીતે આગની લપેટમાં આવી ગયો હતો જેને બુઝાવવા માટે અગ્નિશમન દળે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. તે સમયે એમ જણાવવામાં આવ્યું હતું કે કોઈ વ્યક્તિએ બેદરકાર વ્યક્તિએ ધ્રુમપાન કરીને સિગારેટ, બીડીનું ઠુંઠું નાંખી દીધું હશે જેનાથી આગ લાગી હોઇ શકે છે આ આગમાં ઘાસ, ઝાડીઝાંખરા, સૂકા પાંદડા બધું જ બળી ગયું હતું

# પાલિકાના રિઝર્વ ફંડમાંથી ૧૦ હજાર કરોડ રૂપિયા ઘટ્યા

મુંબઈઃ ૯૦ હજાર કરોડ રૂપિયાથી પણ ઉપર ગયેલી પાલિકાની ડિપોઝિટ ચાલુ નાણાકીય વર્ષમાં ઓછી થઇ ગઇ છે. છેલ્લાં બે વર્ષમાં રિઝર્વ ફંડમાં ૧૦ હજાર કરોડ રૂપિયા ઓછા થઇ ગયા છે. આર્થિક વર્ષ ૨૦૨૧-૨૨માં ૯૧ હજાર કરોડ રૂપિયા પર ગયેલી ડિપોઝિટ હાલમાં ૮૧ હજાર કરોડ રૂપિયા થઇ ગઇ છે. માર્ચ સુધીમાં તમામ કોન્ટ્રેક્ટરોની ચુકવણી કર્યા બાદ આ ભંડોળમાં હજી ઘટાડો થાય એવી શક્યતા છે.

દેશમાં સૌથી ધનવાન મહાનગરપાલિકાનું ૨૦૨૫-૨૬નું બજેટ ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયે રજૂ થશે. આ બજેટમાં પાલિકાની ડિપોઝિટ અને પાલિકાની આર્થિક સ્થિતિનો અંદાજ આવી શકશે. જોકે છેલ્લાં અમુક વર્ષોમાં પાલિકાએ હાથ ધરેલા કરોડો રૂપિયાના મોટા મોટા પ્રોજેક્ટને કારણે પાલિકાની ડિપોઝિટ ઝડપથી ઘટી રહી છે.

પાલિકાના વિવિધ ભાગોની સરપ્લસ રકમની ડિપોઝિટ વિવિધ બેંકોમાં હોય છે. વિવિધ બેંકોના વ્યાજદર આપતી બેકોમાં આ ડિપોઝિટ રાખવામાં આવી છે. એ ડિપોઝિટ પર પાલિકાની આર્થિક સ્થિતિનો અંદાજ આવતો હોય છે. પાલિકાની ડિપોઝિટમાં જ એસ્ટાબ્લિશમેન્ટ ખર્ચ અને નિવૃત્ત કર્મચારીઓને દેવું આપવામાં આવે છે.

વિવિધ વિકાસકામો માટે કોન્ટ્રેક્ટરો પાસેથી લીધેલી રિઝર્વ રકમનો પણ આ ડિપોઝિટમાં સમાવેશ થતો હોય છે. કોરોના કાળ બાદ બાંધકામના પ્રીમિયમ પર સવલત આપવામાં આવી હતી. જેને કારણે મોટા પ્રમાણમાં બાંધકામ ક્ષેત્રને ગતિ મળી હતી અને પાલિકાને પણ ૨૦૨૨માં ૧૪ હજાર કરોડ મહેસૂલની આવક થઇ હતી. આ જ કારણથી ૨૦૨૨માં રિઝર્વ ફંડની રકમ ૯૧ હજારને પાર કરી ગઇ હતી.

# સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર હોવું જરૂરીઃ નીતિન ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ મંગળવારે પ્રબળ અને આત્મનિર્ભર સંરક્ષણ ક્ષેત્ર અને સંશોધન અને વિકાસ સાથે વિશ્વમાં આગળ વધવાની વાત કરી છે. ગડકરી નાગપુરના વાયુસેના નગરમાં ઈન્ડિયન એરફોર્સના હેડક્વાર્ટર્સ મેઈન્ટેનન્સ કમાન્ડમાં નવમા સશસ્ત્ર દળોના વેટરન્સ ડેની ઉજવણીમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા.

આ પ્રસંગે નિવૃત્ત અને ફરજ બજાવતા કર્મચારીઓ, તેમના પરિવારજનો અને અન્ય મહાનુભાવોને એકત્રિત કરી અપ્રતિમ સેવા અને નિવૃત્ત સૈનિકોના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. એર ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ, મેઇન્ટેનન્સ કમાન્ડ, એર માર્શલ વિજય કુમાર ગર્ગ પણ આ કાર્યક્રમમાં હાજર હતા. કાર્યક્રમમાં નિવૃત્ત સૈનિકોને તેમની સેવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. દેશને શક્તિશાળી બનવાની જરૂર છે જેથી વિશ્વમાં કોઈ સાથે અન્યાય ન થાય અને દુનિયાભરમાં શાંતિ અને સુમેળ રહે. આથી ત્રણેય સશસ્ત્ર દળની ભૂમિકા મહત્વપૂર્ણ છે એમ ગડકરીએ જણાવ્યું હતું.

કેન્દ્રીય પ્રધાને સશસ્ત્ર દળોનાં નિવૃત્ત સૈનિકોનાં કલ્યાણ માટે દેશની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને ભવિષ્યની પેઢીઓ માટે પ્રેરણાસ્વરૂપે તેમનાં વારસાનું સન્માન કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. વેટરન્સ ડેની ઉજવણી સૌપ્રથમ વખત ૨૦૧૬માં કરવામાં આવી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# આફત ટળીઃ પાલિકાની હોસ્પિટલોમાં ઔષધોનો પુરવઠો નહીં ખોરવાય

મુંબઈઃ દવા વિતરકોને ૫૦ ટકા લેણાં આગામી બે અઠવાડિયાંમાં, જ્યારે બાકીનાં ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં મંજૂર કરવામા આવશે, એવું લેખિત આશ્વાસન પાલિકાએ આપ્યા બાદ દવા વિતરકોએ બંધ કરેલા ઔષધીય પુરવઠાને ફરી એક વાર શરૂ કરી દેતાં મુશ્કેલીઓ ટળી ગઇ હતી. ફરી એક વાર પુરવઠો આપવા માટેનો નિર્ણય ઓલ ફૂડ એન્ડ ડ્રગ લાઈસન્સ હોલ્ડર ફાઉન્ડેશને જાહેર કર્યો હતો. આથી મુંબઈ પાલિકાની હોસ્પિટલોમાં ઊભી થયેલી આફત ટળી ગઇ છે.

મુંબઈ પાલિકાની તમામ હોસ્પિટલોને દવાનો પુરવઠો કરનારા વિતરકોની લેણી રકમ છેલ્લા ઘણા સમયથી પેન્ડિંગ હતી. આને કારણે વિતરકો પર આર્થિક સંકટ ઊભું થયું હતું. લેણાં મંજૂર કરવા માટે પાલિકા પ્રશાસનને વારંવાર જાણ કરવામાં આવી હોવા છતાં તેના તરફ દુર્લક્ષ સેવાઈ રહ્યું હતું. આખરે પાલિકા દ્વારા લેખિતમાં ખાતરી અપાયા બાદ વિતરકોએ ફરી પાછો પુરવઠો શરૂ કર્યો હતો.




**કોઈકને મજા, કોઈકને સજાઃ** મકર સક્રાંતિ નિમિત્તે ગઈ કાલે મુંબઈમાં અનેક સ્થળોએ લોકોએ પતંગ ચગાવી હતી. જોકે ગુજરાત જેવો રંગ નહોતો જામ્યો. આમ છતાં ઘણાં લોકોએ પતંગ ચગાવી હતી અને એના ઘાતક માંજાને કારણે ઘણાં પંખીઓને ઈજા થઈ હતી. અલબત્ત, જીવદયા સ્વયંસેવકઓ ઘાયલ પંખીઓની સારવાર કરી હતી. (જયપ્રકાશ કેળકર)

બીડના સરપંચની હત્યા કેસ

# મુખ્ય આરોપી વાલ્મિક કરાડની સામે એસસીઓસીએ લગાડાતા પરળીમાં તોફાનો

## પ્રતિબંધિત આદેશો અમલીઃ આરોપીની માતાની તબિયત બગડી, પોલીસ સ્ટેશનની બહાર ધરણાં

મુંબઈઃ બીડ જિલ્લાના સરપંચની હત્યામાં કડી ધરાવતા ખંડણી કેસમાં એમસીઓસીએ હેઠળ ધરપકડ કરવામાં આવેલા વાલ્મિક કરાડના ટેકેદારો દ્વારા મંગળવારે પથરાવ કરવામાં આવ્યો હતો. વીફરેલા ટોળાએ ટાયરોને બાળ્યાં હતા અને બસોને આગ ચાંપી હતી. કરાડની ધરપકડ એમસીઓસીએ હેઠળ કરવામાં આવી હોવાથી તેને જામીન મળવા મુશ્કેલ થઇ રહ્યા છે, જેને કારણે તેમના ટેકેદારોએ ઉધામો મચાવ્યો હતો. રોષે ભરાયેલા ટોળાએ રોડને પણ બ્લોક કર્યો હતો અને દુકાનોનાં શટર પણ પાડી દીધાં હતાં. પ્રતિબંધિત વિસ્તારમાં પણ ટોળાએ સૂત્રોચ્ચાર કરીને તંગદિલી ઊભી કરી હતી. મરાઠા અને ઓબીસી કાર્યકરો દ્વારા સરપંચની હત્યા અને ક્વોટા સંબંધિત આંદોલનોના વિરોધને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં ૨૮મી જાન્યુઆરી સુધી પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા છે.

બીડ જિલ્લામાં સરપંચની હત્યા સાથે જોડાયેલા ખંડણીના કેસમાં ધરપકડ કરાયેલા વાલ્મિક કરાડ પર એમસીઓસીએ લાગુ કરાતા તેમના સમર્થકોએ ગઈ કાલે પરળી શહેરમાં બસો પર પથ્થરમારો કર્યો હતો અને ટાયર સળગાવ્યા હતા અને પરળીમાં રસ્તા બ્લોક કરવાનો પ્રયાસ કર્યો હતો, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. તેઓએ કરાડના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા અને બંધનું એલાન કર્યુ હતું.

એનસીપી પ્રધાન ધનંજય મુંડેના નિકટના સહયોગી વાલ્મિક કરાડને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીની સજા ફરમાવી છે.

ખંડણી કેસના આરોપી વાલ્મિક કરાડની માતાએ ગઈ કાલે મહારાષ્ટ્રના બીડ જિલ્લાના પોલીસ સ્ટેશનની બહાર તેને છોડાવવાની માગ સાથે ધરણાં કર્યા હતા. તેમના કેટલાક સમર્થકો પણ માગને મંજૂર કરાવવા ટાવર પર ચઢી ગયા હતા. વાલ્મિકની માતા પારુબાઈ કરાડ સવારે પરળી શહેર પોલીસ સ્ટેશનની બહાર પહોંચી અને કહ્યું કે જ્યાં સુધી તેમની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી તે ત્યાંથી નહીં જાય. પારુબાઈએ પોલીસ સ્ટેશનની બહાર જણાવ્યુ કે, ''મારા દીકરાએ કંઈ કર્યું નથી અને તેને છોડી દેવો જોઈએ. જો મારું જીવન સમાપ્ત થઈ જશે તો પણ હું અહીંથી નહીં ઊઠું.''

# આવી ગંદકીમાં રહીને તો દેખાડો પછી ધારાવી પ્રોજેક્ટનો વિરોધ કરોઃ ધારાવીકરોની સાફ વાત

મુંબઈઃ નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ, સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી અને ડીઆરપી વતી એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવી અને તેની આસપાસના રહેણાંક અને બિન-રહેણાંક વિસ્તારોનો સર્વે કરી રહી છે. ધારાવીકરોએ આ સર્વેક્ષણને પોતાનો ટેકો જાહેર કર્યો છે. આનાથી એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસને વેગ મળશે. ''આ સર્વેનો મૂળ ધારાવીકરોએ વિરોધ નથી કર્યો પરંતુ જે લોકો તેનો વિરોધ કરે છે તેઓએ ધારાવીમાં આ ગંદકીમાં જ રહેવું જોઈએ અને પછી વિરોધ કરવો જોઈએ'', ધારાવીની મહિલાઓ અને નાગરિકોએતેમની ઉગ્ર લાગણી વ્યક્ત કરી છે. દરમિયાન, ધારાવીના વિવિધ ભાગોમાં ઝૂંપડપટ્ટીઓના સર્વેક્ષણ અને નોંધણી માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, ધારાવીમાં આ સર્વે અને ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ સામે વિરોધ આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં, ધારાવીના લોકોએ હવે આ ખોટી માહિતીનો જવાબ આપવાની ભૂમિકા લીધી છે. ૧૯૯૬થી ધારાવીમાં રહેતા ગજાનન મિસ્ત્રીએ કહ્યું, 'ધારાવીમાં આ અમારી બીજી પેઢી છે. મારું આખું બાળપણ આ નાનકડા ઘરમાં વીત્યું. બાજુમાં એક નાળું છે. વરસાદની સીઝનમાં આ નાળાનું પાણી ઘરમાં આવે છે. ત્રણ દિવસ સુધી ખોરાક અને પાણી વગર રહેવાનો સમય આવી ગયો છે. મચ્છરો અને ગંદકીનું સામ્રાજ્ય છે. હવે અમારે પુનઃવિકાસની જરૂર છે. અમે આ પ્રોજેક્ટને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ.'

ધારાવીમાં થઈ રહેલા સર્વેક્ષણમાં ભાગ લેવા માટે નાગરિકો પર દબાણ કરવામાં આવી રહ્યું છે તેવી ખોટી માહિતી પણ ફેલાવવામાં આવી રહી છે. આ વિશે વાત કરતા ધારાવીકર નિલેશ પડવાલે કહ્યું, 'અમારા પર સર્વેક્ષણ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું નથી. નાગરિકો પોતાની જાતે જ સર્વેક્ષણ કરવા માટે કહી રહ્યા છે. સર્વેક્ષણ માટે આવતા અધિકારીઓ પણ ઉત્તમ માહિતી પૂરી પાડે છે. કેટલાક ગામના ગુંડાઓ પ્રયાસ કરે છે કે સર્વેક્ષણમાં અવરોધ ઊભો થાય. પરંતુ તેમને પણ સ્થાનિક ધારાવીકરોએ ભગાડી દીધા છે.'

# રોજ બે કલાકનું 'કચરા મુક્ત' અભિયાન

મુંબઈઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત ગ્રાફ નીચે જતો હોવાથી પાલિકા સમયાંતરે મુંબઈમાં સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યું છે. હવે પાલિકા મુંબઈમાં આગામી ૧૫ દિવસ 'કચરા મુક્ત ઘંટા' અભિયાન શરૂ કરી રહી છે, જેને વધુ ૧૫ દિવસ સુધી લંબાવશે.

આ અભિયાન હેઠળ સોમવારથી શુક્રવારે સવારે ૧૧થી બપોરે ૧ (બે કલાક) વાગ્યા સુધી મુંબઈનાં તમામ ૨૪ વોર્ડમાં ચલાવવામાં આવશે. આ સાથે જ તબક્કા વાર મુંબઈનાં તમામ રેલવે સ્ટેશનો (સેન્ટ્રલ, વેસ્ટર્ન અને હાર્બર), ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થળો, પબ્લિક માર્કેટ, કોમર્શિયલ એરિયા, ટુરિસ્ટ સ્પોટ, ભીડવાળા એરિયા, રેસિડેન્શિયલ સ્પોટ, ટ્રાફિક આઈલેન્ડ, પાર્કિંગ સ્પેસ અને ફૂટપાથની સફાઈ કરવામાં આવશે.

મુંબઈને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના નિર્દેશ પર કચરા મુક્ત ઘંટા અભિયાન હેઠળ ૨૮ પોઈન્ટમાં અધિકારીઓને નિર્દેશ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. તમામ વોર્ડોના આસિસ્ટન્ટ કમિશનર એ નક્કી કરશે કે મુંબઈમાં ગેરકાયદે રૂપે પાર્ક કરવામાં આવેલાં વાહનોને હટાવવાનાં, નોટિસ આપવી, પોસ્ટર અને બેનર હટાવવાં સહિત અન્ય સફાઈકાર્યનો રિવ્યુ કરશે અને દોષીઓને નોટિસ આપશે. પાલિકાના આસિસ્ટન્ટ એન્જિનિયરને આ જવાબદારી સોંપવામાં આવી છે. ક્લીન અપ માર્શલને એ જગ્યાએ તહેનાત કરવામાં આવશે.

# નાશિકના યુવકનું નાયલોનના માંજાથી જીવ ગયો

## બાઈક પર સવાર હતો ત્યારે માંજો ગળા પરથી ફરી વળ્યો

મુંબઈઃ નાશિકના ૨૩ વર્ષીય યુવકનું પતંજનો માંજો ગળા પર ફરી વળતાં કમનસીબે મોત થયું હતું. યુવક બાઈક પરથી જઇ રહ્યો હતો ત્યારે તેના ગળાને માંજાએ ચીરી નાખ્યું હતું. મંગળવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે આ ઘટના બની હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

માંજાને કારણે જીવ ગુમાવનારી વ્યક્તિનું નામ સોનુ કિસન ધોત્રે હોવાનું પોલીસે જણાવ્યું હતું. ધોત્રે દેવલાલી કેમ્પથી પાઠારવાડી ફાટા તરફ જઇ રહ્યો હતો ત્યારે એક માંજાએ તેના ગળાને ચીરી નાખ્યું હતું. માંજો ગળા પર ઘસાવાને કારણે ધોત્રેના ગળામાં ઊંડો ઘાય થયો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું. ઈન્દિરાનગર પોલીસ સ્ટશનની ટીમ ધોત્રેને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં લઇ ગઇ હતી, પણ વધુ પડતું લોહી વહી જવાને કારણે તેનું મોત થયું હતું. સોનુ ગુજરાતમાં એક કોન્ટ્રેક્ટ કર્મચારી હતો. આ પ્રકરણમાં અકસ્માતથી મૃત્યુ થવાનો કેસ નોંધવામાં આવ્યો છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

# સિડકોનો નિયમમાં ફેરફાર કરવાનો સંકેતઃ એક ઘર હોય તો બીજું ઘર ખરીદી શકાય?

મુંબઈઃ પતિ કે પછી પત્નીના નામે નવી મુંબઈ શહેરમાં ઘર હોય તો સિડકોનું ઘર ખરીદી ન શકાય, એવો સિડકોનો નિયમ છે. આ નિયમમાં ફેરફાર કરવાનો નિર્ણય સિડકોએ લીધો છે. રાજ્યના સામાજિક ન્યાયપ્રધાન તથા સિડકોના અધ્યક્ષ સંજય શિરસાટે આવા સંકેત આપ્યા છે. સિડકોની આગામી બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવશે, એવું પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

સિડકોના માધ્યમથી વિવિધ વર્ગ માટે ૮૭ હજાર પૈકી ઘરો બાંધવાનું પ્રસ્તાવિત છે. એ પૈકી ૪૧ હજાર ઘરનું કામ પ્રગતિના પંથે છે. મહત્ત્વનું એ છે કે સિડકોનાં ઘર લેવા માટે અનેક નિયમો છે. પતિ કે પછી પત્નીના નામે નવી મુંબઈ શહેરમાં ઘર હોય તો સિડકોનું ઘર લઇ ન શકો, એવી મુખ્ય શરત છે.

કુટુંબ મોટું બનતાં બીજા ઘરની જરૂર જણાતી હોય છે, પણ ખાનગી પ્રોજેક્ટમાં ઘર લેવાનું પરવડતું નથી હોતું. એવા સમયે સિડકોનાં ઘર આર્થિક દૃષ્ટિએ સસ્તાં હોય છે. જોકે સિડકોના નિયમ અનુસાર બીજું ઘર લઇ શકાતું ન હોવાથી અનેક લોકોને અગવડતા થાય છે. આ બાબતને ધ્યાનમાં લઇને શરતોને હળવી કરવાનો નિર્ણય શિરસાટે લીધો છે.

# રેલવેમાં મહિલાઓની સુરક્ષા 'રામભરોસે': હેલ્પલાઇન નંબર હેલ્પ લેસ

## મધ્ય રેલવેમાં કર્જતની ટ્રેનમાં બળજબરીથી ટિકિટ ચેકિંગઃ આરપીએફ કૉન્સ્ટેબલ ડબામાં જ હોવા છતાં માત્ર મૂક સાક્ષી બની રહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની લોકલ ટ્રેન મુંબઈગરા માટે જીવાદોરી સમાન છે, પરંતુ ઘણી વખત આ લોકલ ટ્રેન હોય કે સ્ટેશનના પરિસરમાં મુંબઈગરાઓને એના કડવા અનુભવો પણ થતાં જ હોય છે. ગયા અઠવાડિયે જ દાદર રેલવે સ્ટેશનના પશ્ચિમ રેલવે તરફના ફૂટઓવર બ્રિજ પરથી પસાર થઈ રહેલી કોલેજિયન વિદ્યાર્થિનીના વાળ કાપવાની ઘટના તાજી છે ત્યાં સોમવારે મધ્ય રેલવે પર સીએસએમટીથી પ્રવાસ કરી રહેલી મહિલા પ્રવાસીને હેલ્પલાઈનનો કડવો અનુભવ થયો હતો. ખરા સમયે જ હેલ્પલાઈન કામમાં નહીં આવતા ફરી લોકલ ટ્રેનમાં મહિલાઓની સુરક્ષા મુદ્દે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

ઘટનાની માહિતી આપતા મહિલા પ્રવાસીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે સોમવારે સાંજે મધ્ય રેલવેના સીએસએમટી સ્ટેશનથી રાતે ૯.૨૬ કલાકે રવાના થતી કર્જત ટ્રેનના લેડિઝ ફર્સ્ટ ક્લાસ કોચમાં ઘાટકોપર સ્ટેશન પરથી ચઢેલી અન્ય મહિલા પ્રવાસીએ બળજબરીથી બીજી મહિલા પ્રવાસીઓને તેમની પાસે ફર્સ્ટ ક્લાસનો પાસ-ટિકિટ છે કે નહીં એવું પૂછવાનું શરૂ કર્યું હતું. જ્યારે કોચમાં પ્રવાસ કરી રહેલી અન્ય મહિલા પ્રવાસીઓએ આનો વિરોધ કર્યો તે મહિલાએ તેમની સાથે ઝઘડો કરવાનું શરૂ કરીને એલાર્મ ચેન પુલિંગ (એસીપી) કરવાની ધમકી પણ આપી હતી. દરમિયાન મહિલા પ્રવાસી અને એની બહેનપણીએ રેલવે હેલ્પલાઈન નંબર ૧૫૧૨, ૧૩૯ પર કોલ કરતાં કોઈ પણ પ્રકારની મદદથી મળી નહોતી. ૧૫૧૨ તો કોલ જ નહોતો લાગતો અને અને ૧૩૯ પર આઈવીઆર સિસ્ટમ એક્ટિવેટ હતી. કોચમાં આરપીએફ કોન્સ્ટેબલ હોવા છતાં પણ તેણે આ મામલે દખલગીરી કરવાનું મુનાસિબ માન્યું નહોતું.

જો રાતના સમયે મહિલા પ્રવાસીએ મહિલા કોચમાં એકલા પ્રવાસ કરી રહી હોય અને તેની સુરક્ષા જોખમમાં મુકાય પરંતુ જો એવા સમયે રેલવે દ્વારા આપવામાં આવેલા હેલ્પ લાઈન નંબર પરથી કોઈ હેલ્પ ના મળતી હોય તો આવા સમયે મહિલા પ્રવાસીઓની સુરક્ષા તો રામ ભરોસે જ છે, એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

આ મુદ્દે મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે પ્રવાસીઓની સુરક્ષા માટે અગાઉ હેલ્પલાઈન જાહેર કરવામાં આવી હતી, જેમાં આરપીએફની ૧૮૨ બંધ થઈ છે, પરંતુ એની સામે જનરલ ૧૩૯ અને જીઆરપીની ૧૫૧૨ વર્કિંગ છે. ૨૪ કલાક આ હેલ્પલાઈન નંબર પર પ્રવાસીઓની ફરિયાદ અટેન્ડ કરવામાં આવે છે. અમુક સંજોગોમાં કદાચ ચાલતી ના હોવી જોઈએ. બાકી હેલ્પલાઈન નંબર વર્કિંગ છે.

# તત્કાળ બુકિંગ વખતે આઇઆરસીટીની સાઇટ કેમ વારંવાર ક્રેશ થાય છે?

મુંબઈઃ ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરિઝમ કોર્પોરેશન તત્કાળ ટિકિટ બુકિંગ શરૂ થાય તે જ અરસામાં તેમની વેબસાઇટ કામ કરતી અટકી જવાના તાજેતરના બનાવોના કારણો જાણવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે માહિતી અનુસાર તત્કાલ સમયગાળા દરમિયાન ટિકિટનું વેચાણ સરેરાશ કલાકના બુકિંગના આંકડા કરતાં ૩.૬ ગણાથી વધીને ૪.૩ ગણું વધી ગયું છે.

સોમવારે આઇઆરસીટીસીના અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે તત્કાળ ટિકિટ બુકિંગ જનતા માટે શરૂ થાય છે ત્યારે સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન ટિકિટ બુકિંગમાં અચાનક વધારો થયો હતો. જોકે, આ સમયે સાઈટ કામ બરાબર ન કરતી હોવાથી પ્રવાસીઓ રોષે ભરાયા હતા.

સવારે ૧૦થી ૧૧ દરમિયાન લોકો તત્કાળના એસી કોચ માટે ટિકિટ બુક કરાવી શકે છે જ્યારે સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન સ્લીપર કોચ માટે તત્કાળ બુકિંગ ખોલવામાં આવે છે. બુક કરવામાં આવતી ટિકિટોની પ્રતિ કલાકની સરેરાશ આશરે ૫૧,૫૦૦ છે, પણ તત્કાળ બુકિંગના સમય દરમિયાન એસી અને સ્લીપર કોચ માટે સરેરાશ પ્રતિ કલાક ૧.૮૬ લાખથી ૨.૨૩ લાખ સુધી પહોંચી જાય છે.

માર્ચ ૨૦૨૪ સુધીમાં ૧૨ કરોડ ૨૦ લાખ આઇઆરસીટીસી મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં આવી હતી; વર્ષોથી ઓનલાઇન બુકિંગમાં પણ સતત વધારો થયો છે. ૨૦૨૩-૨૪માં, ઓનલાઇન બુક કરાયેલી આરક્ષિત રેલ ટિકિટનો હિસ્સો ૮૨.૬૮ ટકા હતો, જે ૨૦૨૨-૨૩ માં ૮૦.૯૯ ટકા હતો. આઇઆરસીટીસીના આંકડા જણાવે છે કે ઈ-ટિકિટમાં ૨૮ ટકાનો વધારો થયો છે.

# નાશિકમાં ઝવેરી, તેના પુત્રએ ઝેર ગટગટાવી આયખું ટૂંકાવ્યું

## દેવાને કારણે અંતિમ પગલું ભર્યું હોવાની શંકા

નાશિકઃ નાશિકમાં ૪૯ વર્ષના ઝવેરી અને તેના પુત્રએ ઝેર ગટગટાવીને આયખું ટૂંકાવ્યું હોવાની ઘટના સોમવારે પ્રકાશમાં આવી હતી. પિતા-પુત્રએ કરેલી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું, પણ દેવાને કારણે તેમણે અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસને લાગી રહ્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મૃતકોની ઓળખ પ્રશાંત આત્મારામશેઠ ગુરવ (૪૯) અને તેના પુત્ર અભિષેક પ્રશાંત ગુરવ (૨૮) તરીકે થઇ હતી, જેઓ પંચવટી નજીક રામરાજ્ય સંકુલ એપાર્ટમેન્ટમાં રહેતા હતા અને શરાફ બજાર વિસ્તારમાં ગુરવ એન્ડ સન્સ નામે દુકાન ધરાવતા હતા. પોલીસને ઝવેરીએ લખેલી સુસાઇડ નોટ ઘરમાંથી મળી આવી હતી, જેની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર પ્રશાંત ગુરવ ઘરમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો, જ્યારે પુત્ર અભિષેકને ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરોએ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાથમિક તપાસ અનુસાર ઝવેરીએ સોમવારે વહેલી સવારે ઝેર પીધું હતું. પિતા-પુત્રના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા, જેના અહેવાલમાં બંનેએ ઝેર ગટગટાવી જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું હતું.

પોલીસ મૃતકોના મોબાઇલ ફોન અને સોશિયલ મીડિયા અકાઉન્ટ્સની તપાસ કરી રહી છે. ઘટનાને દિવસે પ્રશાંત ગુરવની પત્ની કર્ણાટક ગઇ હતી, એમ પોલીસે કહ્યું હતું. (પીટીઆઇ)

# ટ્રાન્સફોર્મરમાંથી વાયર ચોરવામાં જીવ ગુમાવ્યો

નાગપુરઃ મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં ટ્રાન્સફોર્મરમાંથી વાયર ચોરવાનો પ્રયાસ કરતી વખતે એક પચીસ વર્ષીય વ્યક્તિનું વીજકરંટ લાગવાથી મૃત્યુ થયું હતું એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું. આ ઘટના રવિવારે મોડી રાત્રે બની હતી.

ઝૂંપડપટ્ટીમાં રહેતો અંકુશ રાજેન્દ્ર પટેલ ટ્રાન્સફોર્મર પર ચોંટી ગયો હતો અને સોમવારે સવારે તેની બળી ગયેલી લાશ મળી આવી હતી એમ અધિકારીએ જણાવ્યું હતું. વીજળીનો પ્રવાહ બંધ છે એમ ધારી અંકુશ વાયરની ચોરી કરવા ટ્રાન્સફોર્મર પર ચડ્યો ત્યારે તેને વીજળીનો કરંટ લાગ્યો હતો.

વધુ માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે મૃતક વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ચોરીના અનેક કેસ નોંધાયા હતા. તે ટ્રાન્સફોર્મરમાંથી ઓઇલ, વાયર અને લોખંડની ચોરીના કેસમાં સંડોવાયેલો હતો. (પીટીઆઈ)

# ૨૦૧૫માં પોલીસ પર હુમલો કરનારને છેક હવે એક વર્ષની કારાવાસની સજા

થાણેઃ મહારાષ્ટ્રના થાણેની એક અદાલતે ૨૦૧૫માં નવી મુંબઈમાં ફરજ પરના પોલીસ અધિકારીને માર મારવા બદલ ૫૦ વર્ષના એક વ્યક્તિને એક વર્ષની કેદની સજા ફટકારી છે. એડિશનલ સેશન્સ જજ કે.આર. દેશપાંડેએ આપેલા આદેશમાં નવી મુંબઈના નેરુલના આરોપી શૈલેન્દ્ર મહેન્દ્ર સિંહ પર ૪,૫૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર ઈ.બી. ધમલે કોર્ટને જણાવ્યું કે પચીસ એપ્રિલ, ૨૦૧૫ના રોજ કેસની ફરિયાદી અનઘા વિવેક કાલે અને તેના મિત્રો કોઈ કામ માટે કારમાં જઈ રહ્યા હતા ત્યારે બાઇક પર સવાર આરોપી તેમની કારની સામે આવ્યા અને તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. બાદમાં મહિલા દ્વારા પોલીસને સંપર્ક કરાતા આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર સચિન હિરે તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

# સોશિયલ મીડિયા પર યુવક સાથે મિત્રતા ભારે પડીઃ બળાત્કાર ગુજારી યુવતીને આપ્યો ત્રાસ

## વાળ-આઈબ્રો કાપ્યા, સિગારેટથી શરીર પર ઠેકઠેકાણે ડામ આપ્યા

થાણેઃ ઉલ્હાસનગરના યુવક સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા કરવાનું ૨૭ વર્ષની યુવતીને ભારે પડી ગયું હતું. યુવતીને લોજમાં લઇ જઇ બળાત્કાર ગુજાર્યા બાદ વાંધાજનક વીડિયો ઉતારીને તેને બ્લેકમેઇલ કરવા ઉપરાંત મધ્ય પ્રદેશના એક ઘરમાં ગોંધી રાખીને તેના વાળ-આઇબ્રો કાપી નાખ્યા હતા અને સિગારેટથી તેના શરીર પર ઠેકઠેકાણે ડામ આપ્યા હતા.

યુવતીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે વિઠ્ઠલવાડી પોલીસે ૩૮ વર્ષના યુવક અને તેના પરિવારના પાંચ સભ્ય વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ઉલ્હાસનગરમાં રહેતા યુવકે ૨૦૨૧માં પીડિતા સાથે ફેસબૂક પર મિત્રતા કરી હતી. યુવતીને બાદમાં તે લોજમાં લઇ ગયો હતો, જ્યાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. એ સમયે યુવકે તેનો વાંધાજનક વીડિયો ઉતારી લીધો હતો. વીડિયોને આધારે તે પીડિતાને બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો. વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરવાની ધમકી આપી તેણે પીડિતા સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન યુવક સાથે લગ્ન કરવા માટે પીડિતા પર દબાણ કરવામાં આવ્યું હતું. યુવક અને તેની માતા પીડિતાને મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં લઇ ગયા હતા, જ્યાં એક ઘરમાં તેને ગોંધી રાખવામાં આવી હતી અને તેના વાળ તથા આઇબ્રો કાપી નાખવામાં આવ્યા હતા. ઉપરાંત યુવકે સિગારેટથી પીડિતાના શરીર પર ઠેકઠેકાણે ડામ આપ્યા હતા, જ્યારે યુવકની માતાએ ગરમ તવાથી પીડિતાને માર્યો હતો, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી.

પીડિતાના આધાર કાર્ડ, પેન કાર્ડ તથા પાસપોર્ટ આંચકી લેવામાં આવ્યા હતા અને તેનો દુરુપયોગ કરીને આરોપીએ લોન લીધી હતી. પીડિતા તેના પિતા પાસેથી પૈસા ન લાવે તો તેનો વાંધાજનક વીડિયો ઓનલાઇન અપલોડ કરવાની ધમકી આરોપીએ આપી હતી.

આરોપીના વારંવારના ત્રાસથી કંટાળીને યુવતીએ રવિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે આરોપી અને તેના પરિવારજનો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસે કહ્યું હતું. (પીટીઆઇ)

# ટીમ ઈન્ડિયામાં અસંતોષ?: હેડ-કોચ ગૌતમની ગાદી હાલકડોલક, ખાસ કારણો ખૂબ 'ગંભીર' છે

## ગંભીરનો અભિગમ ગ્રેગ ચૅપલ જેવો હોવાની અટકળ

નવી દિલ્હીઃ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી આવતા મહિને પાકિસ્તાનમાં રમાવાની છે જેમાં ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે અને એ ટૂર્નામેન્ટમાં ભારતીય ટીમ જે પર્ફોર્મ કરશે એને આધારે ગૌતમ ગંભીર ટીમ ઇન્ડિયાના હેડ-કોચની ગાદી પર જળવાઈ રહેશે કે કેમ એ નક્કી થશે. કહેવાય છે કે ગંભીર ભારતીય ટીમમાં વર્ષોથી જે સુપરસ્ટાર કલ્ચર છે એનો અંત લાવવા માગે છે અને એ મુદ્દે ટીમ ઇન્ડિયાના ડ્રેસિંગ-રૂમમાં અસંતોષ હોવાનું મનાય છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં ગંભીર કોલકાતા નાઇટ રાઇડર્સનો કૅપ્ટન હતો ત્યારે તેણે આઇપીએલની ચેન્નઈ સામેની ફાઇનલ માટેની પ્લેઇંગ-ઇલેવનમાંથી બ્રેન્ડન મૅક્લમને નહોતો સમાવ્યો.



ગયા વર્ષે જૂનમાં ભારતે રાહુલ દ્રવિડના કોચિંગમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો. ત્યાર બાદ જુલાઈથી ગૌતમ ગંભીર આ હૉટ સીટ પર આવ્યો હતો. ગંભીરના શાસનમાં ભારતીય ટીમ દસમાંથી છ ટેસ્ટ હારી છે તેમ જ શ્રીલંકા સામેની સિરીઝમાં પણ ભારતનો પરાજય થયો હતો. આ પરિણામોને પગલે (ખરાબ ફૉર્મ બદલ) વિરાટ કોહલી તથા રોહિત શર્માની આંતરરાષ્ટ્રીય કારકિર્દી મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

કહેવાય છે કે ડ્રેસિંગ-રૂમમાં સિનિયર ખેલાડીઓ સાથે ગંભીરને નથી બનતું. પીટીઆઇને બીસીસીઆઇના એક સિનિયર મેમ્બરે નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે 'આવતા મહિનાની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સારું પર્ફોર્મ નહીં કરે તો ગંભીરનું કોચિંગના હોદ્દા પર ટકી રહેવું મુશ્કેલ થઈ જશે. તેનો કૉન્ટ્રૅક્ટ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધીનો છે, પણ મૂલ્યાંકન સતત થતું જ રહેશે. ક્રિકેટ મૅચો પરિણામલક્ષી બની ગઈ છે, પણ ગંભીર હજી સુધી સ્પષ્ટ રીતે સકારાત્મક પરિણામ નથી આપી શક્યો.

ઑસ્ટ્રેલિયામાં રમાઈ ગયેલી ટેસ્ટ-શ્રેણીને લગતું ભારતીય ટીમના પર્ફોર્મન્સનું અવલોકન થઈ ગયું છે. એવું મનાય છે કે ટીમના કલ્ચરની બાબતમાં (ટીમ કેવી હોવી જોઈએ એ વિશે) ગંભીર અને સિનિયર ખેલાડીઓ વચ્ચે મતભેદ છે.

ગંભીરના કોચ તરીકેના પર્ફોર્મન્સને નજીકથી જોનાર એક સૂત્રએ પીટીઆઇને જણાવ્યું કે 'ગંભીર ટીમ ઇન્ડિયામાંથી સુપરસ્ટાર કલ્ચર હટાવી નાખવા માગે છે જે ટીમના કેટલાક ખેલાડીઓને નથી ગમ્યું.'

આ સૂત્રએ ગંભીર જ્યારે દિલ્હી વતી રમતો ત્યારની તેની માનસિકતાની વાત કરતા પીટીઆઇને જણાવ્યું કે 'એક વાર દિલ્હીના કૅપ્ટન તરીકે ગંભીરે નક્કી કર્યું હતું કે દિલ્હીની હોમ મૅચો લીલા ઘાસથી ભરપૂર દિલ્હી નોર્ટ-વેસ્ટના રોશનારા ગ્રાઉન્ડ પર રમાશે. જોકે ત્યારે ભારતીય ટીમની બહાર રહેલો એક સુપરસ્ટાર ખેલાડી જામિયા મિલિયા ઇસ્લામિયા ગ્રાઉન્ડ પર મૅચ રમાય એવું ઇચ્છતો હતો જે દક્ષિણ દિલ્હીમાં તેના ઘરની નજીક હતું. ગંભીરે તેનું એ મંતવ્ય ફગાવી દીધું હતું. હવે ટીમ ઇન્ડિયામાં પણ ગંભીરને સુપરસ્ટાર કલ્ચર નથી ચાલવા દેવું.'

કહેવાય છે કે અમુક સ્ટાર ખેલાડીઓએ તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં હોટેલ વિશે ખાસ ડિમાન્ડ કરી હતી તેમ જ પ્રૅક્ટિસના સમયની બાબતમાં પણ અમુક પ્રકારની માગ કરી હતી જે ગંભીરને નહોતું ગમ્યું. જોકે વરિષ્ઠ ખેલાડીઓ એવું માને છે કે ગંભીર તરફથી તેમની સાથે બરાબર સંપર્ક નહોતો જાળવી રાખવામાં આવ્યો.

દરમ્યાન, એક તરફ સિલેક્શન કમિટી ખેલાડીઓ પસંદ કરવાની બાબતમાં ગંભીરનો મત નથી લેવા માગતા ત્યારે બીજી બાજુ એક ભૂતપૂર્વ સિલેક્ટરે ત્યાં સુધી કહ્યું છે કે ગંભીરના અભિગમમાં ગ્રેગ ચૅપલના વલણનું પ્રતિબિંબ જોવા મળી રહ્યું છે.

ગ્રેગ ચૅપલ ભારતના સૌથી વિવાદાસ્પદ હેડ-કોચ હતા. તેમના શાસનકાળમાં ટીમના વરિષ્ઠ ખેલાડીઓ સાથે તેમના અનેક મતભેદો હતા. ભૂતપૂર્વ સિલેક્ટર પીટીઆઇને કહે છે, 'ભારતની ટીમના કોચનો અભિગમ રવિ શાસ્ત્રી જેવો મીડિયા-ફ્રેન્ડલી હોવો જોઈએ જેને કારણે ખેલાડીઓ પર્ફોર્મન્સ સુધારવા હંમેશાં સતર્ક રહે. અથવા તો હેડ-કોચ રાહુલ દ્રવિડ કે ગૅરી કર્સ્ટન કે જૉન રાઇટ જેવા હોવા જોઈએ જેઓ ખેલાડીઓને પોતાની રીતે ઝળકવાનું અપ્રોચ રાખે. ગ્રેગ ચૅપલ જેવો અપ્રોચ ભારતમાં ન ચાલે. ગંભીર કે શાસ્ત્રી કે દ્રવિડ આવશે અને જશે, પણ ખેલાડીઓ તો ટીમમાં રહેવાના જ છે.' ■

# 'અમારા ઑલિમ્પિક મેડલ ખરાબ થઈ ગયા, બદલી આપો'

## મનુ ભાકરની પણ ફરિયાદઃ ઍથ્લીટો કહે છે કે 'પાંચ મહિનામાં અમારા ઑલિમ્પિક મેડલનો રંગ ઊતરી ગયો'

નવી દિલ્હીઃ ભારતની ટોચની નિશાનબાજ મનુ ભાકર સહિત અનેક ઍથ્લીટોએ ફરિયાદ કરી છે કે તેમને ગયા વર્ષે પૅરિસ ઑલિમ્પિક્સમાં જે મેડલ મળ્યા એ ખરાબ થઈ ગયા હોવાથી તેમને એ બદલીને નવા નક્કોર મેડલ આપવામાં આવે.

મનુ ભાકર એક જ ઑલિમ્પિક ગેમ્સમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય ઍથ્લીટ બની હતી.

વિશ્વભરમાંથી અસંખ્ય ઍથ્લીટોએ પોતાના ખરાબ થઈ ગયેલા ચંદ્રકની તસવીર સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી છે. ઑલિમ્પિક્સ યોજાયા પછી પાંચ જ મહિનામાં મેડલનો રંગ ઉતરી ગયો છે. જાણવા મળ્યું છે કે મનુ ભાકરને જે બે બ્રૉન્ઝ મેડલ મળ્યા હતા એનો રંગ ઘણા દિવસથી ખૂબ ઝાંખો પડી ગયો છે.

ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)એ જણાવ્યું છે કે ફ્રાન્સમાં ચલણી સિક્કા અને અન્ય ચલણ બનાવતી સરકારી ફૅક્ટરી તરફથી ફરિયાદી ઍથ્લીટોના મેડલ બદલી આપવામાં આવશે. તેમને અસ્સલ મૂળ મેડલ જેવા જ બનાવીને આપવામાં આવશે.'

**પૅરિસ ઑલિમ્પિક્સના ગોલ્ડ મેડલ**



પહેલાં | હવે

ગોલ્ડ, સિલ્વર, બ્રૉન્ઝ મળીને ત્રણ પ્રકારના કુલ મળીને ૫,૦૮૪ મેડલ પરની ડિઝાઇન શૉમેટ નામની ઝવેરાત તથા ઘડિયાળ બનાવતી કંપની દ્વારા કરાઈ હતી અને મૉનેઇ દ પૅરિસ કંપનીએ ચંદ્રકો બનાવ્યા હતા. પ્રત્યેક ઑલિમ્પિક મેડલમાં વચ્ચેના ભાગમાં ૧૮ ગ્રામ હિસ્સો લોહ ધાતુનો છે. ■

# બુમરાહે કમિન્સને હરાવ્યો, પણ ઍનાબેલ સામે સ્મૃતિ મંધાના હારી ગઈ!

## વર્લ્ડ નંબર-વન ભારતીય બોલર બીજી વાર આઇસીસીનો પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ જીત્યોઃ મહિલાઓમાં ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર મેદાન મારી ગઈ

દુબઈઃ ભારતના મુખ્ય ફાસ્ટ બોલર અને ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહે આઇસીસી મેન્સ પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ જીતી લીધો છે. તેણે પ્રતિષ્ઠિત પુરસ્કાર માટેની દોડમાં ઑસ્ટ્રેલિયાના સફળ કૅપ્ટન પૅટ કમિન્સને પરાસ્ત કર્યો છે. મહિલાઓમાં ઑસ્ટ્રેલિયાની ઍનાબેલ સધરલૅન્ડ બીજી વાર મહિલા વર્ગનો પ્લેયર ઑફ ધ મન્થ પુરસ્કાર જીતી છે અને ભારતની ઓપનર સ્મૃતિ મંધાનાને એ પુરસ્કાર નથી મળી શક્યો.




બુમરાહ બીજી વાર આ અવૉર્ડ જીત્યો છે અને એની દોડમાં તેની સામે સાઉથ આફ્રિકાનો પેસ બોલર ડેન પેટરસનને પણ હરાવી દીધો છે.



બુમરાહે બીજી વાર આ પુરસ્કાર હાંસલ કર્યો છે. તાજેતરની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં અસાધારણ પર્ફોર્મ કરવા બદલ તેને આ પુરસ્કારથી નવાજવામાં આવશે. તેણે એ શ્રેણીમાં સૌથી વધુ ૩૨ વિકેટ લીધી હતી. ઑસ્ટ્રેલિયામાં એક ટેસ્ટ-સિરીઝમાં સૌથી વધુ ૩૧ વિકેટ લેવાનો બિશનસિંહ બેદીનો ૪૬ વર્ષ જૂનો ભારતીય વિક્રમ બુમરાહે તોડ્યો હતો.

આ પુરસ્કાર ૨૦૨૪ના વર્ષના પર્ફોર્મન્સ બદલ મળ્યો છે અને એ વર્ષમાં તેણે ૭૧ ટેસ્ટ વિકેટ લીધી હતી. ડિસેમ્બરમાં તેણે ઑસ્ટ્રેલિયા સામેની ત્રણ ટેસ્ટમાં બાવીસ વિકેટ લીધી હતી.

બુમરાહે આઇસીસીને પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ જીત્યા પછી કહ્યું કે 'ડિસેમ્બરનો સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરસ્કાર જીતવા બદલ મને ઘણી ખુશી થઈ છે.

હંમેશાં વ્યક્તિગત પુરસ્કાર માટે સિલેક્ટ થઈએ ત્યારે ખૂબ રોમાંચિત થઈ જવાય. બોર્ડર-ગાવસકર ટ્રોફી અત્યાર સુધીની સૌથી મોટી પડકારરૂપ સિરીઝોમાંથી એક હતી. ઑસ્ટ્રેલિયા જઈને પોતાના દેશ વતી પ્રદર્શન કરવું મોટું સન્માન કહેવાય.'

દરમ્યાન, ઑસ્ટ્રેલિયાની ૨૩ વર્ષની પેસ બોલિંગ ઑલરાઉન્ડર ઍનાબેલ સધરલૅન્ડ વિમેન્સ પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ જીતી છે. ■

# ગિલ રમશે રણજીમાં, રોહિતે પણ પ્રૅક્ટિસ શરૂ કરી

## જાણો વિરાટ, હાર્દિક સહિત કયો ભારતીય ખેલાડી છેલ્લે રણજીમાં ક્યારે રમ્યો?

નવી દિલ્હીઃ પેસ બોલર મોહમ્મદ શમીએ તાજેતરમાં ડોમેસ્ટિક ક્રિકેટ મૅચોમાં પર્ફોર્મ કરીને તેમ જ પોતાની ફિટનેસ પુરવાર કરીને આગામી બાવીસમી જાન્યુઆરીએ ઇંગ્લૅન્ડ સામે ઘરઆંગણે રમાનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ માટેની ટીમમાં સ્થાન મેળવી લીધું છે, પણ હવે એવા કેટલાક બૅટર્સ છે જેમણે ફરી ફૉર્મમાં આવવા ડોમેસ્ટિકમાં રમવું પડે છે અને એમાં રોહિત શર્મા તથા શુભમન ગિલનું નામ હમણાં ખૂબ ચર્ચામાં છે. રોહિત મુંબઈના ટ્રેઇનિંગ કૅમ્પમાં જોડાઈ ગયો છે અને ગિલે પણ પંજાબ માટે આગામી રણજી મૅચમાં રમવાની તૈયારી બતાવી છે.

રણજી ટ્રોફીનો નવો રાઉન્ડ ૨૩મી જાન્યુઆરીએ શરૂ થશે અને એ માટેના મુંબઈના પ્રૅક્ટિસ કૅમ્પમાં રોહિત જોડાયો છે. આજે વાનખેડેમાં સેન્ટર-વિકેટ ખાતે બે કલાકનું સત્ર ચાલ્યું હતું. મુંબઈની આગામી મૅચ (છઠ્ઠા રાઉન્ડની મૅચ) જમ્મુ અને કાશ્મીર સામે રમાવાની છે.






રોહિત શર્માએ મંગળવારે મુંબઈમાં એક જાણીતી બ્રૅન્ડ માટેના સમારોહમાં પોતાની જ તોતિંગ તસવીર પાસે ઊભા રહીને પોઝ આપ્યો હતો. શુભમન ગિલે ઑસ્ટ્રેલિયાની ફ્લૉપ ટૂર બાદ હવે રણજીમાં રમવાનું નક્કી કર્યું છે. (પીટીઆઇ)

રોહિત મુંબઈ વતી આગામી રણજી મૅચોમાં રમશે કે કેમ એ વિશે સત્તાવાર રીતે હજી કંઈ નથી કહેવામાં આવ્યું, પરંતુ મુંબઈના હેડ-કોચ ઓમકાર સાળવી સાથેની સલાહ-મસલત બાદ મુંબઈની ટીમ સાથે પ્રૅક્ટિસ કરવા વિશે તેની (રોહિતની) જે આતુરતા છે એના પરથી કહી શકાય કે તે આગામી અમુક મૅચોમાં રમશે જ.

મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) આ અઠવાડિયે આગામી રણજી મૅચ માટેની ટીમ જાહેર કરશે.

રોહિતે તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં કુલ ફક્ત ૩૧ રન બનાવ્યા હતા. ભારત એ સિરીઝ ૧-૩થી હારી ગયું હતું. પંજાબની ટીમના શુભમન ગિલે પુષ્ટિ આપતા જણાવ્યું છે કે તે કર્ણાટક સામે આગામી ૨૩મી જાન્યુઆરીએ શરૂ થનારી રણજી મૅચમાં રમવા માટે ઉપલબ્ધ છે. અહીં એક યાદી આપવામાં આવી છે જેમાં ભારતીય ક્રિકેટના હાલના મોટા નામવાળા ખેલાડીઓ છેલ્લે રણજી ટ્રોફીમાં ક્યારે રમ્યા એની વિગત છે. આ રસપ્રદ વિગતો મુંબઈના જાણીતા સ્કોરર દીપક જોશીએ આપી છે. ■

**મોટા નામવાળા ક્રિકેટરો છેલ્લે રણજીમાં ક્યારે રમ્યા હતા?**

(૧) રોહિત શર્માઃ નવેમ્બર ૨૦૧૫
(૨) વિરાટ કોહલીઃ નવેમ્બર ૨૦૧૨
(૩) શુભમન ગિલઃ જૂન ૨૦૨૨
(૪) યશસ્વી જયસ્વાલઃ જાન્યુઆરી ૨૦૨૩
(૫) કે. એલ. રાહુલઃ ફેબ્રુઆરી ૨૦૨૦
(૬) રિષભ પંતઃ ડિસેમ્બર ૨૦૧૭
(૭) રવીન્દ્ર જાડેજાઃ જાન્યુઆરી ૨૦૨૩
(૮) જસપ્રીત બુમરાહઃ જાન્યુઆરી ૨૦૧૭
(૯) હાર્દિક પંડ્યાઃ ડિસેમ્બર ૨૦૧૮

# યુવરાજના પિતા યોગરાજ કહે છે, 'હું પિસ્તોલ લઈને કપિલ દેવને મારવા તેના ઘરે પહોંચી ગયો હતો'

જલંધરઃ ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહના પિતા અને ભારતના ભૂતપૂર્વ પેસ બોલર યોગરાજ સિંહે એક મુલાકાતમાં કહ્યું છે કે એકવાર તેઓ પિસ્તોલ લઈને ભૂતપૂર્વ કૅપ્ટન કપિલ દેવને ગોળી મારવા તેમના ઘરે પહોંચી ગયા હતા. યોગરાજ સિંહ થોડા થોડા સમયે ચર્ચામાં આવતા રહે છે. પોતાની કરીઅર ટૂંકાવી નાખવા માટે કપિલ દેવને તેમ જ પુત્ર યુવરાજની કારકિર્દી ટૂંકાવી નાખવા માટે એમ. એસ. ધોનીને જવાબદાર ગણાવતા ઘણા વિધાનો તેઓ ભૂતકાળમાં આપી ચૂક્યા છે. જોકે આ વખતે તો તેમણે બોલવામાં હદ કરી નાખી. યોગરાજ સિંહે કપિલ દેવને લઈને એક ઇન્ટરવ્યૂમાં વિધાન આપ્યું છે કે તેઓ પોતાની પિસ્તોલ લઈને કપિલ દેવના ઘરે પહોંચી ગયા હતા, પરંતુ કપિલના મમ્મી પર દયા ખાઈને તેમણે વિચાર બદલી નાખ્યો હતો.

યોગરાજ સિંહે એવું પણ કહ્યું છે કે તેમણે કપિલને ઘણી ગાળ આપી હતી. બીજી તરફ, યોગરાજ સિંહના આ વિધાનો પર કપિલ દેવે પ્રતિક્રિયા આપી છે અને 'એક્સ' પર એટલું જ લખ્યું છે કે 'યોગરાજ સિંહ કૌન હૈ?'





યોગરાજ સિંહે ઇન્ટરવ્યૂમાં એ ખુલાસો પણ કર્યો છે કે 'સુનીલ ગાવસકર સાથે મારી સારી દોસ્તી હતી જેને કારણે જ મને જાણવા મળ્યું કે કપિલ દેવે મને ટીમમાંથી કાઢી નાખ્યો છે. એ દિવસોમાં ટીમ ઇન્ડિયામાં કપિલ દેવ વિરુદ્ધ સુનીલ ગાવસકરના જૂથ પડી ગયા હતા અને મને ગાવસકરના જૂથનો મેમ્બર માની લેવામાં આવ્યો હતો. એવામાં જ્યારે કપિલ દેવ ભારત, નોર્થ ઝોન કે હરિયાણાનો કૅપ્ટન બન્યો તો તેણે મને કારણ વિના ટીમમાંથી કાઢી નાખ્યો હતો. એને કારણે હું તેનાથી ખૂબ ગુસ્સે હતો.' યોગરાજ સિંહે કહ્યું કે 'હું આજ સુધી એ દર્દ ભૂલી નથી શક્યો.' ■

# ખો-ખો વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડની ટીમમાં મૂળ ગુજરાતના બે ટીનેજ ખેલાડી

## ભારતે પહેલી બન્ને મૅચ જીતી લીધી

ન્વી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં ચાલી રહેલા ખો-ખોની રમતના વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલી ૩૦ સભ્યોવાળી ઇંગ્લૅન્ડની ટીમમાં બે એવા ખેલાડી છે જેઓ મૂળ ગુજરાતના ઓશવાલ સમુદાયના છે. એમાં ૧૬ વર્ષના જિયન સૉન્ડર્સનો અને ૧૭ વર્ષની આન્યા શાહનો સમાવેશ છે.

ભારતની આ પરંપરાગત રમતે આ પહેલા જ વિશ્વ કપ સાથે વિશ્વભરમાં લોકપ્રિયતા મેળવી લીધી છે. ઇંગ્લૅન્ડે પહેલી મૅચમાં ઑસ્ટ્રેલિયાને હરાવ્યું હતું.

જિયન સૉન્ડર્સ ૨૦૦ મીટર દોડમાં કેટલાક ચંદ્રક જીતી ચૂક્યો છે. વર્ષો પહેલાં તેના દાદા-દાદી ગુજરાતમાંથી બ્રિટનમાં સ્થાયી થયા હતા. જિયન કહે છે કે 'યુકેમાં લગભગ દરેક ટોચની યુનિવર્સિટીમાં ખો-ખોની રમત રમવામાં આવે છે. એમાં મોટા ભાગના ભારતીય ખેલાડીઓ રમતા હોય છે. અમારા દેશમાં ખો-ખોની રાષ્ટ્રીય સ્પર્ધા યોજાય છે.'

આન્યા શાહ નવ વર્ષની હતી ત્યારથી ખો-ખો રમે છે. તેણે પણ કહ્યું છે કે 'ઇંગ્લૅન્ડમાં હજારો યુવાનો-યુવતીઓ ખો-ખો રમે છે. મારા મમ્મી-પપ્પા અને દાદા-દાદી વર્ષો પહેલાં જામનગરથી ઇંગ્લૅન્ડમાં સ્થાયી થયા હતા. મને નૅશનલ ટ્રાયલ મારફત વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મળ્યું છે.'

દરમ્યાન સોમવારે દિલ્હીમાં ખો-ખોની રમતના સૌપ્રથમ વર્લ્ડ કપ માટેની ભવ્ય ઓપનિંગ સેરેમની યોજાઈ હતી.

દરમ્યાન, ભારતે પુરુષ અને મહિલા, બન્ને વર્ગમાં પહેલી મૅચ જીતી લીધી છે. મેન્સ ખો-ખોમાં ભારતે નેપાળને ૪૨-૩૭થી અને વિમેન્સ ખો-ખોમાં સાઉથ કોરિયાને ૧૭૫-૧૮થી હરાવ્યું હતું. ■

# પાટનગર દિલ્હીમાં ખો-ખોની રમતના સૌપ્રથમ વર્લ્ડ કપનું શાનદાર ઓપનિંગ







રાજધાની દિલ્હીમાં સોમવારે ભારતની પરંપરાગત ખો-ખોની રમતનો સૌપ્રથમ વિશ્વ કપ શરૂ થયો એ પહેલાં એનું શાનદાર ઓપનિંગ યોજાયું હતું. એમાં ભારતના ખેલાડીઓએ રાષ્ટ્રધ્વજ સાથે યોજાયેલી પરેડમાં સૌ કોઈના દિલ જીતી લીધા હતા. એક કલાકારે બલૂન્સમાં આવીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અન્ય પર્ફોર્મર્સે પણ સ્ટેજ પરથી ભારતીય સંસ્કૃતિને પોતાની કલાના માધ્યમથી વિશ્વ સમક્ષ મૂકી હતી. (પીટીઆઇ)

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# બેન્કિંગ ફ્રોડનું બોમ્બાર્ડિંગ

## છ મહિનામાં અધધધધ આઠ ગણો ફ્રોડમાં ઉછાળો




કેશલેસ ટ્રાન્ઝેકશન અને મોબાઇલ બેન્કિંગ જેવી સેવાઓ શરૂ થતાં લોકોએ રાહત તો અનુભવી હતી. તંત્રજ્ઞાનની આ જાદૂઇ ગણી શકાય એવી ક્રાંતિથી અનેક સમસ્યા દૂર થઇ ગઇ હતી, જેમ કે દર વખતે અમુક રોકડા લઇ જવાની કડાકૂડ અને તેના ખોવાઇ જવા કે ચોરાઇ જવાના જોખમોમાંથી મુક્તિ મળી ગઇ. એ જ રીતે, દૂરદૂર સુધી નાણાં મોકલવાની તકલીફો દૂર થઇ ગઇ છે. જોકે, તાજેતરમાં ડિજિટલ ક્રાઇમમાં વધારો થતાં અનેકોનેક જોખમો અને સમસ્યાઓ વધી ગઇ છે.

ખાસ કરીને બેન્કિંગ ફ્રોડનું તો જાણે બોમ્બાર્ડિંગ જ થયું છે. થોડા સમય પૂરતી રાહત બાદ બેન્કિંગ ફ્રોડના નાણાકીય રોગે ફરી ઊથલો માર્યો છે. રિઝર્વ બેન્કના આંકડા અનુસાર દેશમાં ચાલુ નાણાવર્ષના પહેલા છ મહિના દરમિયાન બેન્ક ફ્રોડમાં વધારો થતા કુલ ૧૮,૪૬૧ કેસ નોંધાયા છે, જેમાં રહેલી કુલ રકમ પણ આઠ ગણી વધી રૂ. ૨૧,૩૬૭ કરોડ રહી છે.

રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાએ રજૂ કરાયેલી આંકડાકીય માહિતી અનુસાર એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના સમયગાળા દરમિયાન રૂ. ૨૧,૩૬૭ કરોડની રકમ સાથે ૧૮,૪૬૧ કેસ નોંધાયા હતા જે ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાન રૂ. ૨,૬૨૩ કરોડની રકમ સાથે ૧૪,૪૮૦ કેસ હતા.

આરબીઆઇનો રિપોર્ટ જણાવે છે કે, ફ્રોડને કારણે ફાઇનાન્સિયલ સિસ્ટમ માટે અનેક પ્રકારે પડકારો ઊભા થાય છે, જેમાં પ્રતિષ્ઠાને લગતા જોખમ ઉપરાંત કામગીરી, બિઝનેસ અને ગ્રાહકોના ભરોસામાં ઘટાડો છે. નાણાવર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આરબીઆઇ અનુસાર બેન્કો દ્વારા કરાયેલા રિપોર્ટિંગ અનુસાર ફ્રોડમાં રહેલી રકમ દાયકા દરમિયાન સૌથી નીચલા સ્તરે હતી, જ્યારે સરેરાશ મૂલ્ય પણ ૧૬ વર્ષમાં સૌથી નીચલા સ્તરે હતું.

ફ્રોડની સંખ્યાના આધારે વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ઇન્ટરનેટ અને કાર્ડ ફ્રોડનો હિસ્સો રકમની દૃષ્ટિએ ૪૪.૭ ટકા હતો અને કેસની દૃષ્ટિએ ૮૫.૩ ટકા હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં ખાનગી ક્ષેત્રની બેન્કો દ્વારા નોંધાયેલા ફ્રોડ કેસનો હિસ્સો ૬૭.૧ ટકા હતો. જ્યારે રકમની દૃષ્ટિએ, જાહેર ક્ષેત્રની બેન્કોમાં કાર્ડ અને ઇન્ટરનેટ ફ્રોડનો હિસ્સો સર્વાધિક હતો.

બેન્કિંગ ક્ષેત્રે થાપણોમાં થઇ રહેલા વધારા સાથે ફ્રોડ પણ વધી રહ્યાં છે. વર્ષ ૨૦૨૩-૨૪માં બેન્કોની નફાકારકતામાં સતત છઠ્ઠા વર્ષે વધારો થયો છે અને તેઓની એનપીએ (નિષ્ક્રિય અસ્ક્યામતો) પણ ઘટીને ૨.૭ ટકાએ પહોંચી છે, જે ૧૩ વર્ષનું નીચલું સ્તર દર્શાવે છે. આરબીઆઇના ડેટા અનુસાર દેશના મજબૂત મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સને કારણે સ્થાનિક બેન્કિંગ અને નોન બેન્કિંગ ફાઇનાન્સિયલ સેક્ટર્સનું પ્રદર્શન વધુ મજબૂત બન્યું છે. બેન્કોની નફાકારકતા સતત છઠ્ઠા વર્ષે વધવા સાથે નાણાવર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા છ મહિનામાં પણ સતત વધી છે.

બેન્ક સાથે છેતરપિંડીઓના કિસ્સાની સંખ્યા એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળામાં વધીને ૧૮૪૬૧ થઈ છે અગાઉના વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના એપ્રિલથી સપ્ટેમ્બર મહિના સુધીમાં બેન્ક ફ્રોડની રકમ આઠ ગણાથી વધીને રૂ.૨૧૩૬૭ કરોડ થઈ છે અને તેમાં ૮૫ ટકા કેસ ઈન્ટરનેટ અને કાર્ડ ફ્રોડના હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનો એક રિપોર્ટ જણાવે છે.

આરબીઆઈએ જાહેર કરેલો ટ્રેન્ડ એન્ડ પ્રોગેસ ઓફ બેન્કિંગ ઈન ઈન્ડિયા (ભારતમાં બેંકિંગ ક્ષેત્રે પ્રવાહો અને પ્રગતિ) રિપોર્ટ વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના પ્રથમ છ મહિનામાં કમર્શિયલ બેન્કો, સહકારી બેન્કો અને નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ ઈન્સ્ટિટયુટ્સના કામકાજને આવરી લેવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૪ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમ્યાન રૂ. ૨૧,૩૬૭ કરોડની રકમને સામેલ કરતા ૧૮,૪૬૧ ફ્રોડસ થયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૩ના એપ્રિલથી સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન રૂ. ૨૬૨૩ કરોડની રકમને સમાવતા ૧૪,૪૮૦ કેસ નોંધાયા હતા.

બેન્કો સાથે છેતરપિંડીથી બેન્કિંગ સિસ્ટમની પ્રતિષ્ઠા ખરડે છે તથા બેન્કના સંચાલનમાં અને બેન્કોના બિઝનેસમાં જોખમ ઊભું થતું હોય છે અને ગ્રાહકોનો ભરોસો ઘટી જવાથી સમગ્ર તંત્રની સ્થિરતા જોખમમાં મુકાવાની સંભાવના ઊભી થઈ શકે છે. જો કે સમગ્ર વર્ષ ૨૦૨૩-૨૪માં બેન્કો સાથેની છેતરપિંડીની રકમ તુલનાત્મક રીતે ઓછામાં ઓછી હતી અને સરેરાશ રકમ ૧૬ વર્ષમાં સૌથી ઓછી હતી.

વર્ષ ૨૦૨૩-૨૪ના કુલ રકમની સરખામણીમાં ઈન્ટરનેટ અને કાર્ડ દ્વારા થયેલી છેતરપિંડીનો હિસ્સો રકમની દ્રષ્ટિએ ૪૪.૭ ટકા અને કેસોની સંખ્યાની દ્રષ્ટિએ કુલ સંખ્યામાં ઈન્ટરનેટ અને કાર્ડ ફ્રોડસનો હિસ્સો ૮૫.૩ ટકા હતો.

ખાનગી ક્ષેત્રની બેન્કોના ફ્રોડ કેસની સંખ્યાનો હિસ્સો કુલ ફ્રોડ કેસની સંખ્યાનો ૬૭.૧ ટકા હતો. આ જ વર્ષમાં કાર્ડ અને ઈન્ટરનેટ ફ્રોડસનો હિસ્સો રકમની દ્રષ્ટિએ સૌથી વધુ સરકારી બેન્કોમાં હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં રેગ્યુલેટેડ એન્ટિસી (આરઈ-બેન્ક, વીમા કંપની, વિગેરે) પર દંડની રકમ વિદેશી બેન્ક અને નાની ફાયનાન્સ બેન્કો સિવાય વધી હતી.

પેનલ્ટીની (દંડ)ની કુલ રકમ વર્ષ ૨૦૨૩-૨૪માં બમણાથી વધીને રૂ.૮૬.૧કરોડ થઈ હતી જેમાં જાહેર ક્ષેત્રની અને ખાનગી ક્ષેત્રોની બેન્કો પરનો દંડ વધુ હતો, સહકારી બેન્કો પર લાદવામાં આવેલો દંડ સંખ્યાની દ્રષ્ટિએ વધ્યો હતો જોકે, રકમની દ્રષ્ટિએ ઘટયો હતો.

રેગ્યુલેટેડ એન્ટિકસ સાથે જોડાયેલા હોવાનો ખોટો દાવો ડિજિટલ લેન્ડિંગ (એપ મારફત લોન) સંસ્થાઓ વર્ષ ૨૦૨૩-૨૪માં સક્રિય હતી તેવું સંખ્યાબંધ અહેવાલોથી જાણવા મળ્યું છે. આરઈ સાથે જે ડિજિટલ લેન્ડિંગ એપ (ડીએલએ) સંકળાયેલી છે તે અંગેની ડેટા બેન્ક આરબીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવી છે. સૂચિત ડિપોઝીટરીમાં આરઈ ડેટા રજુ કરશે અને જે ડીએલએ તેમની સાથે જોડાયો હોય અથવા છુટો પડ્યો હોય તેની વિગત આરઈ બદલાવ કરતું રહેશે.

આરબીઆઇએ સૂચન કર્યું છે કે, ડિજિટલ ફ્રોડસ અટકાવવા અને મ્યુલ બેન્ક ખાતાં (નાણાં બીજા કોઈના, બેન્ક ખાતામાં નામ બીજા કોઈનું) વધી રહ્યા છે. તેના પર નિયંત્રણ મેળવવા બેન્કોએ સતત સક્રિય રહેવું જોઈએ. છેતરપિંડી પ્રકારની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મેળવવા બેન્કોએ બેન્ક વ્યવહારો પર ચાંપતી નજર રાખવા યંત્રણા ઊભી કરવાની તાતી આવશ્યકતા છે. સરકારી એજન્સીઓ સાથે સંકલન કરતા રહેવું જરૂરી છે. ■


પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ શા માટે ગ્રીનલેન્ડ ટાપુ અબજો ડૉલર આપીને ખરીદવા માગે છે?

અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હજી ૨૦ જાન્યુઆરીએ હોદ્દો સંભાળવાના છે, પરંતુ ટ્રમ્પ જાણે વિશ્વ સમ્રાટ હોય એમ બધાને ધમકાવી રહ્યા છે. એમણે ગ્રીનલેન્ડ, કેનેડા અને પનામા નહેર પર કબજો જમાવવાની અને હસ્તગત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ માટે એ લશ્કરી બળનો ઉપયોગ કરવાની અને ટેરિફ લાદવાની વાત ઉચ્ચારે છે. ટ્રમ્પની ધમકીથી ડેન્માર્ક હચમચી ગયું છે. ગ્રીનલેન્ડ એક સ્વતંત્ર દેશ નથી અને એના પર ડેન્માર્કનો કબજો છે. ટ્રમ્પે આર્થિક સુરક્ષા માટે ગ્રીનલેન્ડ ખરીદવાની રુચિ દાખવી છે. ડેન્માર્કના વડા પ્રધાન મેટા ફ્રેડરિકસેન કહે છે કે ગ્રીનલેન્ડ ત્યાંના નાગરિકોનો છે અને એ અમે વેચવા મૂક્યો નથી. બીજી બાજુ એવા પણ અહેવાલો છે કે ડેન્માર્કે અમેરિકાને ગુપ્ત રીતે ઓફર મોકલી છે. ગ્રીનલેન્ડના નેતા મુટે ઈજેડ કહે છે કે હું ટ્રમ્પ સાથે વાતચીત કરવા તૈયાર છું. જોકે આ સાથે એ પણ કહે છે કે હું અમારી ટેરિટરી અમેરિકન બને એની ફેવરમાં નથી. અમે સ્વતંત્ર બનવા માગીએ છીએ. અમારા ક્ષેત્રના માસ્ટર બનવા માગીએ છીએ.

ગ્રીનલેન્ડ ૧૮મી સદીથી ડેન્માર્કની વસાહત છે.૧૯૫૩માં ગ્રીનલેન્ડ સ્વ શાસન કરનારો દેશ બન્યો હતો. ગ્રીનલેન્ડે ૨૦૦૯માં સ્વતંત્ર બનવાનો હક્ક મેળવ્યો છે. જોકે આ માટે જનમત લેવો પડે એવી શરત છે. ગ્રીનલેન્ડ તેના સંરક્ષણ માટે ડેન્માર્ક પર આધાર રાખે છે. અમેરિકા માટે ગ્રીનલેન્ડને બળપૂર્વક હસ્તગત કરવું અતિ આસાન છે. ગ્રીનલેન્ડમાં અગાઉથી અમેરિકાનું લશ્કરી મથક છે. હવે સવાલ એ છે કે અમેરિકા અને ડેન્માર્ક બન્ન 'નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન' (નાટો ) નામના લશ્કરી જોડાણના સભ્ય દેશ છે. ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર આક્રમણ કરશે તો 'નાટો'ની કલમ- પાંચનો ભંગ થશે. આ કલમ પ્રમાણે જો કોઈ 'નાટો' દેશ બીજા નાટો' દેશ પર હુમલો કરે તો 'નાટો'નું અસ્તિત્વ જ ખતમ થઈ જાય. યુરોપના દેશો ફ્રાન્સ, જર્મની અને ઈટલીએ ટ્રમ્પની આ હિલચાલનો સખત વિરોધ કર્યો છે. યુરોપના દેશો કહે છે કે આ રીતે ધમકી આપીને તમે તમારા દેશનો વિસ્તાર ન કરી શકો. અમેરિકા બળનો ઉપયોગ કરે તો એના રશિયા અને ચીનમાં શું ફરક છે. રશિયાએ યુક્રેનનો પ્રદેશ પચાવી પાડ્યો છે અને ચીન તેના પડોશી દેશોની જમીન હડપ કરે છે અને એનો ડોળો કયારનો તાઈવાન પર છે. જોકે ટ્રમ્પ તો રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલે છે ત્યારે યુરોપના સાથી દેશોનો સાથ આપવાને બદલે રશિયાના પ્રમુખ પુતીનના આક્રમણના પગલાંને વાજબી ઠરાવે છે. ટ્રમ્પના પુત્ર તો હાલમાં ગ્રીનલેન્ડની એક દિવસની મુલાકાતે જઈ આવ્યા. ટ્રમ્પે એમની પ્રથમ મુદતમાં પણ ગ્રીનલેન્ડમાં રસ દાખવ્યો હતો. અમેરિકા ડેન્માર્ક પર ટેરિફ લગાડે તો એના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને ફટકો પડે. ડેન્માર્ક પાસેથી હિઇયરિંગ મશીન, ડાયાબિટીસની દવા અને ઇન્સ્યુલીન ખરીદે છે. જોકે ટેરિફ લગાવવાથી અમેરિકનોને એ મોંઘા ભાવે મળશે અને અમેરિકનો આ પસંદ નહીં કરે.

કેનેડાની ઈશાને આવેલો સૌથી મોટો ટાપુ ગ્રીનલેન્ડ છે. જોકે ત્યાં ફક્ત ૬૦,૦૦૦ લોકો રહે છે. તેનું લોકેશન અમેરિકા,રશિયા અને યુરોપ વચ્ચે છે , જે આર્થિક અને સંરક્ષણ હેતુ માટે અતિશય વ્યૂહાત્મક છે.



ગ્રીનલેન્ડ કુદરતી રીતે સમૃદ્ધ દેશ છે. ત્યાં કુદરતી વાયુ અને ખનિજોનો ભંડાર છે. બરફથી આચ્છાદિત રહેતો ગ્રીનલેન્ડ ૨૧લાખ ચો કિમીથી વધુ વિસ્તાર ધરાવતો વિશ્વનો સૌથી મોટો ટાપુ દેશ છે. આમ તો આ એક સ્વાયત પ્રદેશ છે, પરંતુ દાયકાઓથી ડેન્માર્કના અધિકારક્ષેત્રમાં આવે છે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એમની ડેન્માર્ક મુલાકાત દરમિયાન ગ્રીનલેન્ડ ખરીદવાના હોવાની ચર્ચાએ જોર પકડયું છે. ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડ ખરીદવાની શક્યતા અંગે સ્ટાફને સૂચના આપવામાં આવી છે. આ સૂચના ડોનાલ્ડ ટ્રમ્પ આગામી સપ્ટેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં ડેન્માર્ક જઇ રહ્યા છે તેની તૈયારીના ભાગરૂપે હોવાનું મનાય છે. ૧૯૪૬માં અમેરિકાએ ડેન્માર્ક પાસે ૧૦ કરોડ ડૉલરમાં ગ્રીનલેન્ડ ખરીદવાનો પ્રસ્તાવ મૂકયો હતો .

એટલું જ નહીં, ગ્રીનલેન્ડના બદલામાં અલાસ્કાનો કેટલોક વિસ્તાર આપવાની ઓફર મુકી હતી, પરંતુ ડેન્માર્કે આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

જો અમેરિકા આ ટાપુ ખરીદવા માગે તો અમેરિકાએ ૧૨.૫ અબજ ડૉલરથી માંડીને ૭૭ અબજ ડૉલર આપવા પડે. અલબત્ત, રાષ્ટ્રીય ગૌરવ, લોકશાહી અને આંતરરાષ્ટ્રીય નિયમોને લીધે આજના સમયમાં એને ખરીદવો મુશ્કેલ છે. જો આના વેચાણમાં બધા સ્ટેકહોલ્ડર તૈયાર થઈ જાય તો આ સદીની વિરલ અને અસામાન્ય ડીલ હશે.

### ગ્રીનલેન્ડ ટાપુની શું શું છે ખાસિયત?

એટલાન્ટિક અને આર્કટિક મહાસાગરની વચ્ચે આવેલા ગ્રીનલેન્ડમાં માત્ર ૬૦ હજાર લોકો વસે છે. ગ્રીનલેન્ડની પ્રતિ વ્યકિત આવક ૨૦ હજાર ડૉલર વાર્ષિક છે. ભૌતિક વિકાસ નથી થયો, પરંતુ માછલી એક્સપોર્ટ કરીને લોકો સારા નાણાં મેળવે છે. ગ્રીનલેન્ડના ટુન્ડ્ર પ્રદેશમાં ફેમસ એસ્કિમો જનજાતિ રહે છે. સતત વધી રહેલા તાપમાનના પગલે બરફ જામવાનું અને ઓગળવાનું જે કુદરતી ચક્ર હતું તે ખોરવાઇ રહ્યું છે. એન્ટાર્કટિકા પછી પૃથ્વી પરનો સૌથી વિશાળ હિમ વિસ્તાર ગ્રીનલેન્ડ છે. એની આઇસ શીટ ઉત્તર અને દક્ષિણ દિશામાં ૨૪૦૦ કિમી સુધી ફેલાયેલી છે. ગત જુલાઇ મહિનામાં ૧૨ અબજ ટન વજન ધરાવતો બરફ દરિયામાં પીગળતો જોવા મળ્યો હતો.

ગ્રીનલેન્ડ નામ સાંભળીને એવું લાગે કે નરી હરિયાળી હશે, પરંતુ તેનાથી બિલકુલ વિપરિત એ શૂન્ય ટકા જંગલ વિસ્તાર ધરાવે છે. ગ્રીનલેન્ડ ભલે ગ્રીન નથી , પરંતુ તેની નીચે તેલ અને ગેસનો વિશાળ ભંડાર છુપાયેલો છે. આર્કેટીંક અને ગ્રીનલેન્ડના વિસ્તારો પર અમેરિકા ઉપરાંત ચીન જેવી મહાસત્તાનો ડોળો છે. તોતિંગ તેલ કંપનીઓ ગ્રીનલેન્ડને અલગ પાડતા સમુદ્ર પાસે ટેસ્ટ ડ્રિલિંગ કરવા ઇચ્છે છે. જળવાયુ પરિવર્તનની અસરથી ઉત્તર ધ્રૂવમાં બરફની સપાટી પાતળી થઇ રહી હોવાથી ઉનાળામાં આઇસબ્રેકર જહાજોની હરકતો પણ વધવા લાગી છે.

ગ્રીનલેન્ડમાં રેલવે નથી અને રસ્તાઓ પણ ખાસ જોવા મળતા નથી. એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે સ્લેજ, હેલિકૉપ્ટર કે હોડીનો ઉપયોગ થાય છે.

ગ્લોબલ વોર્મિંગની દુનિયા પર જે માઠી અસર થવાની છે તેની ગવાહી ગ્રીનલેન્ડના ઓગળતા ગ્લેશિયરો આપી રહ્યાં છે. ગ્રીનલેન્ડમાં માત્ર એક જ દિવસમાં બે બિલિયન ટન બરફ પીગળી રહ્યો છે. આથી વૈજ્ઞાનિકોને ડર છે કે ગ્રીનલેન્ડનો બરફ આમ પીગળતો જ રહેશે તો દરિયાની જળ સપાટી વધવાનો ખતરો તોળાઇ રહ્યો છે. ગ્રીનલેન્ડના ગ્લેશિયર અને હિમ સમૂહ જો સાવ પીગળે તો ૨૮,૫૦,૦૦૦ ઘન કિમી પાણી બને તેનાથી સમગ્ર વિશ્વના મહાસાગરોની સપાટી ૭.૨ મીટર સુધી વધે તો પૃથ્વી પરના પ્રલયને કોઇ રોકી શકે નહીં.

વિશ્વમાં ગ્રીનલેન્ડ એક માત્ર એવો દેશ છે જ્યાં ઉનાળા દરમિયાન સૂરજ આથમતો ન હોવાથી રાત્રે પણ જોઇ શકાય છે! ■

ક્રાઈમ પ્લસ
પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# ધમકી: ક્યારેક અવળી સાબિત થઈ શકે





**તમારી** આજુબાજુ એવા ઘણા લોકો મળશે જે તમને નાની નાની વાત પર ધમકાવવા લાગે છે. કદાચ તેઓ જાણતા નથી કે ધમકી આપવી એ પણ ગંભીર ગુનો છે. આના માટે પોલીસ દ્વારા તમારી ધરપકડ પણ થઈ શકે છે એટલું જ નહીં પરંતુ તમને બે થી સાત વર્ષની સજા પણ થઈ શકે છે. હા, જ્યારે દેશનો ફોજદારી કાયદો ભારતીય દંડ સંહિતાના સ્વરૂપમાં સંકલિત કરવામાં આવ્યો હતો, ત્યારે આઈપીસીની કલમ ૫૦૬ હતી, જેમાં સામાન્ય ગુનાહિત ધમકી માટે બે વર્ષની સાદી સજા અથવા દંડ અથવા બંનેની જોગવાઈ હતી. જ્યારે હવે, આઇપીસી ને ભારતીય ન્યાયિક સંહિતા એટલે કે બીએનએસમાં રૂપાંતરિત કર્યા પછી, આઇપીસીની કલમ ૫૦૬ માટે બીએનએસની કલમ ૩૫૧ (૨) (૩) ની જોગવાઈ લાગુ કરવામાં આવી છે. જે કોઈપણ વ્યક્તિને ભૌતિક, પ્રતિષ્ઠા અથવા મિલકત સંબંધિત નુકસાન પહોંચાડવાની ધમકી આપવા માટે લાગુ પડે છે.

હવે આ કલમની પેટા-કલમ ૧ મુજબ, જો કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિને તેની પ્રતિષ્ઠા અથવા સન્માનને નુકસાન પહોંચાડવાની ધમકી આપે છે, જેના કારણે જે વ્યક્તિને ધમકી આપવામાં આવી છે, તે ડરથી કોઈ કૃત્ય કરે છે અથવા ડરને કારણે કોઈ કૃત્ય ન કરે, તો તેને બીએનએસની ૩૫૧ની આ પેટા કલમ (૧) લાગુ પડે છે. અને જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ અથવા તેના પ્રિયજનને ગંભીર ઈજા પહોંચાડવાની, મિલકતને આગ લગાડવાની, સ્ત્રી સાથે ગેરવર્તન વગેરેની ધમકી આપે છે, તો તેને બીએનએસની કલમ ૩૫૧ની પેટા-કલમ (૩) લાગુ પડે છે. હવે તે પહેલા કરતાં વધુ ગંભીર અપરાધ માનવામાં આવે છે, તેથી જો કોઈ વ્યક્તિ પર બીએનએસની કલમ ૩૫૧ (૩) હેઠળ આરોપ મૂકવામાં આવે છે, તો તેને ૭ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે.

આઇપીસીની કલમ ૫૦૬ને બીએનએસની કલમ ૩૫૧ (૨) (૩) માં બદલી દેવામાં આવી છે કારણ કે તે ગુનાઓની ગંભીરતાને વધુ સ્પષ્ટ કરે છે. આ ફેરફારનો હેતુ કાયદાને વધુ સ્પષ્ટ અને વધુ અસરકારક બનાવવાનો હતો જેથી કરીને ગુનેગારોને તેમના દ્વારા અપાતી ધમકીઓ માટે યોગ્ય સજા મળી શકે. જ્યાં સુધી આ ગુનો આઈપીસીની કલમ ૫૦૬ હેઠળ આવતો હતો, ત્યાં સુધી આ કલમ હેઠળ, કોઈ વ્યક્તિને તેના શરીર, પ્રતિષ્ઠા, સંપત્તિ વગેરેને નુકસાન પહોંચાડવાની ધમકી આપવી એ માત્ર એક સામાન્ય ગુનો માનવામાં આવતો હતો અને મહત્તમ સજા બે વર્ષ અથવા દંડ અથવા બંને થઈ શકે છે. ત્યારે તેમાં એક અલગ જોગવાઈ હતી કે જો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવે તો સજા વધારીને ૭ વર્ષ થઈ શકે છે. હવે આ માટે કોઈ અલગ જોગવાઈ નથી, હવે આ એક કલમને ત્રણ અલગ-અલગ ભાગો ૩૫૧ (૧) (૨) (૩)માં બદલવામાં આવ્યો છે.

આમ, જૂની આઇપીસીની કલમ ૫૦૬ને બીએનએસની કલમ ૩૫૧ (૧) (૨) (૩)માં બદલીને તેની અસર વધુ સ્પષ્ટ અને વ્યાપક બનાવવામાં આવી છે. આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ કલમ છે જેના વિશે દરેક ભારતીયે જાણવું જોઈએ, જેથી તેઓ તેમની રોજિંદી વાતચીત અને માતૃભાષામાં કોઈને પણ ધમકી આપવાનું ટાળી શકે. કેટલાક લોકો ભલે કોઈની સાથે ખોટું ન કરતા હોય, પરંતુ તેમને વાત કરતી વખતે સામેની વ્યક્તિને ધમકાવવાની આદત હોય છે, આ ખતરનાક છે. તેનાથી બચવું ખૂબ જ જરૂરી છે. જો તમે ધમકી આપવાની ક્રિયાને ખૂબ જ સંવેદનશીલ ન માનતા હોવ અને કોઈને આકસ્મિક રીતે ધમકાવશો તો તે તમારા માટે ખૂબ મોંઘું સાબિત થઈ શકે છે. તેથી, કોઈની સાથે વાત કરતી વખતે, તેને ધમકી આપવી જોઈએ નહીં. તેમજ કોઈને કંઈપણ કરવા માટે ઉશ્કેરવું જોઈએ નહીં. કારણ કે ઉશ્કેરણી એ પણ બ્રેઇન વોશ કરવાનો પ્રકાર જ છે અને તેને પણ ધમકી આપવાની પ્રક્રિયાનો એક ભાગ માનવામાં આવે છે. જ્યારે આપણે કોઈને કહીએ છીએ કે હું તને જોઇ લઈશ, મારા આવા - એવા લોકો સાથે સંપર્ક છે, તો તે શબ્દો દ્વારા આપેલી એક પ્રકારની ધમકી જ છે.

બાય ધ વે, ગુનાહિત ધમકીની સ્પષ્ટ વ્યાખ્યા એ છે કે જો કોઈ વ્યક્તિ કોઈને તેને અથવા તેના પ્રિયજનોને શારીરિક અથવા માનસિક નુકસાન પહોંચાડવાની ધમકી આપે છે, તો આ ધમકી પોતે જ તે વ્યક્તિને ગુનેગાર ગણવા માટે પૂરતું કારણ છે. કોઈને ધમકાવવાનું એટલા માટે ટાળવું જોઈએ કારણ કે તેનાથી જેને ધમકાવવામાં આવે છે, તેના જીવવાના મૂળભૂત અધિકારને અસર થાય છે. ભયમુક્ત વાતાવરણમાં જીવવું એ દરેકનો બંધારણીય અધિકાર છે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સુંદરતાનું આકર્ષણ... થોડી હકીકત તો થોડા ફસાના

**સૌંદર્યનું** આકર્ષણ ખાલી માનવજાતમાં જ નથી, પશુ-પંખી બધે જ છે. એક ઢેલ સામે ત્રણ ચાર મોર નાચતા હોય તો ઢેલ કોને પસંદ કરશે?

ફ્રાન્સમાં અભ્યાસ થયો કે જે મોરના પીંછામાં આંખનો રંગ વધુ ગાઢ હશે એ તરફ ઢેલ આકર્ષિત થશે. ઇન શોર્ટ, દરેક પાસે પોતાના ક્રાયટેરિયા-માપદંડ હોય છે. ક્યારેક આકર્ષિત થવા માટે ગુનાહિત ભાવના જાગ્રત થાય તો પોતાની જાતને પૂછવું કે શા માટે આકર્ષણ થયું? સામેની વ્યક્તિની વાતો ગમે કે સ્ટાઇલ પસંદ પડી કે પછી હાસ્ય પસંદ પડ્યું...?

બાકી સુંદરતાના આકર્ષણ માટે જે આદર્શ વાતો થતી હોય છે એમાં વ્યાવહારિક રીતે ખાસ દમ હોતો નથી. નહીં તો માસ્ક પહેરેલી સ્ત્રીની સુંદરતા કેવી રીતે આકર્ષક લાગતી હોય? જયારે સિલેબસ કે આપણી સમજણ બહારના સવાલ ઉદભવે તો જવાબ શોધવાના પ્રયાસ કરવા જોઈએ. માસ્ક પહેરેલી સ્ત્રીની આંખો આકર્ષિત કરતી હોય છે.

એક અભ્યાસ મુજબ સ્ત્રીની બે આંખના કેન્દ્ર વચ્ચેના અંતરમાં સુંદરતા શોધવામાં આવે છે. આંખોના કેન્દ્ર વચ્ચેનું અંતર ઓછું હોય ત્યારે બંને આંખો માણી શકાય છે. આંખોના ઓછા અંતરવાળી સ્ત્રી આકર્ષક લાગતી હોય છે, એમાં ગાઢ કલર પણ ભાગ ભજવતો હોય છે. હા, માસ્ક ન હોય તો સનગ્લાસ ચહેરાને વધુ આકર્ષિત કરે છે. જો કે આકર્ષણ માત્ર સુંદરતા તરફ જ નથી હોતું, ઘણીવાર સરેરાશ ચહેરા માટે પણ આકર્ષણ થતું હોય છે. સિમ્પલ, મગજને સરેરાશ ચહેરા જોવામાં વધારે શ્રમ કરવો પડતો નથી કે કોઈ ચહેરા સાથે મેચ કરવો પડતો નથી.

મનોવિજ્ઞાન એવું માને છે કે વધારે સુંદરતામાં ય મજા નથી. વધુ આકર્ષક ચહેરા ધરાવનારા ગુનેગારો પર પોલીસ અને જજની વધારે કડક નજર રહેતી હોય છે. સરેરાશ ચહેરાવાળા કરતાં સુંદર લોકોને વધારે સજા થવાની સંભાવના રહે છે. સામા પક્ષે એ પણ હકીકત છે કે કોર્પોરેટવાળા ઉચ્ચ હોદ્દા પર દેખાવડી વ્યક્તિને વધુ પસંદ કરતી હોય છે, ઇવન, પોલિટિક્સમાં જેટલું મહત્ત્વ શશી થરુરને મળે છે એવું ઘણા ટેલેન્ટેડ રાજકારણીઓને નથી મળતું,

કારણ? સુંદરતા અને આકર્ષવાની ક્ષમતા. કદાચ આવા જ કોઈ કારણોસર સરેરાશ અમેરિકન વ્યક્તિ શિક્ષણ કરતાં વધુ ખર્ચ દેખાવ માટે કરતી હોય છે.



પ્રતીકારત્મક તસવીર

આમ તો આકર્ષણ હોર્મોન સાથે સંબંધ ધરાવે છે. હોર્મોન્સમાં ફેરફાર કરીને વ્યક્તિને આકર્ષક બનાવી શકાય કે નહીં એવાં સંશોધનો થયા છે. ઇવન, પુરુષના પરસેવામાં એવાં લોભામણાં કેમિકલ લોચા હોય છે, જે સ્ત્રીઓને આકર્ષી શકે છે.! આ જ પુરુષ સ્ત્રીના આંસુની ગંધ વેઠી શક્તો નથી, એનો મૂડ જતો રહે છે. એવું માનવામાં આવે છે કે વધુ પડતા સંગીત સાંભળતી વ્યક્તિને શરદી જલ્દી થાય છે, જે પ્રેમ કરવાથી જ મટી શકે છે...! સંગીત સાંભળતાં સાંભળતા ગમતા સાથીને સ્પર્શ કરવાનું ખૂબ મન થતું હોય છે અને એને આડઅસર તરીકે શરદી મટી જાય છે.

માનો કે ના માનો , પણ હકીકત એ છે કે સુંદરતા સ્વયં એક પ્રકારની શક્તિ છે. ઘણા કેસમાં માની લેવામાં આવે છે કે સુંદર વ્યક્તિનું સ્વાસ્થ્ય પરફેક્ટ હોય છે. ઘોડિયામાં હોય એવા ટેણિયાઓ સુંદર ચહેરા જોવાની સાથે સુંદર આંખો જોવા માટે વધુ સમય ફાળવતા હોય છે. હા, એમાં પણ પરિચિત ચહેરા એમને વધુ આકર્ષિત લાગતા હોય છે. વ્યક્તિ તરફ આકર્ષાવું કે આકર્ષણ થાય એ માટેની પહેલી બારી આંખો જ હોય છે.

પુરુષ સુગંધથી ખેંચાણ અનુભવે, જ્યારે સ્ત્રી આકર્ષણ અનુભવે ત્યારે એનો અવાજ આપોઆપ થોડો મોટો-ભારે કે માદક થવા લાગે છે. સ્ત્રીનો અવાજ મોટો થાય એ સમયે પુરુષ ઇચ્છતો હોય છે કે સ્ત્રી ધીમેથી બોલે. એ જ રીતે જયારે કોઈ વ્યક્તિને ગમતી વાત સાંભળીને શરમ આવે ત્યારે એના ચહેરા પર લોહીનો પ્રવાહ વધી જાય છે અને ચહેરા પર લાલાશ આવી જાય છે. બીજા અર્થમાં સામી વ્યક્તિ તમને જીતી રહી છે અને એને જીતનું આકર્ષણ થાય છે. સુંદરતાને સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી માનવામાં આવે છે. સ્વાસ્થ્ય સારું હોય ત્યારે ચહેરા પર લાલાશ જોવા મળે છે. આ જ કારણે સ્ત્રી પર લાલ રંગ વધુ આકર્ષિત કરે છે, એ પછી કપડા હોય કે લિપસ્ટિક.

આકર્ષણનું એક ઓર કારણ, પોતાના જેવો સ્વભાવ, પોતાના માતા - પિતા કે નજીક રહેલી વ્યક્તિ જેવો સદભાવ, સરખા વાળ, ચામડીનો રંગ, બોલવાની પદ્ધતિ, ફેશનનું કોઈ એક લક્ષણ પણ સમાન હોય તો આકર્ષણ થતું હોય છે, કેમ કે માણસને પોતાના પર જે વિશ્વાસ હોય છે એ જ સામી વ્યક્તિમાં દેખાય છે. આ કારણે તો નાની ઉંમરની મહિલા મોટી ઉંમરના પુરુષ તરફ આકર્ષાય છે.

સ્ત્રી પણ એવા પુરુષ તરફ આકર્ષાય છે, જે પુરુષ બધી સ્ત્રીને મસ્ત સ્માઇલ આપી શક્તો હોય તો ભાઈલોગ, રાહ કોની જોવો છો? સદાય સેક્સી સ્મિત ફરકાવતા રહો. હા, એક વાત ખાસ યાદ રાખજો કે સ્માઈલ વખતે તમારા દાંત રંગબેરંગી ના હોય! પુરુષની અધકચરી દાઢી પણ આકર્ષણનું કેન્દ્ર છે.

-અને હા, બંને પક્ષ એક વાત યાદ રાખજો. ‘આઇ લવ યુ કહો’ કે પ્રેમની વાતો કરો તો સામેની વ્યક્તિ ડાબા કાને સાંભળે એવું ધ્યાન રાખવું. એક અભ્યાસ મુજબ ડાબા કાને સાંભળવાથી થતી લાગણીનું પ્રમાણ જમણા કાન કરતાં ૬% વધારે હોય છે.! ■

**ધ એન્ડઃ**

*દુર્ભાગ્ય કમજોર સ્થાન શોધી લે છે*

*(કાલિદાસ)*

સ્પોર્ટ્સ પ્લસ ___ સાશા શર્મા
feedback@bombaysamachar.com

# સનસનાટીભરી બોલિંગ ને જોરદાર બેટિંગ વચ્ચે સ્લેજિંગનું આ તોફાન..!!





**વિરાટ** કોહલીની ગણતરી વિશ્વના મહાન ક્રિકેટરોમાં થાય છે. ક્રિકેટ રમતો એવો કોઈ દેશ નથી, જ્યાં તેમના લાખો ચાહકો ન હોય. આનો પુરાવો એ છે કે ભારત સાથે રાજકીય તણાવ હોવા છતાં, પાકિસ્તાનમાં તેના ચાહકો ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન વિરાટના નામનું ટી-શર્ટ પહેરીને રસ્તાઓ પર આવી જાય છે, પોલીસ દ્વારા ધરપકડનો ભય હોવા છતાં. તેમને પોતાની પ્રેરણા માનનારા કિશોરો અને યુવા ખેલાડીઓની સંખ્યા વિશ્વમાં લાખોમાં છે. શું તમે કલ્પના કરી શકો છો કે આટલો લોકપ્રિય અને આદરણીય સિનિયર ખેલાડી વિરાટ કોહલી આવી નાનીમોટી હરકતો કરી શકે છે, જેના માટે એક સમયે બેકાબૂ ઓસ્ટ્રેલિયન અને બાદમાં ઘણા પાકિસ્તાની ખેલાડીઓ ખાસ કરીને શાહિદ આફ્રિદી બદનામ હતા? હા, બોર્ડર ગાવસ્કર ટ્રોફીની મેલબર્ન ખાતેની ચોથી ટેસ્ટ મેચના પહેલા દિવસે વિરાટ કોહલીએ આવું જ કર્યું, જ્યારે તે જાણીજોઈને ૧૯ વર્ષીય ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સેમ કૉન્સ્ટેન્સ સાથે ટકરાયો. આખી દુનિયાએ કેમેરામાં જોયું કે કેવી રીતે કોહલીએ તેને કોણી મારી હતી. આ પછી પણ, તે એક નાનો ખિલાડી જેની આ ડેબ્યૂ મેચ હતી, કોહલી તેની સાથે વિવાદ કરતો જોવા મળ્યો. આનાથી વિશ્વભરના ક્રિકેટ પ્રેમીઓ વચ્ચે તેની માત્ર ટીકા જ ન થઈ, પરંતુ તે ઓસ્ટ્રેલિયામાં જ્યાં તેના એક અવાજે લાખો ચાહકો ઘરની બહાર નીકળી જતા હતા, બીજા દિવસે જ્યારે તે ૩૬ રન કરીને પેવેલિયન પરત ફરી રહ્યો હતો, ત્યારે ઓસ્ટ્રેલિયન દર્શકોએ તેને ચિડાવવા ખૂબ બૂમો પાડી જ્યાં તેની લગભગ પૂજા કરવામાં આવી રહી હતી. આના પર કોહલી ફરી એકવાર પોતાનો ગુસ્સો ગુમાવતો જોવા મળ્યો.

સવાલ એ છે કે, કોહલી જેવો મહાન ખેલાડી, જેણે ક્રિકેટની દુનિયામાં લગભગ બધું જ હાંસલ કર્યું છે, જેની કોઈ પણ ખેલાડી ઈચ્છા રાખે છે, તે આખરે શા માટે એટલો ગુસ્સે થઈ જાય છે કે તે પોતાનું માન, સન્માન અને દરજ્જો ભૂલીને ખૂબ જ ખરાબ વ્યવહાર કરે છે? વિરાટ કોહલી જેવા મહાન ખેલાડીએ મેલબર્નમાં જે કંઈ કર્યું, તેની આખી દુનિયામાં ટીકા તો થઈ જ, આઈસીસી મેચ રેફરીએ તેને આ અંગે કડક ચેતવણી આપતાં તેની ૨૦ ટકા મેચની ફી કાપી લીધી, સાથે એક ડિમેરિટ પોઈન્ટ પણ તેના ખાતામાં ઉમેરવામાં આવ્યો. દંડ ભરીને કોહલી મોટી સજાથી તો બચી ગયો, પરંતુ શું તે ક્રિકેટ પ્રેમીઓમાં સન્માન પાછું મેળવી શકશે જે તેણે તેની છેલ્લા દોઢ દાયકાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં અથાક મહેનત અને પ્રતિભાથી મેળવ્યું હતું? સવાલ એ છે કે વિરાટે આવું કેમ કર્યું? શું સતત રન ન બનાવી શકવાના કારણે કોહલી દબાણમાં છે? તે ચોક્કસપણે દબાણ હેઠળ છે, તે દેખાઇ રહ્યું છે અને આવું હોવું પણ જોઈએ. જ્યારે કોઈ ખેલાડીની આટલી ખ્યાતિ હોય ત્યારે તેણે ઓછામાં ઓછી દરેક ચોથી કે પાંચમી ઇનિંગ્સમાં મોટો સ્કોર બનાવવો જ જોઈએ. પરંતુ તાજેતરનાં વર્ષોમાં કોહલીની રમત ઉતાર-ચઢાવથી ભરેલી રહી છે. કેટલીકવાર તે એવો જોશમાં હોય છે કે લાગે કે તે આઉટ જ નહીં થાય અને ક્યારેક તે ગલી ક્રિકેટના ખેલાડીઓની જેમ વારંવાર તે જ રીતે આઉટ થતો રહે છે.

જો કે, ગંભીર પ્રશ્ન પર પાછા આવીએ કે, શું કોહલી સતત રન ન બનાવી શકવાને કારણે એટલો નિરાશ થઈ ગયો છે કે જ્યારે તે સનસનાટીભર્યા બોલિંગ વચ્ચે વિસ્ફોટક બેટિંગ ન કરી શક્યો ત્યારે તેણે સ્લેજિંગનો આશરો લીધો? જો આવું છે તો કોહલી ઘણું ખોટું કરી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે એક વ્યૂહરચના તરીકે સ્લેજિંગનો ઉપયોગ એક સમયે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ દ્વારા વિકસાવવામાં આવ્યો હતો અને એક સમયે તેઓએ તેનો ઘણો ફાયદો પણ ઉઠાવ્યો હતો. પરંતુ આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ ભલે ધ્યાન ભટકાવીને કેટલાક મહાન ખેલાડીઓને સસ્તામાં આઉટ કરવામાં સફળ થયા હશે. પરંતુ બધું હોવા છતાં, માત્ર સ્લેજિંગના કારણે ન તો કોઈ ટીમ સતત મેચો જીતી શકે છે અને ન તો પ્રતિભાશાળી ખેલાડી દરેક વખતે વિચલિત થઈ શકે છે.

ઓસ્ટ્રેલિયાની આ રણનીતિ વચ્ચે સચિન તેંડુલકર તેમની સામે શાનદાર બેટિંગ કરતો હતો. વીવીએસ લક્ષ્મણ અને રાહુલ દ્રવિડે પણ આ સ્લેજિંગથી ભટક્યા વિના ઘણી વખત ઓસ્ટ્રેલિયા સામે લાંબી આકર્ષક ઇનિંગ્સ રમી છે. માત્ર ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની સ્લેજિંગ જ નહીં, એક સમયે ભારતીય બેટ્સમેનોની વિસ્ફોટક ચોકડી (સચિન, સેહવાગ, સૌરવ, રાહુલ)એ પાકિસ્તાન સામે પણ ખૂબ જ આકર્ષક અને લાંબી ઇનિંગ્સ રમી છે, જ્યારે શાહિદ આફ્રિદી, આકિબ જાવેદ, શોએબ અખ્તર અને કહેવાતા વસીમ અકરમ પણ સ્લેજિંગનો આશરો લેતા હતા. આખરે, આ સ્લેજિંગની બીમારી વિશ્વ ક્રિકેટમાં ક્યારે અને ક્યાંથી આવી? જો કે, આજે વિશ્વના ઘણા દેશોમાં અને અમુક ખેલાડીઓ તો તમામ દેશો સાથે સ્લેજિંગ કરવા માટે કુખ્યાત છે. પરંતુ ૬૦ અને ૭૦ ના દાયકામાં આ રોગ વિશ્વ ક્રિકેટમાં માત્ર ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ દ્વારા દાખલ થયો હતો. ૧૯૭૦ ના દાયકામાં પ્રથમ વખત, ઓસ્ટ્રેલિયન ઝડપી બોલરો માનસિક રીતે હેરાન કરવા માટે રમત દરમિયાન હરીફ ખેલાડીઓ, ખાસ કરીને અંગ્રેજી ખેલાડીઓ સામે અપમાનજનક અથવા કટાક્ષપૂર્ણ ટિપ્પણીઓ કરતા હતા. આ કારણે ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ ઈંગ્લેન્ડમાંથી એક-બે એશિઝ ટ્રોફી પણ જીતી ચૂક્યા છે.

પરંતુ ૧૯૯૦ માં, આઇસીસી એ સ્લેજિંગને ગંભીર સમસ્યા તરીકે ઓળખી, જેને કારણે ‘ક્રિકેટની સ્પિરિટ’ પર પ્રશ્નો ઉભા થયા. આઈસીસીએ આ તરફ જરૂરી ધ્યાન ત્યારે આપ્યું જ્યારે ઈંગ્લેન્ડના માઈક ગેટિંગ અને પાકિસ્તાની અમ્પાયર શકુર રાણા વચ્ચે સ્લેજિંગને લઈને ઉગ્ર ચર્ચા થઈ. એકવાર જ્યારે ચર્ચા શરૂ થઈ ત્યારે પાછું વળીને બધી વસ્તુઓ પર નજર નાખવામાં આવી કે આખરે આ જેન્ટલમેનની રમત પર સ્લેજિંગનો કલંક લાવનારા ખેલાડીઓ કોણ છે? આ પ્રક્રિયામાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું કે કેવી રીતે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની આવી ક્રિયાઓએ વિશ્વ ક્રિકેટમાં બદનામ કર્યું છે. આશ્ચર્યની વાત એ છે કે વર્ષ ૨૦૦૮માં ભારતીય ખેલાડી હરભજન સિંહ એક મોટા વિવાદમાં ફસાઈ ગયો હતો. હકીકતમાં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ સિડની ટેસ્ટ દરમિયાન હરભજન સિંહે એન્ડ્રુ સાયમન્ડ્સને ભારતીય અપશબ્દોમાં ‘મા કી...’ કહ્યું હતું. પરંતુ આ ભારતીય સ્લેંગથી અપરિચિત એન્ડ્રુ સાયમન્ડ્સને લાગ્યું કે હરભજન સિંહ તેને વાનર કહી રહ્યો છે. આના પર એન્ડ્ર્યુ સાયમન્ડ્સે મેદાનમાં ભારે હંગામો મચાવ્યો હતો.

છેલ્લી સદીના નેવુંના દાયકામાં એવું માનવામાં આવતું હતું કે સ્લેજિંગ એક ખતરનાક પ્રવૃત્તિ છે, જે ક્રિકેટ જેવી જેન્ટલમૅન્સ ગેમને બરબાદ કરી શકે છે. આથી, સ્લેજિંગ સામે કડક કાર્યવાહી માટે નિયમો બનાવવામાં આવ્યા, આનાથી સ્લેજિંગ અમુક અંશે બંધ થઈ, પરંતુ સંપૂર્ણપણે સમાપ્ત થઇ નથી. સ્લેજિંગ માટે બદનામ ઓસ્ટ્રેલિયન ટીમે તેની વિરોધી ટીમને માનસિક રીતે હેરાન કરવા કે મેન્ટલ ડિસએન્ટિગ્રેશનની રણનીતિ તરીકે ઉપયોગ કર્યો, સાથે તેમણે તેને રમતના એક ભાગ તરીકે સ્વીકાર કરાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આઇસીસી દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો નહીં. તેમ છતાં, આ ચેપી બીમારી ઓસ્ટ્રેલિયાની ટીમથી વિશ્વની અન્ય ટીમોમાં પણ ફેલાઈ ગઈ. ઓસ્ટ્રેલિયાની જેમ આજે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને પાકિસ્તાનના ખેલાડીઓ સ્લેજિંગ માટે કુખ્યાત બની ગયા છે. ભારતમાં પણ, હરભજન સિંહ અને વિરાટ કોહલી જેવા સાથે તેવા થવા માટે સ્લેજિંગ કરતા જોવા મળ્યા છે. ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ખેલાડીઓમાં રિકી પોન્ટિંગ, શેનવોર્ન અને ગ્લેન મેકગ્રા આ માટે સૌથી વધુ બદનામ રહ્યા છે. બેન સ્ટોક્સ અને જેમ્સ એન્ડરસને ઈંગ્લિશ ખેલાડીઓમાં ખ્યાતિ મેળવી છે, જ્યારે પાકિસ્તાનમાં શાહિદ આફ્રિદી, શોએબ અખ્તર, આકિબ જાવેદ, વકાર યુનિસ અને વસિમ અકરમ આ યુદ્ધમાં જાણીતા યોદ્ધા રહ્યા છે. એક સમયે દક્ષિણ આફ્રિકાનો ડેલ સ્ટેન તેની આક્રમક બોલિંગની સાથે સાથે તોફાની સ્લેજિંગ માટે પણ જાણીતો હતો. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# તમિળનાડુનું આ વિષ્ણુ (શ્રીરંગનાથ સ્વામી) મંદિર વૈકુંઠધામ તરીકે ઓળખાય છે





**‘ભારતમાં** ધાર્મિક તિર્થાટન અસંખ્યને એકસ્ટ્રા ઓડિનરી છે...!? દરેક રાજ્યની સ્થાપત્ય કલા ભિન્ન-ભિન્ન હોય છે ને ધાર્મિક રીતરિવાજ પણ અળગા હોય છે!? તેમ છતાં ભારતનું ભ્રમણ કરીએને તો સાચી સ્થાપત્ય કલાનો તાગ લઈ શકીએ. ‘ભારતનું તમિળનાડુના મંદિરો જરા હટકે છે. જેના પ્રવેશદ્વાર મંદિર કરતા સપ્તરંગી ને કલાકોતરણીનો ભવ્યતાતિ ભવ્ય વરસો નિરખવા મળે. તિરુચિરાપલ્લી તમિળનાડુમાં આવેલ ‘શ્રીરગંમ મંદિર’ ભારત ખાતે આવેલું છે. દ્રવિડિયન સ્થાપત્ય શૈલીમાં બાંધવામાં આવેલ આ મંદિરને તમિલ કવિ-સંતો દ્વારા તેમના સિદ્ધાંતમાં ‘અલ્વાર’ તરીકે ઓળખવામાં આવેલ છે. નાલાપીરા દિવ્ય પ્રબંધમ અને સમર્પિત ૧૦૮ દિવ્ય દેશમ્‌માં અગ્રગણ્ય હોવાનો સનન્ય વિશિષ્ટતા ધરાવે છે.

શ્રીરંગમ ખાતે રંગનાથ સ્વામી મંદિર જેને પેરિયાકોવિલ (મોટા મંદિર) ભુલોકા વૈકુંઠમ અને શ્રીરંગમ તિરુપતિ તરીકે પણ ઓળખવામાં આવે છે...! તે તિરુચિરાપલ્લી શહેરની ઉત્તરે પણ ઓળખવામાં આવે છે. તે તિરુચિરાપલ્લી શહેરની ઉત્તરે લગભગ ૧૨ કિલોમીટર દૂર આવેલું છે. મંદિરનું સ્થળ કાવેરી નદી અને કોલ્લીડમ નદીથી ઘેરાયેલા એક મોટા ટાપુ પર છે. તે સપ્ત - પ્રકારમ ડિઝાઈન સાથે મંદિરના નગર તરીકે વિશાળ અને આયોજિત છે, જ્યાં ગર્ભગૃહ, ગોપુરમ, સેવાઓ અને રહેવાનો વિસ્તાર સાત કેન્દ્રિત બિડાણોમાં સહ-સ્થિત છે. મધ્યયુગીન સદીઓ પછી રેમ્પાર્ટ દિવાલો ઉમેરવામાં આવી હતી. જેણે તેના આક્રમણ અને વિનાશ જોયા હતા! મંદિરનાં સ્મારકો સંકુલની અંદરના પાંચ બિડાણો જોયા હતા. મંદિરના સ્મારકો સંકુલની અંદરના પાંચ બિડાણોની અંદર સ્થિત છે! જે બહારના બિડાણમાં રહેવાની જગ્યા અને માળખાકીય સુવિધાઓથી ઘેરાયેલા છે. અસંખ્ય ગોપુરમ સપ્ત-પ્રકારના બિડાણને જોડે છે, જે યાત્રાળુઓ અને મુલાકાતીઓને ઘણી દિશાઓથી ગર્ભગૃહ સુધી પહોંચવા દે છે. આ સ્થળમાં બે મુખ્ય મંદિરોનો સમાવેશ થાય છે. એક રંગનાથ તરીકે વિષ્ણુનું અને બીજું જંબુકેશ્વર તરીકે શિવનું. આ ટાપુ પર કેટલીક ‘ગુફા મંદિર’ છે જે બંને કરતા જૂના છે.



એક દંતકથા અનુસાર ચાર બાળ ઋષિ સનકા, શ્રીરંગમમાં રંગનાથના દર્શન માટે આવ્યા હતા. તેઓને વૈકુંઠનાં વાલીઓ જયા અને વિજયાએ રોકયા હતા. તેમની વિનંતીઓ છતાં તેમને પ્રવેશ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. ગુસ્સામાં ચારેય જણાએ એક જ અવાજમાં વાલીઓને શ્રાપ આપ્યો હતો અને ચાલ્યા ગયા હતા. વાલીઓ વિષ્ણુ પાસે ગયા અને શ્રાપ વિશે જણાવ્યું. રંગનાથાએ કહ્યું કે તે શ્રાપ પાછો ખેંચી શકશે નહીં અને તેમને બે વિકલ્પો આપ્યા. ત્રણ જન્મમાં વિષ્ણુનો વિરોધ કરતા રાક્ષસ તરીકે જન્મ લેવો અથવા પછી સાત જન્મ સારા મનુષ્ય તરીકે જન્મ લેવો...! ભગવાન સાથે પાછા ફરવા આતુર વાલીઓ રાક્ષસ હોવાનું સ્વીકાર્યું અને માનવામાં આવે છે કે હિરણ્યાક્ષ અને હિરણ્યકસિપુનું રૂપ ધારણ કર્યું છે; રાવણ અને કુંભકર્ણ અને શિશુપાલ અને દંતવક. વિષ્ણુએ ચાર અવતાર ધારણ કર્યા. અનુક્રમે નરસિંહ, રામ અને શ્રીકૃષ્ણ - તે દરેક જન્મમાં રાક્ષસોને મારવા માટે અવતાર લીધા હતા. શ્રી રંગનાથ સ્વામી મંદિર દેશનું સૌથી વિશાળ મંદિરોમાંથી એક છે. તેનું ક્ષેત્રફળ અંદાજે ૧૫૬ એકટર એટલે કે ૬,૩૧,૦૦૦ વર્ગ મંદિર છે...! મંદિરનું પરિસર સાત પ્રકારો અને ૨૧ ગોપરુપ (દ્વાર) મળીને બનેલું છે. મંદિરનાં મુખ્ય ગોપુરામને રાજગોપુરામ તરીકે ઓળખવામાં આવે છે. તે દ્વાર ૨૩૬ ફૂટ એટલે કે બોત્તેર મિટર ઊંચો છે...! આ મંદિરમાં ભગવાન વિષ્ણુને શ્રીરંગનાથ સ્વામીના રૂપમાં સ્થાપિત કર્યા. કહેવાય છે કે ત્યારથી ભગવાન વિષ્ણુ અહીં વાસ કરે છે! તેથી તેને ‘વૈકુંઠ’ ધામ પણ કહેવામાં આવે છે. ■



પ્રકરણઃ ૧૩

# ચહેરા મોહરા!



**દોસ્ત, કરોડો રૂપિયાનો દલ્લો તારી રાહ જોઈ રહ્યો છે... લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે તું મોઢું ધોવા નહીં, તું તો નહાવા નીકળ્યો છે?! બેવકૂફ છો તું!**

**પ્રફુલ્લ કાનાબાર**



સોહમના મનમાં ફરી પેલું વાક્ય પડઘાવા લાગ્યું હતુંઃ

'આ તક ઝડપી લે... આવો ચાન્સ ફરી કયારેય નહીં મળે... ચપટી વગાડતાં તું કરોડોનો માલિક થઈ જઈશ!'

આના માટે સોહમે માત્ર ખુદની એક નવી ઓળખ જ ઊભી કરવાની હતી. આમ કરવામાં જોખમ જરૂર હતું, પણ જો માત્ર ઓળખ બદલવાથી કરોડપતિ થવાતું હોય તો એ જોખમ લેવાનું સોહમને મંજૂર હતું....

આવા બધા વિચારોની સાથે પૂરપાટ દોડતી ટ્રેનમાં સોહમ માત્ર ત્રણ દિવસ પહેલાંના ફલેશબેકમાં સરી પડ્યો હતો.

રોજની જેમ એ બપોરે પણ અન્ય કેદીઓની સાથે સોહમ જેલની પાછળના ભાગમાં આવેલા વિશાળ મેદાનમાં કારપેન્ટરી કામ કરવા ગયો ત્યારે અચાનક સોહમનું ધ્યાન પડયું કે થોડે દૂર કામ કરી રહેલો લાંબા વાળવાળો એક દુબળો, પણ દેખાવડો યુવાન તેની સામે જોઈને મંદ મંદ હસી રહ્યો હતો. સોહમને નવાઈ લાગી. આજે પહેલી જ વાર સોહમે એ કેદીને જોયો હતો. કદાચ જેલમાં નવો જ આવ્યો હતો. સોહમે તેની સામેથી નજર હટાવી લીધી હતી. થોડી વાર બાદ સોહમથી અનાયાસે જ તેની સામે જોવાઈ ગયું. સોહમને નવાઈ લાગી કારણ કે હજુ પણ તે સોહમને જ તાકી રહ્યો હતો. એ યુવાનનું ધ્યાન પોતાના કામમાં ઓછું અને સોહમમાં વધારે હતું. કોઈ યુવાન તેને ટગર ટગર આ રીતે તાકી રહ્યો હોય એવો અનુભવ સોહમને આ પહેલાં ક્યારેય થયો નહોતો. સોહમને લાગ્યું કે કદાચ એ યુવાન તેની સાથે વાત કરવા માગતો હતો. જોકે સોહમ તો ક્યારેય કોઈની સાથે વાત કરતો જ નહિ, તેથી આ કેદી સાથે પણ વાત કરવાનો તો સવાલ જ ઊભો થતો નહોતો.

કારપેન્ટરી કામનો ત્રણ કલાકનો સમય પૂરો થયો એટલે સંત્રીએ બેલ વગાડ્યો. સૌ કોઈ પોતપોતાના બેરેક તરફ જવા લાગ્યા. પેલો યુવાન કેદી પણ સોહમની લગોલગ તેના હાથનો સ્પર્શ થાય તે રીતે ચાલવા લાગ્યો. સોહમે જાણી જોઈને તેને નજરઅંદાજ કર્યો.

પેલા યુવાને ચાલતાં ચાલતાં જ ધીમેથી સોહમની ટચલી આંગળી પોતાના હાથમાં લઈ લીધી.

સોહમે નોંધ્યું કે પેલા યુવાનની ચાલ પણ સ્ત્રૈણ હતી. સોહમે ચાલતાં ચાલતાં જ તેના હાથમાંથી પોતાનો હાથ છોડાવીને ગુસ્સાથી તેની આંખમાં જોયું. પેલાએ એક આંખ મિચકારીને મારકણું સ્મિત આપ્યું. હવે સોહમ ચમકયો. સોહમને લાગ્યું કે એ યુવાન ચોક્કસ ગે હોવો જોઈએ. સોહમ જાણતો હતો કે જેલમાં વર્ષો સુધી પરાણે બ્રહ્મચર્ય પાડવું પડતું હોય એવા સંજોગોમાં અનેક કેદીઓ ગે ના હોવા છતાં સજાતીય સબંધ બાંધવા માટે મજબૂર થઈ જતા હોય છે! જોકે સોહમને આજ સુધી ક્યારેય એવો અનુભવ થયો નહોતો.

દરેક કેદી પોતપોતાના બેરેકમાં જવા લાગ્યા. સોહમે જોયું કે પેલો યુવાન કેદી બરોબર બાજુની બેરેકમાં જ ગયો. સોહમની અને તેની બેરેક વચ્ચે લોખંડના સળિયા હતા. બંને એકબીજાને જોઈ શકે તથા નજીક આવે તો સળિયામાંથી કોણી સુધીનો હાથ કાઢીને એક બીજાને સ્પર્શી શકે તેમ પણ હતું.

સોહમને ખ્યાલ આવી ગયો કે આ કેદી ગઈકાલે જ આવ્યો હોવો જોઈએ, કારણકે સોહમ જેલમાં આવ્યો ત્યારથી બાજુના એ બેરેકમાં એક વૃદ્ધ ચાચા હતા, જેમને બીજે ક્યાંક ટ્રાન્સફર કર્યા હોવા જોઈએ અથવા તો તેમની સજા પૂરી થઈ ગઈ હોવી જોઈએ. આટલાં વર્ષોમાં સોહમે એ ચાચા સાથે પણ ક્યારેય વાત કરી નહોતી. સોહમ ખુદના બેરેકમાંથી તે યુવાનને આસાનીથી જોઈ શકતો હતો. સોહમે નોંધ્યું કે એ યુવાનનું તેના તરફનું ત્રાટક ચાલુ જ હતું. જેલમાં આવવા છતાં એ યુવાનના ચહેરા પર બિન્ધાસ્ત સ્મિત ફરકતું હતું એ જોઈને સોહમને નવાઈ લાગી રહી હતી. એ થોડી થોડી વારે કપાળ પર આવી જતાં તેના લાંબા ઝુલ્ફા બંને હાથ વડે ઊંચા કરીને જાણે કે સોહમનું તેના તરફ ધ્યાન આકર્ષવાની કોશિશ કરી રહ્યો હતો.

રાત્રે જેલમાં સોપો પડી ગયો ત્યારે અચાનક સોહમને સિસકારો સંભળાયો. સોહમને ભાસ થયો કે પેલો યુવાન તેને નજીક બોલાવી રહ્યો છે. સોહમે પડખું ફરીને જોયું તો એ યુવાન બંને બેરેક વચ્ચેના સળિયા પકડીને ઊભો હતો. તે સોહમને હળવેથી સિસકારો કરીને એક હાથ વડે ઈશારો કરીને સળિયાની નજીક આવવાનું કહી રહ્યો હતો. પહેલી વાર તો સોહમે એના તરફ ધ્યાન ના આપ્યું. થોડી થોડી વારે તેણે સોહમને નજીક બોલાવવાના પ્રયાસો સતત ચાલુ જ રાખ્યા. ત્યાં જ પરિસરમાં રાઉન્ડમાં નીકળેલા સંત્રીના દંડાનો તથા તેણે પહેરેલા ભારે શૂઝનો અવાજ સંભળાયો. પેલો યુવાન ઝડપથી પાછો ફરી ગયો. તે માથે ઓઢીને દીવાલ બાજુ પડખું ફરીને ઊંઘવાનો ડોળ કરવા લાગ્યો.

સંત્રીના ગયા બાદ જેલમાં ફરીથી સોપો પડી ગયો. જેલની લોલકવાળી ઘડિયાળમાં બે ડંકા પડયા. થોડી વાર બાદ એ યુવાન ઊભો થઈને સોહમના બેરેકના સળિયાની નજીક આવ્યો. તેણે ફરીથી સિસકારો કર્યો. હવે સોહમ પણ ઊભો થઈને અવાજ ના થાય તે રીતે તે તરફ ગયો. સોહમે નક્કી જ કર્યું હતું કે તેને ખખડાવીને કહી જ દેવું છે કે 'મને તારામાં કોઈ રસ નથી. તું માને છે તેવો હું નથી...'

સોહમ નજીક ગયો અને પેલાને એ કાંઈ કહેવા જાય તે પહેલાં એ ધીમેથી બોલ્યો.. 'મારું નામ અંકુશ છે. એક ચોરીના કેસમાં મહિના માટે અહીં આવ્યો છું. મેં સાંભળ્યું છે કે તું અહીંથી છૂટવાનો છે.'

'હા, જો સરકારનો હુકમ આવશે તો મારી સારી ચાલચલગતને કારણે એક વર્ષ વહેલો અહીંથી હું બહાર નીકળીશ.' સોહમે ગર્વથી કહ્યું. સોહમે જાણી જોઈને સારી ચાલચલગત શબ્દ પર ભાર મૂક્યો હતો.

'દોસ્ત, મારી પણ ચાલચલગત સારી જ છે.' અંકુશે એક આંખ મિચકારીને કહ્યું હતું.

'એ તો દેખાય જ છે.. જો હવે તું મને ડિસ્ટર્બ કરીશ તો હું જેલર સાહેબને તારી ફરિયાદ કરીશ.' સોહમે ચીમકી આપી.

'દોસ્ત, તને ડિસ્ટર્બ કરું છું તેમાં તારો જ લાભ છે.'

સોહમે જોયું કે હવે પેલો ગંભીર લાગતો હતો. તેના ચહેરા પર રમતું સ્મિત ગાયબ થઈ ગયું હતું.

'મારે તારી પાસેથી કોઈ લાભ જોઈતો નથી.' સોહમે કરડાકીથી કહ્યું.

અંકુશે એક નાનકડી ચબરખી બે સળિયા વચ્ચેથી સોહમ તરફ સરકાવતાં કહ્યું હતુંઃ

'આમાં લખેલા સરનામા પર જઈશ તો તું કરોડપતિ થઈ જઈશ...!'

સોહમ ચમકયો. આજુબાજુ નજર કરીને કોઈ જોતું નથી તેની ખાતરી કરી ને એ ચબરખી લઈ લીધી. ઝાંખા પ્રકાશમાં સોહમે વાંચવાની કોશિશ કરી. નાના અક્ષરોને કારણે આખું એડ્રેસ તો બરોબર વંચાતું નહોતું, પણ છેલ્લે ગામનું નામ અડાલજ મોટા અક્ષરે લખેલું હતું.

'અડાલજ જઈને મારે શું કરવાનું છે?'

કરોડપતિ થવાની વાત સાંભળીને સોહમને રસ પડયો હતો.

'દોસ્ત, ત્યાં મહાદેવના મંદિરની પાછળ એક નંદગીરી ગોસ્વામી રહે છે. આગળ ક્યાં જવાનું એ તને જણાવશે.'

'પણ મારે કરવાનું શું છે?' સોહમે અકળાઈને કહ્યું હતું.

'દોસ્ત, તું ચિંતા ન કર. તારે કોઈની હત્યા નથી કરવાની! તારે એવું કામ કરવાનું છે, જે તારા માટે ખૂબ આસાન છે.' અંકુશ બોલી ઊઠયો.

સોહમે એ ચબરખી પરત આપતાં કહ્યુંઃ

'ટૂ ધ પોઈન્ટ વાત કર, અથવા આ રાખ તારી પાસે... મારે નથી જોઈતી.' સોહમે ત્રાગું કર્યું.

'દોસ્ત, કરોડો રૂપિયાનો દલ્લો તારી રાહ જોઈ રહ્યો છે... લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે ત્યારે તું મોઢું ધોવા નહીં- નહાવા નીકળ્યો છે?! બેવકૂફ છો તું તો! યાર, તારે કોઈને પતાવી નથી નાખવાનો, તારે માત્ર તારી ઓળખ બદલવાની છે. અંકુશે ચબરખી પરત ન લીધી. એણે પાછી ધકેલી.


'ઓળખ બદલવાની? હું સમજ્યો નહી.' સોહમ બોલી ઊઠયો હતો.

'એ બધું તને અડાલજ જઈશ એટલે પેલા નંદગીરી ગોસ્વામી સમજાવશે... મને તો એટલી જ ખબર છે કે કરોડો રૂપિયાનો તું વારસ બની શકીશ ને રાતોરાત તારી દુનિયા બદલાઈ જશે.'

પરિસરમાં અચાનક દંડાનો અવાજ સંભળાતાં અંકુશ દોડીને દીવાલ તરફ ફરીને ઊંઘી ગયો. સોહમ પણ સચેત થઈને નીચે બેસી ગયો. સોહમની ઊંઘ ઊડી ગઈ હતી. થોડી વાર પહેલાં તદ્દન અજાણ્યા કેદી અંકુશે કહેલા શબ્દો તેના કાનમાં પડઘાઈ રહ્યા હતાઃ

'તું કરોડપતિ થઈ જઈશ.. તારી દુનિયા બદલાઈ જશે...!'

(ક્રમશઃ)■





'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| Rag | ક્રોધાવેશ |
| Rage | ચીંથરું |
| Raze | ઉછેરવું |
| Racy | પાડવું |
| Raise | પાણીદાર |

## ઓળખાણ પડી?

રક્ષણ ને કલાત્મકતાના સંગમ જેવો માળો બનાવતા પંખીની ઓળખાણ પડી? માળાની ગૂંથણી અચરજ પમાડે એવી હોય છે.



અ) Robin બ) Weaver Bird ક) Swallow ડ) Yellow Bird

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ હા | ૩ ય | ૪ ક | | ૫ ન | વ | ૬ નિ | ર્મા | ણ |
| ૭ હા | જ | ર | જ | ૮ વા | બી | | જા | | |
| ૯ ધ્યા | ત | | ૧૦ લો | ન | | ૧૧ અ | નં | ત | ૧૨ તા |
| ચી | | ૧૩ ઠા | | ૧૪ ર | ૧૫ સા | સ્વા | દ | | પ્ર |
| | ૧૬ આ | મ | | ૧૭ વે | ત | ર | | ૧૮ સા | પ |
| ૧૯ વિ | ર | | ૨૦ છ | ડા | | | ૨૧ સ | ર્વ | ત્ર |
| ૨૨ રો | પા | | રી | | ૨૩ રીં | ૨૪ છ | | ત્રિ | |
| ૨૫ ધા | ર | ૨૬ ક | | ૨૭ પ્ર | | ૨૮ કો | રું | ક | ૨૯ ટ |
| ભા | | બ | | ૩૦ સા | ત | મ | | | પા |
| ૩૧ સ | હ | જા | નં | દ | | ૩૨ કો | ટ | વા | લ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | | | | | |
| | | | | ૧૦ | | | | ૧૧ | |
| | | ૧૨ | ૧૩ | | | ૧૪ | | | |
| ૧૫ | ૧૬ | | ૧૭ | | ૧૮ | | | | |
| | ૧૯ | | | | | | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | | ૨૩ | | ૨૪ | | | |
| | | ૨૫ | | | | ૨૬ | | ૨૭ | |
| ૨૮ | | | | | ૨૯ | | | ૩૦ | |
| | | ૩૧ | | | | | | | |

**આડી ચાવી**

૧. સફળ, કૃતાર્થ, નિર્વાહ (૪)
૪. મોટો માણસ, સત્ પુરુષ (૫)
૮. રીત, રિવાજ (૩)
૯. નાનો ઉકરડો (૪)
૧૦. --- આવવો એટલે પૂરું થવું (૨)
૧૧. કાચો ના હોય એવો (૨)
૧૨. મોટો પટારો (૩)
૧૪. બાળવા માટે જોઇએ (૪)
૧૫. --- પર પુલાવ બને (૨)
૧૭. પશુ, સાપ જેવું ઝેરી પ્રાણી (૪)
૧૯. હલકું, ધીમું, નરમ (૩)
૨૨. નકાર બતાવતો પૂર્વગ (૨)
૨૩. આંબાવાડિયું (૪)
૨૫. શિયાળામાં તાપવા જોઇએ (૩)
૨૬. છબિ (૪)
૨૮. મજૂર (૩)
૩૦. તે વખતે, ત્યારે (૨)
૩૧. વ્યક્તિપણાનું નિર્માણ (૬)

**ઊભી ચાવી**

૧. પગે ધોયેલું પાણી (૫)
૨. રિસાઇ જવું તે (જો. છૂ.) (૨)
૩. ઝાકઝમાળ, ઠાઠમાઠ (૪)
૪. એક રાશિ (૩)
૫. પરાજય (૨)
૬. પડીકી, પડી (૨)
૭. છ ખૂણાવાળી આકૃતિ (૪)
૯. સાધના, તપ (૪)
૧૧. જાડી ના હોય એવી (૩)
૧૩. જુદું, નોખું (૩)
૧૪. --- આવવું એટલે સફળ થવું (૨)
૧૬. આવજા માટેનું સાધન (૩)
૧૮. ભ્રમ, ખોટી માન્યતા (૩)
૨૦. અમીર, માલદાર (૩)
૨૧. વગર પાણી થતી વેલી (૫)
૨૨. જેની કોઇ હદ નથી તે (૪)
૨૩. અતિસૂક્ષ્મ,જરા જેટલું (૨)
૨૪. દિવસ જાય તે એ આવે (૨)
૨૫. તાળવેથી બોલાતા શબ્દો (૩)
૨૭. જેના પર --- તે જાણે (૨)
૨૯. નુકસાન (૨)

## ગુજરાત મોરી મોરી રે

'સમર્થ માણસ સાથે લડાઈ ન કરવી' જેવો અર્થ ધરાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

બાથ સાથે ભીડવી ન બળિયા

## માતૃભાષાની મહેક

વટ એટલે રોફ. વટ પડવો એટલે રોફ પડવો. વટ રાખવો-વટમાં રહેવું રોફ જમાવવો. વટનો અન્ય અર્થ આબરૂ શાખ, પ્રતિષ્ઠા પણ થાય છે. વટ ખોવો એટલે પ્રતિષ્ઠા ગુમાવવી. વટનો કટકો એટલે ટેકવાળો, પ્રતિજ્ઞાને સાંગોપાંગ ઉતારનાર, પોતાની વાતને વળગી રહેનાર.

## સુડોકુ-૭૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | ૪ | ૨ | | | | |
| ૧ | | | ૯ | | | | ૬ | |
| | | | ૮ | | | | ૯ | |
| ૯ | | | | | | | | ૩ |
| ૩ | ૭ | | | ૫ | | | ૧ | ૯ |
| ૪ | | | | | | | | ૭ |
| | ૪ | | | | ૮ | | | |
| | ૫ | | | | ૨ | | | ૮ |
| | | | | ૧ | ૪ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૮ | ૯ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૮ | ૯ | ૫ |
| ૫ | ૯ | ૩ | ૮ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૫ | ૪ | ૨ | ૮ | ૬ |
| ૨ | ૮ | ૫ | ૬ | ૩ | ૧ | ૯ | ૪ | ૭ |
| ૩ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૨ | ૭ | ૪ | ૬ | ૩ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૪ | ૬ | ૫ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ |

## ઈર્શાદ

જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે,
પુષ્પ જેવા પુષ્પ પર એની સવારી હોય છે.

-- ચિનુ મોદી.

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'લેવટાની માફક તરફડવું' વિધાનમાં લેવટા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) પક્ષી બ) લસણ ક) માછલી ડ) ઉંદર

## માઈન્ડ ગેમ

બે આંકડાની એક સંખ્યામાં એનાથી અડધી સંખ્યા ઉમેરી મળેલા જવાબને બે વડે ભાગવાથી જો જવાબ ૨૭ મળે તો બે આંકડાની સંખ્યા જણાવો.

અ) ૩૬ બ) ૩૯
ક) ૪૨ ડ) ૪૪

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Moan | નિસાસો |
| Mourn | વિલાપ |
| Mess | ગંદવાડ |
| Mace | ગદા |
| Mesh | જાળ |

ઓળખાણ પડી?
ઝરખ

માઈન્ડ ગેમ
૧૬૫

ગુજરાત મોરી મોરી રે
ઘરમાં બિલાડીથી બીએ ને બહાર વાઘ મારે

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
નવાઈ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ડૉ. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) વિભા મહેશ્વરી (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મુલરાજ કપૂર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) નીતા મુલરાજ કપૂર (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) નુતન વિપીન (૧૯) મીનળ કાપડિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ભાવના કર્વે (૨૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૫) કલ્પના આશર (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેશ દોશી (૨૮) પ્રવીણ વોરા (૨૯) અંજુ ટોલિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભારતી બુચ (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) રમેશ દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) અમીશી બંગાળી (૪૧) નિખિલ બંગાળી (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) મહેશ સંઘવી (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) હેમા હરીશ ભટ્ટ (૪૬) નિતીન બજરિયા (૪૭) અશોક સંઘવી (૪૮) જગદીશ ઠક્કર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બાળકને ‘પાર્સલ’ કરતી માતા



મોટાં શહેરોમાં રહેતા મોડર્ન પેરન્ટ્સ માટે એક ચેલેન્જિંગ કામ છે સવારે વહેલા ઊઠી બાળકોને તૈયાર કરી સ્કૂલે મોકલવાના અને પાછા ઘરે લઈ આવવાનાં. સ્કૂલ બસ જેવી વ્યવસ્થા વિદેશમાં નથી હોતી અને એટલે માતા - પિતાની આપસી સમજૂતીથી અને સગવડથી કામ થતું હોય છે. જોકે, ચીનની એક માતુશ્રીએ શિયાળાના ટાઢાબોળ દિવસોમાં બાળકને સ્કૂલે મોકલવા જે કીમિયો અજમાવ્યો છે એ અજબ દુનિયાની ગજબ ઘટના જ છે. વાત એમ છે કે ડિસેમ્બર - જાન્યુઆરીમાં ચીનમાં કડકડતી ઠંડી પડે. સવારે સાડા છએ બાળકને સ્કૂલે મૂકવા જવું એ બહુ આકરું કામ છે. મોડી રાત સુધી કામ કરવું પડતું હોવાથી થાકીને ઠૂસ થયેલી મહિલામાં ટાઢા પહોરના બાળકને મૂકવા જવાની શારીરિક અને માનસિક તાકાત નથી રહેતી એટલે મોટર બાઈક ચલાવતા એક ડિલીવરી મેન મારફત બાળકનું ‘પાર્સલ’ શાળામાં મોકલી આપે છે. બાળક હેમખેમ પહોંચી ગયું એનો વીડિયો સાબિતી તરીકે મહિલાને મોકલવાનો રહે છે. ચીનની અનેક મમ્મીઓને આઈડિયા ગમી ગયો છે અને બાળકને સ્કૂલે મોકલવાની લઈને ‘ક્રાંતિના ભણકારા’ વાગી રહ્યા છે.

## વખાણની વાણી.. ગજવામાં સમાણી




‘વખાણી ખીચડી દાંતે વળગે’ (વધુ પડતી સ્તુતિ - પ્રશંસા સારા નહીં) કહેવત બહુ જાણીતી છે. જોકે, પુરુષને એના સ્ટેટસના અને સ્ત્રીને એના સૌંદર્યના વખાણ થાય એ બહુ જ ગમતું હોય છે. આ વખાણ પ્રક્રિયામાં એકબીજાને રાજી કરવાનો અથવા મસ્કો મારવાનો ઈરાદો પણ હોઈ શકે છે.

જોકે, ‘અંકલ પ્રેઈઝ’ (સ્તુતિ મહાશય) તરીકે ઓળખાતા જાપાનના શખસ તો ભર રસ્તે ઊભા રહી, આવનજાવન કરતા લોકો માટે શબ્દોના સાથિયા પૂરી એને અલંકારથી સજાવી પ્રશંસાનાં પુષ્પો વેરે છે. પરિણામે રાહદારીઓનાં મોં મલકાય છે અને પ્રશંસાની ફી પેટે મળેલા પૈસાથી પેટપૂજા થાય છે. ૪૩ વર્ષના કેડધડે શખ્સ હાથ -પગ ચલાવી અને દિમાગ દોડાવી પૈસા રળવાને બદલે વાણી વિલાસ કેમ કરતા હશે?

થયું એવું કે ભાઈસાહેબને જુગારની લત લાગતા સારી કંપનીની નોકરીથી હાથ ધોવાનો વારો આવ્યો અને પરિવારે પણ અળગા કરી દીધા. રસ્તે રઝળપાટના દિવસો આવ્યા. કડવી અને વરવી વાસ્તવિક્તાએ જુગારનું ભૂત ઉતારી નાખ્યું અને બે ટંક ભોજન માટે રસ્તા પર ઊભા રહી લોકોની તારીફના પુલ બાંધવાનું શરૂ કર્યું. પ્રશંસાનો પ્રારંભ પર્સનાલિટીથી શરૂ થાય અને વ્યક્તિ એ વહેણમાં તરવા લાગે તો બે- ચાર અંગત વાત જાણી વ્યક્તિત્વને વખાણે. હવે ‘હું તમારી તારીફ કરીશ’ એવું પાટિયું રાખતા ‘અંકલ પ્રેઈઝ’ પોપ્યુલર થઈ ગયા છે અને વખાણની કમાણીથી ગજવું ભરાઈ રહ્યું છે.

## ઈચ્છાપૂર્તિ સિક્કાથી પેટપૂજા



યુરોપનો પ્રવાસ કરતા સહેલાણીઓના લિસ્ટમાં ઈટલીનું ઐતિહાસિક રોમ શહેર તો હોય જ. રોમના ‘ટ્રેવીસ ફાઉન્ટન’માં સિક્કો ફેંકી નસીબ આડે રહેલું પાંદડું ખસી જાય અને ગજવા નાણાંથી છલકાઈ જાય એવી ઈચ્છા કોને ન હોય? હા, કેટલાક ટુરિસ્ટ્સ રોકડ નાણાંને બદલે મેડલ, માર્બલ, છીપલા કે બ્રેસલેટ - વીંટી પણ નાખતા હોય છે. છેલ્લાં ૨૦ વર્ષથી રોમની મ્યુનિસિપાલિટી અઠવાડિયામાં બે દિવસ તળાવ સફાઈ કરાવી તેમાંથી રોકડ રકમ અલગ તારવી એનો ધર્માદો કરવાનું પુણ્યશાળી કામ કરે છે. ગયા વર્ષે ૨૦ લાખ યુરો (આશરે ૧૭ કરોડ રૂપિયા) હાથ લાગ્યા અને એ પૈસાથી ૫૨ હજાર ૮૦૦ લોકો ભોજનને પામ્યા. નસીબ આડેનું પાંદડું ખસેડવા નાખવામાં આવેલા સિક્કાએ કેટલાકના પેટ આડે રહેલો પાણો દૂર કરવાનું ઉમદા કાર્ય કર્યું. ‘કોઇ ઇચ્છાનું મને વળગણ ન હો, એ જ ઇચ્છા છે,

હવે એ પણ ન હો’ જેવી પંક્તિઓ લખનારા ચિનુ મોદી રોમ ગયા હશે? અને ગયા હોય તો ઈચ્છાપૂર્તિ માટે સિક્કો નાખ્યો હશે?

## ઓડનું ઓડ જ, ઓડનું ચોડ નહીં

ભારતીય રેલવે વિશાળ નેટવર્ક ઉપરાંત સ્ટેશનના મજેદાર નામ માટે પણ પ્રસિદ્ધ છે. કેટલાક નામ એવા છે જે અચરજ (સાલી, રાજસ્થાન)પેદા કરે છે તો હસવું (ઓઢણિયા બકરા) આવી જાય એવા નામ સુધ્ધાં છે. સૌથી ટૂંકું નામ ધરાવતા બે સ્ટેશન ભારતમાં છે. એક છે ઓડિશાનું ‘ઈબ’ અને બીજું છે ગુજરાતના આણંદ જિલ્લાનું ‘ઓડ’. આ બંને સ્ટેશનના નામની ખાસિયત એ છે કે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી અથવા ઉડિયા એમ ત્રણેય ભાષામાં એ બે જ અક્ષરમાં લખવામાં આવે છે: ઓડ - OD. ટૂંકમાં અહીં ઓડનું ચોડ (વિચિત્ર કે અવળું) નથી થયું, ઓડનું ઓડ જ રહ્યું છે. બીજા કેટલાક સ્ટેશન એવા છે જે હિન્દી અને ગુજરાતીમાં બે અક્ષર છે , પણ અંગ્રેજીમાં અક્ષર વધી ગયા છે. દાખલા તરીકે : ઘૂમ - Ghum કે પછી ભુજ - Bhuj. સૌથી લાંબા નામનો વિક્રમ તમિલનાડુ - આંધ્ર પ્રદેશની સીમા પાસે આવેલા સ્ટેશન વેંકટનનરસીંહરાજુ વારિપેટ - Venkatanarasimharajuvaripeta સાથે જોડાયેલો છે. અને હા, પશ્ચિમ બંગાળનું એક રેલવે સ્ટેશન નામ વગરનું છે. ..!




## લ્યો કરો વાત!

*સમ ખાવા પૂરતી એક વ્યક્તિનો પણ કાયમી વસવાટ નથી એવા સ્કોટલેન્ડના ટાપુ પર અજીબોગરીબ ઘટના બની છે. હાંડા નામના ટાપુ માટે સ્કોટિશ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ દ્વારા મેનેજર માટે અરજી મંગાવવામાં આવી છે. માણસ નથી તો કામ શું કરવાનું? વન્ય જીવનનું રક્ષણ કરવાનું અને દર વર્ષે ટાપુ પર ફરવા આવતા આઠેક હજાર સહેલાણીઓની દેખરેખ કરવાની, એમની સગવડ સાચવવાની. અરજદારને સાથે જીવનસાથી - મિત્ર લઈ જવાની છૂટ છે. વાર્ષિક પગાર ૩૧ હજાર ડૉલર (આશરે ૨૬ લાખ રૂપિયા). બેન્કિંગ, શોપિંગ, લોન્ડ્રી જેવા કામ માટે નજીકના એક ગામમાં જવું પડશે. ઇચ્છુક ઉમેદવાર પાસે શૈક્ષણિક પાત્રતાની અપેક્ષા નથી. હા, દરિયાઈ અને જમીન સૃષ્ટિના પ્રાણીજગતની જાણકારી હોવી જરૂરી છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ગેમ રમવી અને ગેમ કરવી - બંનેમાં ફરક શું?**

* એકમાં પાસાં નાખવાની રીત અને બીજામાં પતાવી નાખવાની વાત...

**ગુજરાતમાં વિદ્યાર્થીઓ સ્કૂલમાં મોબાઈલ નહીં લઈ જઈ શકે. હવે?**

* એ સ્કૂટીની ડિકીમાં ફોન રાખશે અથવા સ્કૂલ સ્ટાફ સાથે ગોઠવણ કરશે....

**સ્માર્ટ ક્લાસરૂમ, સ્માર્ટ સ્કૂલ.. તો સ્માર્ટ શિક્ષક ક્યારે?**

* સ્માર્ટ પ્રિન્સિપલ આવશે ત્યારે...

**પરીક્ષામાં ઉપર ચઢાવે અને મા-બાપ માથે ચઢાવે.. ફાયદો શેમાં વધુ?**

* બાબાભાઈને બંન્નેમાં ફાયદો જ છે....

**પુત્રનાં લક્ષણ પારણાંમાં, વહુનાં લક્ષણ બારણાંમાં.. તો, બોસનાં લખ્ખણ?**

* લેડી સેક્રેટરી ‘ઓવર ટાઈમ’ માગે અને પુરુષ કર્મચારી પ્રમોશન માગે ત્યારે...

**સ્વયંવર પ્રથા ફરી શરૂ થાય તો?**

* મેરેજ બ્યૂરોએ નવેસરથી એમનો ધંધો માંડવો પડે..

**વન નેશન વન ઈલેકશન આવશે તો?**

* એક જ મતમાં ફેંસલો...

**પુષ્પા ઈમ્પોસિબલ હોય તો પોસિબલ શું?**

* પત્ની - પોત્તાની....

**વાંદરાને નિસરણી ના અપાય તો શું અપાય?**

* ચકડોળ... ઉપર-નીચે ફર્યા કરે. કોઈને પજવે તો નહીં!

**ગુજરાતમાં દારૂબંધી છે. એ સત્ય છે - અર્ધ સત્ય છે કે પછી?**

* પીધા પછી સરકારી જાહેરાતના સમ ખાઈને કહું છું: દારૂબંધી છે!

**બૂરી નજરવાળાનું મ્હોં કાળું, પણ એ વ્યક્તિ કાળી હોય તો?**

* સિમ્પલ એનું મ્હોં ધોળું!

**વ્હાઈટ - બ્લેકના પૈસાની ખબર કેવી રીતે પડે?**

* કોઈ પણ કંપનીના કર્મચારીને પૂછી લેજો...

**રોજિંદા જીવનમાં રોબોટ આવ્યા પછી શું થશે?**

* રોબોટ પછી એમને ઓપરેટ કરનારા માણસોને શોધશે..

**દુનિયાની સૌથી ચિંતાતુર વ્યક્તિ કોણ હશે?**

* જેની કાળી વિગનાય વાળ સફેદ થયા હોય એ..!

કચ્છી ચોવક ___ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ભેખ ધર્યા પછી પણ મોહ છૂટવો મુશ્કેલ છે!



એક ચોવક છે: **“બાવો વિઠો જપે, નેં જુકો અચે સે ખપે”** ભેખધારી થયા પછી પણ સંસારિક વસ્તુઓનો મોહ ત્યાગવો ઘણો કઠિન છે. અહીં મૂકેલી ચોવકનો અર્થ એજ થાય છે કે: મોહ ન છૂટવો. ભેખ ધારણ કર્યા પછી પણ ‘જે આવે તેનો ઉપભોગ કરવો.’ અહીં જે ‘વિઠો’ શબ્દ છે તેનો અર્થ થાય છે: બેઠો ‘જપે’ એટલે જાપ કરે કે માળા ફેરવે ‘નેં’ એટલે અને. ‘જુણે’ નો અર્થ થાય છે: ‘જે’ (વસ્તુ) ‘અપે’ એટલે આવે, ‘સે’ એટલે તે કે એ અને ‘ખપે’નો અર્થ થાય છે જોઈએ, અહીં સ્વીકારી લેવું કે ઉપભોગ માટે રાખવી એવો અર્થ પણ થઈ શકે!

મુંબઈ સમાચારમાં દર અઠવાડિયે પ્રકાશિત થતી ‘કચ્છી ચોવક’ કોલમ અને **મુંબઈ સમાચાર**ના પ્રભાવની વાત કરવાનું હું રોકી શકતો નથી. સૂરત રહેતા સુજ્ઞ ચોવક પ્રેમી કાર્તિક ભાનુશાલીએ **મુંબઈ સમાચાર**માં આવતી કચ્છીચોવકોનું એક સોશ્યલ ગ્રુપ બનાવ્યું છે, અને સમગ્ર દેશ અને વિદેશમાં વસતા કચ્છી ચોવકોના પ્રેમીઓને તેના સભ્ય બનાવ્યા. એ ગ્રુપ બનતાં જ નવી નવી ચોવકોનો વરસાદ વરસવા લાગ્યો અને સૌ સભ્યો પોતાની સમજ મુજબ તેના અર્થ જણાવે છે, કેટલાક તો વિદ્વતા પૂર્વક તેનો રસાસ્વાદ પણ કરાવે છે. ચોવકોને યોગ્ય મંચ આપવા માટે કેટલાકે મુંબઈ સમાચારનો આભાર પણ માન્યો છે. એમાં આવેલી કેટલીક ચોવકોને સ્થાન આપું છું.

શ્રી સાંઈ... નામથી આવેલી એક ચોવક છે: **‘સિજ ઓડો ને પંથ લંમૂં’** ‘સિજ’ પહેલો શબ્દ છે, જેનો અર્થ થાય છે: સૂરજ ‘ઓડો’ એટલે નજીક ‘પંથ’નો અર્થ થાય છે: રસ્તો કે માર્ગ, ‘લમૂં’ એટલે લાંબો. આપણે કોઈ સ્થળેથી સૂરજને જોઈએ તો એ સરખા અંતરે જ અને નજીક જ લાગે, પણ ખરેખર સૂર્ય પૃથ્વીથી ઘણો દૂર હોય છે. **‘સિજ ઓડો’** એટલે સૂર્ય નજીક અને ‘પંથ લમૂં’નો અર્થ છે, રસ્તો લાંબો. અહીં સૂરજને પ્રતીક બનાવીને ચોવક કહેવા એમ માગે છે કે: કોઈ પણ કાર્ય પૂરું કરવું આસાન નથી હોતું. એમ લાગે કે, અરે! એમાં શું! એ તો ચપટી વગાડતાં પૂરું થઈ જશે પણ એ શક્ય નથી હોતું. આભાર દોસ્ત, **મુંબઈ સમાચાર** વાંચતા અને વંચાવતા રહેજો.

હરેશ ગડા નામના ચોવક રસિકે એક નવી જ ચોવક મોકલી છે: **“કુંભાર બાયડીસેં ન પૂજે ત ગડોડીજા કન વાટે”** બાયડીનો અર્થ થાય છે: પત્ની. ‘ન પૂજે’ એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છે: ન પહોંચે (અહીં કાંઈ કહી ન શકે તેવા અર્થમાં) ‘તે’ એટલે ત્યારે અને ‘ગડોડી’ એટલે ગધેડી, ‘જા’ એટલે ‘ના’, ‘કન’નો અર્થ થાય છે: કાન અને ‘વાટે’ એટલે આમળે! આપણે ઘણીવાર બોલતા હોઈએ છીએં કે, ‘એકના ખાર બીજા પર કાઢવા’! બસ એવું જ આ ચોવકના કુંભારનું સમજવું! એ જ્યારે પત્નીને કંઈ કહી ન શકે ત્યારે તેનો ખાર ગધેડી કે ગધેડાના કાન આમળીને ગુસ્સો કાઢે!

એક બહુ જ બોધદાયક ચોવક છે: **‘વિઈ કે વા પ ન આપડે’** સીધો અર્થ થાય છે: જે પળ વિતી ગઈ તે પાછી નથી આવતી. ‘વિઈ’ એટલે ગઈ અને ‘કે’ એટલે ને ‘વા’ એટલે પવન, ‘પ’ નો અર્થ છે: પણ ‘આપડે’ એટલે આંબી શકે. જે ક્ષણ સરી ગઈ હોય તેને તો પવન પણ ન આંબી શકે!

એવું ઘણી ચોવકોમાં જોવા મળે છે કે, કહેવું કંઈક હોય અને તેનાં પ્રતીક જુદાં જ હોય! લો, આ ચોવક માણજો મિત્રો, ચોવક છે: **“વાણીયેં જો વેશ, ભવાઈયો કઢે.”** અહીં ચતુર વાણિયા જ્ઞાતિને પ્રતીક બનાવાયું છે. શબ્દાર્થ તો સરળ છે: વાણિયાનો વેશ ભવાઈયો નાખે (ધરે)! પણ તેનો ભાવાર્થ તો વળી જુદો જ છે. અહીં દરેક શબ્દના અર્થ બતાવવાની મને જરૂર નથી લાગતી પણ ભવાઈયો જે જુદા જુદા વેશ નાખતો હોય તેમ એ વાણિયાનો વેશ નાખે છે તેવો સળંગ અર્થ છે. મિત્રો, ચોવકને ખરેખર કહેવું એમ છે કે, “મોટા માણસોની નકલ કોઈ નાનો માણસ કરે! લાખ પ્રયત્ને પણ ભવાઈયો અસલી વાણિયો નથી બની શકતો તેમ મોટા માણસોની નકલ કોઈ કરે... એ માત્ર નકલ જ હોય છે... અસલિયતથી ખૂબ જ દૂર...!!” ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સાધુ - સંસ્કૃતિ - સમાજનો ત્રિવેણી સંગમ



દર બાર વર્ષે યોજાતો કુંભમેળો આ વર્ષે પ્રયાગના ત્રિવેણી સંગમ સ્થાને યોજાઈ રહ્યો છે. ૫૫ દિવસના આ મહાકુંભનો પ્રારંભ ૧૩ જાન્યુઆરીએ અને સમાપ્તિ ૨૬ ફેબ્રુઆરીએ થશે. ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ જ્યાં આવે એવી ધારણા છે તેમાં મુખ્ય ભૂમિકા અખાડાની છે. કુલ તેર અખાડા છે. રાષ્ટ્ર અને ધર્મ ઉપર જ્યારે પણ સંકટ આવે ત્યારે તેની રક્ષા માટે અખાડાના સાધુ-સંતો અસ્ત્ર,શસ્ત્ર અને વિદ્યા વડે પ્રતિકાર કરે છે.

આદિ શંકરાચાર્યજીએ સાત અખાડા સ્થાપી ત્રણ વર્ગમાં વર્ગીકૃત કર્યા. તેનાં નામ નિર્વાણ અની, દિગંબર અની અને નિર્મળ અની છે. તેર અખાડા સાથે ૪૫ લાખ સાધુ-સંતો જોડાયા હોવાની ધારણા છે.

દર બાર વર્ષે યોજાતા આ કુંભમેળા સાથે અનેક પૌરાણિક કથા જોડાયેલી છે. સાથે સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પણ સમાયેલો છે.

પૌરાણિક કથા અનુસાર જ્યારે સમુદ્રમંથનમાંથી નીકળેલા અમૃત કુંભ પર હક્ક જમાવવા માટે દેવતાઓ અને દાનવો વચ્ચે યુદ્ધ થયું હતું ત્યારે દાનવો અમૃત પીને અમર થઈ જવા માગતા હતા. દેવતાઓ એવું ઇચ્છતા નહોતા. આથી ગરુડજી આ અમૃત કુંભ લઈને ભાગ્યા. દાનવો તેની પાછળ પડ્યા. આ ઝપાઝપી દરમિયાન ચાર વખત કુંભ પડી ગયો જે ચાર સ્થાન પર કુંભ પડી ગયો તે ચાર સ્થાન હતાં: હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અને નાસિક.

**આ કુંભ કોઈ સામાન્ય મેળો નથી. એ છે ધર્મ - વિજ્ઞાન ને આસ્થા સાથે ઊજવાતો અનેરો ઉત્સવ**

અમૃત કુંભ જે સ્થાન પર પડ્યો ત્યાં અમૃતનાં અમુક ટીપાં પડ્યાં. આથી તે ભૂમિનું વિશેષ મહત્ત્વ ઊભું થયું. કહેવાય છે કે આ યુદ્ધ બાર દિવસ ચાલ્યું હતું. દેવ-દાનવોના એ બાર દિવસ પૃથ્વીવાસીનાં બાર વર્ષ ગણાય છે. તેથી જ ભારતમાં દર બાર વર્ષે કુંભમેળાનું આયોજન આ ચાર સ્થાન પર થાય છે. આ કુંભમેળો એ હિંદુ ધર્મમાં સૌથી મોટો આધ્યાત્મિક મહોત્સવ ગણાય છે. એની પાછળનાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને તથ્યો પણ જાણવા જેવાં છે.

કુંભનો સમય નક્કી કરવા માટે ગુરુ, સૂર્ય અને ચંદ્રની આકાશીય સ્થિતિ ધ્યાનમાં લેવાય છે. તેમાં સૌથી મહત્ત્વનો ઘટક ગ્રહ ગુરુ છે. ગુરુનો સૂર્ય આસપાસ ભ્રમણનો સમય લગભગ બાર વર્ષ છે. જે મહા કુંભની ઘટનામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અર્થમાં ગુરુ વૃષભ રાશિમાં અને સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે ત્યારે પ્રયાગમાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ સ્થાન ત્રિવેણીના કાંઠે કુંભમેળો ભરાય છે. આવી જ રીતે જ્યારે ગુરુ કુંભ રાશિમાં અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે કુંભમેળો હરિદ્વારમાં ગંગાકાંઠે ભરાય છે. જ્યારે ગુરુ અને સૂર્ય સિંહ રાશિમાં પ્રવેશ કરે ત્યારે નાસિકમાં ગોદાવરી નદીના કાંઠે કુંભમેળો ભરાય છે. જ્યારે ગુરુ સિંહ રાશિમાં અને સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે કુંભમેળો ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કાંઠે ભરાય છે.

આમ કુંભમેળો અન્ય મેળા જેવો ચીલાચાલુ મેળો નથી. તે ખગોળશાસ્ત્ર સાથે ચુસ્તપણે જોડાયેલો છે. તે ભારતની પવિત્ર નદીઓ સાથે પણ જોડાયેલો છે. ગુરુ બાર વર્ષમાં રાશિચક્ર પૂરું કરે છે. તેથી ઉપરોક્ત દરેક સ્થળે ૧૨ વર્ષે કુંભમેળો ભરાય છે. સૂર્ય એક વર્ષમાં રાશિ ચક્ર પૂરું કરે છે અર્થાત્ એક રાશિમાં એક મહિનો રહે છે. ઉપરોક્ત ચાર સ્થાનમાંથી બે સ્થાનો હરિદ્વાર અને પ્રયાગમાં અર્ધ કુંભમેળો પણ ભરાય છે. મહાકુંભ મેળા પછી બરાબર છ વર્ષે અર્ધ કુંભમેળો ભરાય છે.

આમ ખગોળીય અને ગ્રહચક્ર આધારિત કુંભમેળો યોજાતો હોઈ આ સમયગાળામાં ગ્રહોના સંયોજન સંદર્ભે એવું માનવામાં આવે છે કે તે આધ્યાત્મિક ચેતનાને તેજ આપે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ ગ્રહોની આ સ્થિતિ અને ચુંબકીય ક્ષેત્રના ફેરફારો શારીરિક અને માનસિક આરોગ્ય પર અસર કરી શકે છે. લાખો લોકો એકત્ર થતાં હોવાથી એમની માનસિક શક્તિ એકત્ર થાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આટલા મોટા સમૂહની ઊર્જા માનસ શક્તિમાં વધારો કરે છે. વૈજ્ઞાનિક રીતે ઠંડાં પાણીમાં સ્નાન કરવાથી શારીરિક તણાવ ઓછો થાય છે. રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને રક્તપ્રવાહ સારી રીતે કાર્ય કરે છે.

કુંભમેળાનો સૌથી મહત્ત્વનો કાર્યક્રમ છે, શાહી સ્નાન. વિશેષ મુહૂર્તમાં સાધુ સમાજ પૂરા ઠાઠમાઠથી સરઘસ રૂપે સ્નાન માટે નીકળે છે. દરેક સંપ્રદાયના અલગ અલગ સરઘસ નીકળે છે. તેનો ક્રમ નક્કી કરેલો હોય છે. સાધુ સમાજના શાહી સ્નાન પછી આમ જનતા શાહી સ્નાન કરવા નીકળે છે.

એ પણ જાણી લો કે, હવે તો ઉત્તર પ્રદેશ સરકારે આ વર્ષના કુંભમેળાના ‘શાહી સ્નાન’ને નવું નામ ‘અમૃત સ્નાન’ આપ્યું છે.

આમ, કુંભમેળો આધ્યાત્મિક સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતો એક અનોખો મેળો છે, જે માનવજીવન અને પર્યાવરણ બંનેને સમૃદ્ધ બનાવવા માટે ઉપયોગી છે. ■

# ફુગાવામાં ઘટાડો થતાં શૅરબજારે રાહત અનુભવી, બેન્ક અને એનર્જી શેરોની લેવાલી સાથે સેન્સેક્સ અને નિફ્ટીએ સુધારો નોંધાવ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિટેલ ફુગાવામાં ઘટાડો અને વૈશ્વિક બજારોમાં સુધારાને કારણે ચાર દિવસના તીવ્ર ઘટાડા પછી મંગળવારે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો જોવા મળ્યો હતો. ત્રીસ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૬૯.૬૨ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા વધીને ૭૬,૪૯૯.૬૩ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૫૦૫.૬ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૭૬,૮૩૫.૬૧ પોઇન્ટના સ્તરે પર બંધ થયો છે. જ્યારે એનએસઇનો નિફ્ટી ૯૦.૧૦ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૩,૧૭૬.૦૫ પર બંધ થયો છે.

મંગળવારે, સેન્સેક્સ અને નિફ્ટી અગાઉના સત્રની સાત મહિનાની નીચી સપાટીથી ઉછળીને ઊંચા મથાળે ખુલ્યા હતા, જેને બેન્કિંગ, ઓટો અને એનર્જી શેરોમાં વૃદ્ધિને ટેકો મળ્યો હતો. પ્રારંભિક સત્ર દરમિયાન સેન્સેક્સ પેકમાંથી ઝોમેટો, ઇન્ડસઇન્ડ બેન્ક, એનટીપીસી, અદાણી પોર્ટ્સ, સ્ટેટ બેન્ક અને ટાટા મોટર્સ ત્રણેક ટકા જેવા ઉછાળા સાથે ઊંચી સપાટીએ ખુલ્યા હતા. બીજી તરફ, એચસીએલ ટેક, એચયુએલ, ટેક મહિન્દ્રા, આઇટીસી અને ઈન્ફોસિસ ઘટાડા સાથે નીચા મથાળે ખુલ્યા હતા.

ત્રીજા ક્વાર્ટરના પરિણામો પછી એચસીએલ ટેકનો સ્ટોકમાં આઠ ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. ડિસેમ્બર ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં આ આઇટી સર્વિસ ફર્મે છ ટકાના વધારા સાથે રૂ. ૪,૫૯૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યા બાદ એચસીએલ ટેક્નોલોજીસના શેરમાં ૮.૪૩ ટકાનો કડાકો જોવા મળ્યો હતો અને તે રૂ. ૧,૮૨૧.૬૫ની ઇન્ટ્રાડે નીચી સપાટીએ અથડાયો હતો.

રેફ્રિજન્ટ અને ઔદ્યોગિક ગેસના વેચાણમાં વિશેષતા ધરાવતી સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ ૧૬ જાન્યુઆરીએ રૂ. ૧૯૯.૪૫ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. આ શેર બીએસઇ અને એનએસઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૫થી રૂ. ૯૦ પ્રતિ શેર અને લોટ સાઇઝ ૧૬૫ ઇક્વિટી શેર છે.

ક્વાડ્રન્ટ ફ્યુચર ટેકના શેરનું લિસ્ટિંગ તેના ઇશ્યૂ ભાવ સામે ૨૯ ટકા પ્રીમિયમ પર થયું હતું. આ શેર એનએસઇ પર રૂ. ૩૭૦ અને બીએસઇ પર રૂ. ૩૭૪ પર ખૂલ્યો હતો. બીઇસી ખાતે પેપરવર્લ્ડ ઇન્ડિયાની આગામી એડિશન, કોર્પોરેટ ગિફ્ટ્સ શો સાથે ૨૩થી ૨૫ જાન્યુઆરી દરમિયાન યોજાઇ રહી છે, જેમાં ૩૪૦થી વધુ એક્ઝિબિટર્સ ઓફિસ, કલા અને હસ્તકલા પુરવઠા માટે ટ્રેન્ડસેટિંગ સ્ટેશનરી એક જ છત નીચે રજૂ કરશે. મહાનદી થર્મલ પ્લાન્ટને હસ્તગત કરવાના ઉદ્દેશ્ય પત્ર મળ્યા બાદ જેએસડબલ્યુ એનર્જીનો શેર ૪.૩૯ ટકાથી વધુ ઉછળ્યો હતો. ટીસીએલ ઇલેક્ટ્રોનિક્સે બજારમાં વિશ્વનું સૌથી મોટું ૧૧૫ ઇંચનું ક્યુડી મીની એલઈડી ટીવી મૂક્યું છે.

વૈશ્વિક બજારમાં સુધારો અને સ્થાનિક સીપીઆઇ ફુગાવામાં ઘટાડો થવાથી શેરબજારને રાહત મળી છે, આનાથી આરબીઆઇને તેની આગામી નીતિ નક્કી કરવામાં થોડી છૂટ મળી શકે છે; જોકે, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને દસ વર્ષના બોન્ડની ઊંચી ઉપજ પર ધ્યાનપૂર્વક નજર રાખવામાં આવશે. ચોથા ક્વાર્ટર માટે કોર્પોરેટ




અર્નિંગ્સના નબળા ગાઇડન્સ અંગે ચિંતા વચ્ચે આઇટી ક્ષેત્ર પર દબાણ રહ્યું હોવાનું જણાવતાં એમ જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસીસ, રિસર્ચ હેડ, વિનોદ નાયરે કહ્યું હતું કે સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝન અને આગામી કેન્દ્રીય બજેટની વધુ અસર વર્તાશે, જે અંગે મિશ્ર મત પ્રવર્તે છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, વિદેશી રોકાણકારોની સતત વેચવાલી અને વૈશ્વિકક સ્તરે ક્રૂડ ઓઇલના વધતા ભાવને કારણે શેરબજાર પર દબાણ આવ્યું છે અને તેમાં વધારો મર્યાદિત બન્યો છે. પાછલા ચાર ટ્રેડિંગ સત્રોમાં સેન્સેક્સમાં ૧,૮૬૯.૧ પોઈન્ટ અથવા ૨.૩૯ ટકાનો કડાકો નોંધાયો છે. અદાણી પોર્ટ્સ પાંચ ટકાથી વધુ ઉછળ્યો છે. એનટીપીસી, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, ઝોમેટો, બજાજ ફાઇનાન્સ, ટાટા મોટર્સ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ઇન્ડસઇન્ડ બેંક અને મારુતિ ટોપ ગેઇનર્સમાં સામેલ હતા. જ્યારે હિન્દુસ્તાન યુનિલિવર, ટાઇટન, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ઇન્ફોસિસ અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ લૂઝર્સ હતા.

અર્થવિશ્લેષકો માને છે કે રિટેલ ઇન્ફ્લેશનનો ઘટાડો આગામી નાણાકીય નીતિ સમીક્ષામાં મુખ્ય વ્યાજ દર ઘટાડવા માટે રિઝર્વ બેંકને અવકાશ આપી શકે છે. એશિયન બજારોમાં, સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ હકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા જ્યારે ટોકિયોનો બેન્ચમાર્ક નીચા સ્તરે ગબડ્યો હતો. યુરોપના બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો મિશ્ર નોંધ પર બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ રૂ. ૪,૮૯૨.૮૪ કરોડના ઇક્વિટી શેર વેચ્યા હતા. એફઆઇઆઇએ પાછલા ૧૧ દિવસમાં લગભગ રૂ. ૨૫,૦૦૦ કરોડના શેર વેચ્યા છે અને પાછલા ચાર જ સત્રમાં બીએસઇના માર્કેટ કેપિટલમાં રૂપિયા ૨૫ લાખ કરોડનું દોવાણ નોંધાયું છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૨ ટકા વધીને ૮૧.૧૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું છે. ડિસેમ્બર ૨૦૨૪માં જથ્થાબંધ ભાવ ફુગાવો વધીને ૨.૩૭ ટકા થયો, બિન-ખાદ્ય વસ્તુઓ, ઉત્પાદિત વસ્તુઓ તેમજ ઇંધણ અને વીજળીના ભાવમાં વધારો થવાને કારણે, મંગળવારે જાહેર કરાયેલા સરકારી ડેટા દર્શાવે છે કે ખાદ્ય ચીજવસ્તુઓમાં નજીવી રાહત જોવા મળી હતી. સોમવારે સતત ચોથા સત્રમાં ઘટાડો, ૩૦ શેરો વાળા બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૦૪૮.૯૦ પોઈન્ટ અથવા ૧.૩૬ ટકા ઘટીને ૭૬,૩૩૦.૦૧ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૩૪૫.૫૫ પોઈન્ટ અથવા ૧.૪૭ ટકા ઘટીને ૨૩,૦૮૫.૯૫ પર બંધ થયો હતો.

ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર નિફ્ટી તેના ૨૨,૮૦૦ પોઇન્ટના લોંગ ટર્મ ટ્રેન્ડલાઇન સપોર્ટ નજીક આવી ગયો હોવાથી રિવર્સલની આશા રાખી શકાય કેમ કે બજાર ઓવરસોલ્ડ ટેરીટરીમાં પ્રવેશ્યું છે.

નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી નિફ્ટી ૨૩,૦૦૦ની ઉપર ટકેલો છે ત્યાં સુધી રિવર્સલ ટ્રેન્ડ માટે આશાવાદી રહી શકાય, જોકે આ સપાટી તૂટશે તો બજાર વધુ નીચી સપાટીએ ગબડી શકે છે. માર્કેટ એનાલિસ્ટ રોકાણકારોને ઉછાળે વેચવાલીની સલાહ આપી રહ્યાં છે.

સતત ચાર દિવસની પીછેહઠમાં રોકાણકારોની સંપત્તિમાંથી રૂ. ૨૪.૬૯ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે, જેમાંથી રૂ. ૧૨.૬૧ લાખ કરોડનું ધોવાણ સોમવારના સત્રમાં જ નોંધાયું છે.

ચાર સત્રમાં બીએસઇનું માર્કેટ કેપિટલ જોરદાર ઘટાડા સાથે પાંચ ટ્રિલિયન ડોલરની સપાટી તોડીને ૪.૮૨ ટ્રિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું છે.

વિદેશી રોકાણકારોએ આ મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૨૨,૧૯૪ કરોડ પાછા ખેંચી લીધા છે. અમેરિકાના મજબૂત રોજગાર ડેટાને કારણે ફેડરલ દ્વારા વ્યાજ દરના વહેલા ઘટાડાની અપેક્ષાઓને નબળી પાડી હોવા ઉપરાંત, રૂપિયામાં નોંધાયેલો લગભગ બે વર્ષમાં સૌથી મોટો એક દિવસીય કડાકો અને વિદેશી ભંડોળના અવિરત આઉટફ્લોએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને ખરડી નાખ્યું છે.

# સેન્સેક્સના સુધારા સાથે માર્કેટ કૅપમાં ₹ ૬.૧૮ લાખ કરોડની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: બીએસઇની માર્કેટ કેપમાં રૂ. ૬.૧૮ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ છે. યુટિલિટીઝ ઈન્ડેક્સ સૌથી વધુ લેવાલી અને સુધારો હતો, જ્યારે ફોકસ્ડ આઈટીમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૭,૦૯૯.૫૫ના બંધથી ૧૬૯.૬૨ પોઈન્ટ્સ (૦.૨૨ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૬.૧૮ લાખ કરોડ વધીને રૂ.૪૨૩.૨૩ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૬,૩૩૫.૭૫ ખૂલીને ઊંચામાં ૭૬,૮૩૫.૬૧ અને નીચામાં ૭૬,૩૩૫.૭૫ સુધી જઈને અંતે ૭૬,૪૯૯.૬૩ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૯ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૧ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૭૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૮૬૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૦૯૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૮૦ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૨૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૨.૧૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૬૯ ટકા વધ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૨૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૫૩ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ યુટિલિટીઝ ૫.૨૧ ટકા, પાવર ૪.૫ ટકા, મેટલ ૩.૫૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૨.૫૪ ટકા, કોમોડિટીઢ ૨.૩૪ ટકા, સર્વિસીસ ૨.૨૬ ટકા, ઓટો ૨.૦૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૦૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૯૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૭ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૫ ટકા, એનર્જી ૧.૫૨ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૪૧ ટકા, બેન્કેક્સ ૧.૨૨ ટકા, હેલ્થકેર ૧.૦૫ ટકા, રિયલ્ટી ૦.૮૨ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૨ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૧.૮૯ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૭ ટકા, ટેક ૧.૨૨ ટકા અને એફએમસીજી ૧.૦૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૪.૭૭ ટકા, એનટીપીસી ૪.૨૨ ટકા, તાતા સ્ટીલ ૩.૨૯ ટકા, ઝોમેટો ૨.૯૩ ટકા, તાતા મોટર્સ ૨.૬૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૬૨ ટકા, સ્ટેટ બેન્ક ૨.૫૪ ટકા, બજાજ ફિનસર્વ ૨.૨૫ ટકા મારુતિ ૨.૧૯ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૦૮ ટકા વધ્યા હતા, જ્યારે એચસીએલ ટેકનોલોજી ૮.૬૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૩.૪૮ ટકા, ટાઈટન ૧.૬૫ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૩૫ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૫ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૧૫ ટકા, નેસ્લે ૦.૮૫ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૫૮ ટકા, આઈટીસી ૦.૫૪ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૫૪ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૪૩૪.૮૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૫૨ સોદામાં ૨,૯૭૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૮,૬૯,૬૯૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૩૪,૧૭,૧૨૪.૨૪ કરોડનું રહ્યું હતું.

# ચાંદીમાં કિલોએ ₹ ૧૦૭૦નો ફટકો, સોનું ₹ ૨૮૦ સસ્તું થયું

(વાણિજય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: વૈશ્વિક અર્થતંત્ર ઘણા સમયથી અનિશ્ચિત પરિબળો વચ્ચે અથડાઇ રહ્યું છે અને તેમાં અમેરિકાનું શાસન ટ્રમ્પના હાથમાં આવવાનું નક્કી થયું ત્યારથી તેની તઘલખી વિચારધારાને કારણે એકંદર વૈશ્વિક બજારોમાં અનિશ્ચતતા વધી ગઇ છે અને બુલિયન માર્કેટ પણ તેમાંથી બાકાત નથી.

ફોરેક્સ માર્કેટમાં અને ઇક્વિટી બજારમાં સહેજ રાહત વચ્ચે સ્થાનિક બુલિયન બજારમાં પીછેહઠનો દજોર ચાલુ રહ્યો હતો. ચાંદીમાં કિલોએ રૂ. ૧૦૭૦નો ઘટાડો થયો છે જ્યારે સોનામાં દસ ગ્રામે રૂ. ૨૮૦ સુધીનો ઘટાડો નોંધાયો છે.

સ્થાનિક ઝવેરી બજારમાં બંને કિમતી ધાતુઓમાં નિરસ વાતાવરણ વચ્ચે સાકંડી વધઘટ જોવા મળી હતી. ૯૯૯ ટચનું શુદ્ધ સોનું દસ ગ્રામે રૂ. ૭૮,૩૦૮ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૭૮૦૨૫ની સપાટીએ ખૂલીને અંતે રૂ. ૨૮૦ના ઘટાડા સાથે રૂ. ૭૮,૦૨૮ની સપાટીએ સ્થિર થયું હતું.

એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું દસ ગ્રામે રૂ. ૭૮,૯૯૪ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૭૮,૭૧૩ની સપાટીએ




ખૂલીને અંતે રૂ. ૨૭૮ના ઘટાડા સાથે રૂ. ૭૭,૭૧૬ની સપાટીએ સ્થિર થયું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદીનો ભાવ રૂ. ૮૯,૮૦૦ના પાછલા બંધ સામે કિલોએ રૂ. ૮૮,૪૦૦ની સપાટીએ ખૂલીને રૂ. ૧૦૭૦ના મોટા ઘટાડા સાથે રૂ. ૮૮,૭૩૦ની સપાટીએ સ્થિર થઇ હતી.

દેશાવરોમાં નવી દિલ્હી ખાતે પણ સોનાચાંદીમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, મંગળવારે નબળા વૈશ્વિક વલણ વચ્ચે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૮૦ રૂપિયા ઘટીને ૮૦,૫૮૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા, જેના કારણે પાંચ દિવસની આગેકૂચને બ્રેક લાગી હતી. સોમવારે, કિંમતી ધાતુ ૧૦ ગ્રામ દીઠ ૮૦,૬૬૦ રૂપિયા પર બંધ થઈ હતી. ઔદ્યોગિક એકમો અને સિક્કા ઉત્પાદકોની માગમાં નરમાઈને કારણે ચાંદી પણ મંગળવારે ૧,૩૦૦ રૂપિયા ઘટીને ૯૧,૭૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ હતી. આ શ્વેત ધાતુ પાછલા સત્રમાં ૯૩,૦૦૦ રૂપિયા પ્રતિ કિલો પર સ્થિર થઈ હતી.

# આગામી વર્ષોમાં ગ્રામીણ ક્ષેત્રે વપરાશી માગ વધશે પરંતુ શહેરી માગમાં ઘટાડો થવાની સંભાવના

નવી દિલ્હી: દેશના મુખ્ય સેક્ટર્સમાં સ્લોડાઉનની સ્થિતિને કારણે ભારતીય અર્થતંત્ર અત્યારે મંદ માંગના તબક્કામાંથી પસાર થઇ રહ્યું છે. અનેક પરિબળો નિકાસ, વપરાશની પેટર્ન તેમજ આવકના ગ્રોથને અસર કરે છે, જે નાણાવર્ષ ૨૦૨૬ માટે પડકારજનક આઉટલુક તરફ ઇશારો કરે છે તેવું નુવામાએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે.

રિપોર્ટ ચાર પરિબળોની ઓળખ કરે છે. જેમાં સંપત્તિની અસર, આવક, લાભ અને રાજકોષીય પરિબળોને વપરાશ ચક્રના મુખ્ય ચાલકબળ દર્શાવાયા છે. છેલ્લા બે દાયકા દરમિયાન આ ચાલકબળોએ અનેકવિધ તબક્કામાં વપરાશને અસર કરી છે. નાણાવર્ષ ૨૦૨૫માં, આ તમામ ચાલકબળોએ નરમાઇના સંકેત આપ્યા છે.

પરિવારની આવકનો ગ્રોથ ઘટ્યો છે, જ્યારે ગ્રામીણ પગારનો ગ્રોથ સ્થિર રહ્યો હતો અને સંગઠિત ક્ષેત્રમાં આવકનો ગ્રોથ સતત ઘટી રહ્યો છે. વપરાશ માટે લેવામાં આવતી લોન જે પહેલા આવકમાં ઘટાડાની અસરને ઓછી કરતી હતી, તેમાં પણ હવે ઘટાડો થઇ રહ્યો છે. જેનો ગ્રોથ નાણાવર્ષ ૨૦૨૪ના ૨૫%થી ઘટીને નાણાવર્ષ ૨૦૨૫માં ૧૫% રહેવાની સંભાવના છે. ૨૦૨૬ માટે ગ્રામીણ અને શહેરી પરિવારોમાં આવકનો આઉટલુક નરમ રહેવાની શક્યતા છે અને સાથે જ કન્ઝમપ્શન લોનની પણ માંગ ઘટે તેવો અંદાજ છે. છેલ્લા કેટલાક વર્ષથી નબળા રહેલા ગ્રામીણ વપરાશમાં પણ રિકવરી જોવા મળી શકે છે પરંતુ શહેરી વપરાશ હજુ પણ ઘટે તેવી શક્યતા છે.

સામાજિક ક્ષેત્ર માટે ખર્ચમાં વધારો કર્યો છે અને કેન્દ્ર સરકાર પણ આ ટ્રેન્ડને અનુસરે તેવી શક્યતા છે. સરકાર દ્વારા ખર્ચમાં વધારાને કારણે ગ્રામીણ વપરાશને વેગ મળે તેવો સૂર વ્યક્ત કરી રહ્યા છે. રિયલ જીડીપી ગ્રોથ ૫%ના દરે વધ્યો છે. રિપોર્ટ અનુસાર ભારતીય અર્થતંત્ર સપ્લાયને લઇને મજબૂત છે પરંતુ સામે માંગ નીકળી નથી. નાણાવર્ષ ૨૦૧૯થી નાણાવર્ષ ૨૦૨૫ દરમિયાન દેશનો રિયલ જીડીપી ગ્રોથ ૫%ના ઈઅત્રહ્ઠ દરે વધ્યો છે. નિકાસમાં ઘટાડો, ખાદ્ય ઘટાડવા પર સરકારનું ફોકસ જેવા પરિબળોએ માંગની નરમાઇને વધારી છે.

# દાયકાઓના નબળા પ્રદર્શન બાદ દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થા હવે નવા વળાંક પર

મુંબઈ. ગ્રામીણ ભારત એ ભારતની વૃદ્ધિ વાર્તાનો ખૂબ જ અભિન્ન ભાગ છે કારણ કે આપણી કાર્યકારી વયની વસ્તીનો મોટો હિસ્સો ગ્રામીણ ભારતમાં છે. ભારતની ૬૪ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને ગ્રામીણ અર્થતંત્ર ભારતના જીડીપીમાં લગભગ અડધો ફાળો આપે છે. પાછલા દાયકામાં, ભારત સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં જીવનધોરણ સુધારવા માટે ઘણા બધા રોકાણો કરવામાં આવ્યા છે, જેથી ઘણા લોકોને ગરીબી રેખાની બહાર લાવવામાં આવ્યા છે. જોકે, સામાજિક કલ્યાણ કાર્યોમાં સુધારો કરવા માટે તમામ રોકાણો હોવા છતાં, રોજગાર માટે કૃષિ પર ખૂબ જ નિર્ભરતાને કારણે પાછલા કેટલાક વર્ષોમાં એકંદર સ્તરે ગ્રામીણ આવક સારી ના રહી હોવાનું જણાવતાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસીના ફંડ મેનેજર પ્રિયંકા ખંડેલવાલ કહે છે કે, પાછલાં દસ વર્ષમાં, અમે કૃષિ સિવાયના રોજગારમાં કાર્યરત લોકોની ટકાવારીમાં નોંધપાત્ર સુધારો જોયો નથી. આવશ્યકપણે, આજીવિકા માટે કૃષિ પર નિર્ભરતા વધુ હતી અને કારણ કે ખેત આવક વૃદ્ધિ શ્રેણીબદ્ધ હતી, એકંદરે વાસ્તવિક ગ્રામીણ વેતન વૃદ્ધિની સંખ્યા મંદ રહી છે.

બીજી તરફ, શહેરી આવક વૃદ્ધિ પ્રમાણમાં સારી રહી છે, તેથી જ શહેરી ભારતે ગ્રામીણ ભારતની સરખામણીમાં આવક અને વપરાશ વૃદ્ધિની દ્રષ્ટિએ વધુ સારું પ્રદર્શન કર્યું છે. જો કે, આ દાયકામાં ગ્રામીણ ભારતનો અંદાજ અલગ હોઈ શકે છે કારણ કે નોન-એગ્રી જોબ માટેનો દૃષ્ટિકોણ વધુ સારો દેખાય છે. સ્થાનિક જરૂરિયાતો તેમજ નિકાસ માટે ભારતના ઉત્પાદન ક્ષેત્રના વિકાસ પર જે ભાર આપવામાં આવી રહ્યો છે તેમાં બિન-ખેતી નોકરીઓની ઉપલબ્ધતાને સુધારવાની ક્ષમતા છે. બાંધકામ સંબંધિત નોકરીઓ માટેનો દૃષ્ટિકોણ વધુ સારો છે, જે રિયલ એસ્ટેટ ચક્રમાં સુધારણા દ્વારા પણ સહાયિત છે. સરકાર દ્વારા કૌશલ્યલક્ષી પહેલોના સંદર્ભમાં ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે, જે આપણા શ્રમબળને માત્ર બિન-ખેતી નોકરીઓ માટે જ નહીં પણ સ્વરોજગાર માટે પણ તૈયાર કરે છે.

# અમેરિકી પ્રતિબંધોને કારણે ક્રૂડ ઑઈલના ભાવ અને પરિવહન ખર્ચમાં વધારો થશે

નવી દિલ્હી: રશિયન ઉત્પાદકો અને જહાજો પર અમેરિકી પ્રતિબંધોને કારણે ચીન અને ભારતની રિફાઈનરીઓએ પશ્ચિમ એશિયા, આફ્રિકા અને અમેરિકામાંથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદવું પડશે. ટ્રેડર્સ અને વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભારત અને ચીનને સપ્લાયમાં ઘટાડો, રશિયન ઓઇલના મોટા ખરીદદારો અને અન્ય દેશો પરની અવલંબન વધવાથી ભાવમાં વધારો થશે અને પરિવહન ખર્ચમાં વધારો થશે.ગત સપ્તાહે, યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે રશિયન તેલ ઉત્પાદકો ગેઝપ્રોમ નેફ્ટ અને સર્ગુટનેફ્ટેગાસ તેમજ રશિયન તેલ વહન કરતા ૧૮૩ જહાજો પર પ્રતિબંધો લાદ્યા હતા. અમેરિકાના આ પ્રતિબંધોનો હેતુ રશિયાની આવક ઘટાડવાનો છે, જેનો ઉપયોગ તે યુક્રેન સાથેના યુદ્ધમાં કરી રહ્યું છે.

પશ્ચિમી દેશોના પ્રતિબંધો અને ૨૦૨૨માં સાત દેશોના જૂથ દ્વારા નિર્ધારિત કિંમત મર્યાદાને કારણે, ઘણા ટેન્કરોએ ભારત અને ચીનને તેલ પહોંચાડવાનું શરૂ કર્યું અને રશિયન તેલ યુરોપને બદલે એશિયા પહોંચવાનું શરૂ કર્યું હતું. ઈરાનથી તેલ પહોંચાડતા કેટલાક ટેન્કરો પણ પ્રતિબંધોના દાયરામાં છે.

ચીનના વેપારી સૂત્રોએ જણાવ્યું હતું કે નવા પ્રતિબંધો રશિયન તેલની નિકાસ પર ગંભીર અસર કરશે, સ્વતંત્ર ચીની રિફાઈનરોને રિફાઈનિંગમાં ઘટાડો કરવાની ફરજ પડશે. નૂર વિશ્લેષકોએ જણાવ્યું હતું કે નવા પ્રતિબંધિત જહાજોમાં ૧૪૩ ઓઈલ ટેન્કરનો સમાવેશ થાય છે જેણે ગયા વર્ષે ૫.૩ મિલિયન બેરલ રશિયન તેલનો સપ્લાય કર્યો હતો, જે દેશના કુલ દરિયાઈ તેલની હિલચાલના લગભગ ૪૨ ટકા છે. આમાંથી લગભગ ૩,૦૦૦ લાખ બેરલ તેલ ચીનને સપ્લાય કરવામાં આવ્યું છે, જ્યારે બાકીનું મોટા ભાગનું ભારત મોકલવામાં આવ્યું છે. આ પ્રતિબંધો રશિયાથી તેલ પહોંચાડવા માટે ઉપલબ્ધ જહાજોના કાફલામાં નોંધપાત્ર ઘટાડો કરશે અને ટૂંકા ગાળામાં, ઊંચા નૂર દરો તરફ દોરી જશે.ગયા વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં ભારતમાં રશિયન ક્રૂડ ઓઈલની આયાત વાર્ષિક ધોરણે ૪.૫ ટકા વધીને ૧૭.૬૪ લાખ બેરલ પ્રતિ દિવસ અથવા ભારતની કુલ તેલની આયાતના ૩૬ ટકા થઈ ગઈ છે.

# સેબીના આકરા પગલાંને કારણે ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં દૈનિક ટર્નઓવર જૂન ૨૦૨૩ પછીના સૌથી નીચા સ્તરે

મુંબઈ: માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા ભરાયેલા આકરા પગલાંની અસરે નવા નિયમોના અમલીકરણ પછીના પહેલો મહિનો ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ માટે નિરસ રહ્યો હતો. સેબીના નિયમોની અસર બજારના વોલ્યુમ પર પડી છે. ડેરિવેટિવ્ઝ માર્કેટના જોખમો અને ફાયદા અને ગેરફાયદા વિશે રોકાણકારો અને સટોડિયાઓને સંવેદનશીલ બનાવવા માટે પાછલા કેટલાક મહિનાઓથી ચાલી રહેલી ઝુંબેશએ પણ નવા ટ્રેડરોએ પોઝિશન લેતી વખતે સાવચેતીભર્યો અભિગમ અપનાવવાની પ્રેરણા આપી છે.

એફએન્ડઓ મોરચે સેબીનું પગલું તેના અગાઉના અભ્યાસને આધારે લેવામાં આવ્યુ હતું. તે વેળાએ સેબીએ જણાવ્યું હતું કે ૯૦ ટકાથી વધુ વ્યકિતગત ટ્રેડર્સને ડેરિવેટિવ્ઝમાં નુકસાન સહન કરી રહ્યા છે. જો કે, તેમાંથી કેટલાકે સતત વર્ષોની ખોટ પછી પણ શેરબજારમાં ખેલો ચાલુ રાખ્યો હતો. ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડર્સના જુસ્સાને અંકુશમાં લેવા માર્કેટ રેગ્યુલેટરના તાજેતરના પગલાંને કારણે ડિસેમ્બરમાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ વોલ્યુમ નવેમ્બરની સરખામણીમાં ડિસેમ્બરમાં ૩૭ ટકા ઘટયું છે. ડિસેમ્બરમાં ૨૯ તારીખ સુધીમાં, ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૨૮૦ લાખ કરોડ નોંધાયું હતું, જે જૂન ૨૦૨૩ પછીનું સૌથી નીચું સ્તર છે. નવેમ્બરમાં તે ૪૪૨ લાખ કરોડ રૂપિયા હતું. નવા નિયમોના અમલીકરણ પછીનો આ પહેલો મહિનો છે.

સાપ્તાહિક ડેરિવેટિવ્ઝ માટેના ઊંચા કોન્ટ્રાકટના કદનો અમલ પહેલી જાન્યુઆરીથી અમલમાં આવવાના હોવાથી ઉદ્યોગના સહભાગીઓ વધુ નુકસાનની શક્યતાને નકારી રહ્યાં નથી. અન્ય ત્રણ નિર્ણયો પણ આવતા વર્ષે જુદા જુદા સમયગાળામાં અમલમાં આવશે.

નિફ્ટી-૫૦ સાપ્તાહિક કોન્ટ્રાક્ટ માટે સુધારેલા કોન્ટ્રાક્ટ લોટ સાઇઝ સાથે પ્રથમ સાપ્તાહિક એક્સપાયરી બીજી જાન્યુઆરીએ થશે. સેબીના સુત્રોએ જણાવ્યું હતું કે તાજેતરના ફેરફારો પછી, ડેરિવેટિવ્ઝના અંદાજિત વોલ્યુમમાં ૩૫-૪૦ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે પ્રીમિયમ વોલ્યુમમાં આઠ ટકાનો ઘટાડો થયો છે. કોન્ટ્રાક્ટ દીઠ ભાવમાં પચાસ ટકાનો વધારો થયો છે.

એક્સ્ચેન્જોએ નિફ્ટી બેન્ક અને બેન્કેક્સના સાપ્તાહિક કોન્ટ્રાક્ટ્સ બંધ કર્યા છે, જ્યારે હવે વધતી અસ્થિરતાને કારણે સંભવિત જોખમને ઘટાડવા માટે એક્સપાયરી ડે પર શોર્ટ પોઝિશન પર બે ટકા ઇએલએમ લાગુ કરી રહ્યા છે. ડેરિવેટિવ્ઝ રેગ્યુલેશન હવે એક સતત ચાલુ રહેતી પ્રક્રિયા બનશે જેનો ઉદ્દેશ્ય રોકાણકારોના રક્ષણને પ્રાથમિકતા આપવા અને ઇન્ડેક્સ ડેરિવેટિવ્ઝમાં સમાપ્તિ દરમિયાન આક્રમક અટકળોને કાબૂમાં રાખવાનો છે.

ડેરિવેટિવ્ઝ સેગમેન્ટનું ટર્નઓવર હવે સપ્ટેમ્બરમાં હતું તેના કરતાં અડધું છે. તે સમયે, બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી વિક્રમી ઊંચાઈએ પહોંચવાની સાથે સરેરાશ દૈનિક ટર્નઓવર રૂ. ૫૩૭ લાખ કરોડના રેકોર્ડ સ્તરે નોંધાયું હતું. બેન્ચમાર્ક શેરઆંકો ત્રણ અઠવાડિયા કરતાં ઓછા સમયમાં તેમના ઉચ્ચતમ સ્તરોથી ૧૦ ટકા ઘટયા હતા. બજારમાં તીવ્ર ઘટાડાથી ટ્રેડિંગ વોલ્યુમ પર પણ અસર પડી છે, જે સાવચેતીભર્યા વલણને દર્શાવે છે.

# કચ્છમાં ધોરડોના સફેદ રણથી લશ્કરના જવાનો એડ્વેન્ચરથી ભરપૂર લેન્ડ યોટિંગ સફરે રવાના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના અનોખા ભૂ-પ્રદેશ અને રાજ્યના ગ્રામિણ વિસ્તારોમાં ભારતીય લશ્કર પ્રત્યે જાગૃતિ ફેલાવવાના હેતુથી વર્ષ ૨૦૧૦થી શરૂ કરવામાં આવેલા જમીન પર ચાલી શકે તેવી નૌકા દ્વારા વિહાર અભિયાનનો ધોરડોના સફેદ રણથી પ્રારંભ કરાવાયો હતો. આ લેન્ડ યોટિંગ ૭૭માં ભારતીય સેના દિવસની ઉજવણીના ભાગરૂપે ૧૫થી ૨૦મી જાન્યુઆરી સુધી ચાલશે.

૪૬ એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા શરૂ કરવામાં આવેલા આ અભિયાન અંગે ફ્લેગઑફ આપનારા ૬૧૭માં સ્વતંત્ર એર ડિફેન્સ બ્રિગેડના બ્રિગેડિયર રવીન્દ્રાસિંહ ચીમાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, પાણી પર શઢ એટલે કે કાપડના પડદા સાથેની હોડી ચાલે તેમ રણમાં જવાનો એન્જિન, પેન્ડલ, ઇંધણ અને બ્રેક વગરની માત્ર પવનની થપાટના કારણે કાપડના પડદા અને પવનની ગતિથી ચાલતી, વજનમાં હલકી સઢવાળી નૌકાની યાત્રામાં લશ્કરના ૧૮ જવાનો જોડાયા છે.



(તસવીર: ઉત્સવ વૈદ્ય, ભુજ)

પાંચ દિવસની આ સાહસ યાત્રામાં જોડાયેલા સાહસિકો ધોરડોથી ઇન્ડિયા બ્રિજ, ધર્મશાળા વિઘાકોટ, શક્તિબેટ,કરીમશાહી, એરિયા ગ્રુવથી પરત આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એશિયામાં માત્ર કચ્છના રણમાં યોજવામાં આવતી આ સાહસ યાત્રા કરનારા જવાનોને ભુજ ખાતે આવેલા કેમ્પસમાં ખાસ તાલીમ આપવામાં આવે છે.યુવાનોમાં દેશપ્રેમની ભાવના વધુ મજબૂત બને અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવી એ આ સાહસ યાત્રાનો મુખ્ય ઉદેશ્ય હોવાનું તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, કોરોના વાઇરસના પ્રકોપના કારણે ત્રણ વર્ષ સુધી આ ડેઝર્ટ એક્સપીડિશન બંધ રહ્યું હતું. ■

# જૂનાગઢમાં વૃદ્ધો માટે મમરાના લાડુ ખાવાની સ્પર્ધા યોજાઈ: વિજેતાએ સાડા આઠ લાડુ ખાઈને પ્રથમ સ્થાન મેળવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના ગાંધીગ્રામસ્થિત આઈએમ હોલમાં સિનિયર સિટિઝન મંડળ દ્વારા એક અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધજનો માટે મમરાના લાડુ ખાવાની સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ૨૬ સિનિયર સિટિઝન્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સિનિયર સિટિઝન મંડળના પ્રમુખ જ્યોતિષ માંકડે જણાવ્યું હતું, કે આ સ્પર્ધામાં પુરુષ અને મહિલા વર્ગ અલગ-અલગ રાખવામાં આવ્યા હતા. પાંચ મિનિટની મર્યાદામાં અશોકભાઈ પ્રીતવાણીએ સાડા આઠ લાડુ ખાઈને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. બીજા ક્રમે નારણભાઈ માલવીયા સાડા સાત લાડુ સાથે અને ત્રીજા ક્રમે જગદીશભાઈ કાનાણી સવા સાત લાડુ સાથે રહ્યા હતા. મહિલા વર્ગમાં રમાબહેને સાત લાડુ ખાઈને પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ વૃદ્ધજનોમાં ખુમારી જાળવી રાખવા અને જીવનમાં હકારાત્મક અભિગમ વધારવાનો હતો. અગાઉ મંડળ દ્વારા પતંગ ઉડાવવાની સ્પર્ધા સહિત અન્ય વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવતું હતું.

આ પ્રકારની પ્રવૃત્તિઓથી વૃદ્ધજનો પોતાના પરિવાર સાથે સુખ-શાંતિથી હળીમળીને રહી શકે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ■

# સુરેન્દ્રનગરના ખારાઘોડા નવાગામમાં એક જ કોમના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગરમાં પાટડી તાલુકાના ખારાઘોડા નવાગામમાં એક જ કોમના બે જૂથો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં ચકચાર મચી ગઈ હતી. બે જૂથો વચ્ચે લાકડી, ધોકા અને પાઇપ જેવાં હથિયારોથી થયેલા હુમલામાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યારે આ મામલે પાટડી પોલીસ સ્ટેશનમાં ૫ શખસ સામે ફરિયાદ નોંધાઈ હતી.

આઠ વર્ષ જૂની અદાવતમાં ત્રણ શખસે લાકડી અને લોખંડની પાઈપ લઈને ગામના મુમતાજબેન સહિતના પરિવારજનો પર હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને પ્રથમ પાટડી સરકારી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ખારાઘોડા ગામની મુમતાજબેન જિલાનીભાઇ સૈયદે પાંચ વ્યક્તિઓ - જુબેરભાઈ બાબુખાન, અલ્તાફભાઈ બાબુખાન, સમીરખાન તહેરૂમખાન, રુકસાનાબેન બાબુખાન અને અમદાવાદના આમિરખાન ઉર્ફે ટીપુ પઠાણ વિરુદ્ધ પાટડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ માટેની કાર્યવાહી શરૂ કરી હતી. આ ઘટનાએ વિસ્તારમાં તંગદિલી ફેલાવી હતી અને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ■

# લીંબડીના પાણશીણા ગામમાં જૂથ અથડામણ: ચુસ્ત પોલીસ બંદોબસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના પાણશીણા ગામમાં એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે અંગત અદાવતમાં હિંસક અથડામણ સર્જાઈ હતી. આ ઘટનામાં બંને પક્ષના મળીને કુલ છ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરોએ ઘાતક હથિયારોનો ઉપયોગ કર્યો હોવાનું પણ બહાર આવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલ ખાતે એકત્રિત થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં જૂની અદાવત આ હિંસક ઘટનાનું કારણ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બંને જૂથોના સભ્યોની પૂછપરછ શરૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ અથડામણ ન થાય તે માટે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ■

# રાજકોટમાં રોગચાળો વકર્યો, શરદી-ઉધરસના ૯૪૩, સામાન્ય તાવના ૭૨૭ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીમાં સતત વધારો થતાં રોગચાળો વકરી રહ્યો છે. જેમાં શરદી-ઉધરસનાં કેસમાં વધારો યથાવત્ છે. મળતી વિગત મુજબ, શહેરમાં ટાઇફોઇડ તાવનાં વધુ બે કેસ નોંધાયા હતા. જેને પગલે રાજકોટ મહાનગરપાલિકાનું આરોગ્ય વિભાગ સતર્ક બન્યું હતું અને મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા સહિતના રોગને નિયંત્રિત કરવા માટે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શરદી-ઉધરસના ૯૪૩, સામાન્ય તાવના ૭૨૭ અને ઝાડા ઊલટીના ૧૬૩ કેસ નોંધાતા લોકોને પણ સાવધાની રાખવા અપીલ કરવામાં આવી હતી.

મનપાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને કાબૂમાં લેવા માટે છેલ્લા એક અઠવાડિયામાં ૩૩,૬૯૮ ઘરમાં પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમજ ફિલ્ડવર્કરો દ્વારા ૭૫૩ ઘરમાં ફોગિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાન શોધવા માટે બાંધકામ સાઇટ, સ્કૂલ, કોલેજો સહિત ૫૬૯ સ્થળે તપાસ કરવામાં આવી હતી. જેમાં રહેણાકમાં ૨૬૭ અને કોમર્શિયલ ૧૩૭ મળી કુલ ૪૦૪ આસામીને નોટિસ ફટકારાઈ હતી. ■

# સુરેન્દ્રનગરમાં ૩૭ કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ કાર્યરત: અનેક ઘાયલ પક્ષીઓને સારવાર આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તરાયણના પર્વ પર મૂંગા અબોલ પશુઓને પહોંચતી ઇજાઓને પગલે સુરેન્દ્રનગર જિલ્લામાં 'કરુણા અભિયાન-૨૦૨૫'ની શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત રાજ્ય સરકારના વન વિભાગ, પશુપાલન વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત પ્રયાસના ભાગરૂપે જિલ્લામાં ઘાયલ પક્ષીઓની સારવાર માટે વિશેષ કેન્દ્રો સ્થાપવામાં આવ્યા હતા.

વઢવાણ રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી ખાતે શરૂ કરવામાં આવેલા ઘાયલ પશુ પક્ષીઓના સારવાર કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ અભિયાનમાં ૬૦૦થી વધુ પશુ ચિકિત્સકો અને ૮,૦૦૦થી વધુ સ્વયંસેવકોએ સેવા આપી હતી. સમગ્ર રાજ્યમાં ૮૬૫ પશુ દવાખાના, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાના, ૫૮૭ મોબાઈલ વેટરનરી યુનિટ અને ૩૭ કરુણા એનીમલ એમ્બ્યુલન્સને કાર્યરત રાખવામાં આવી હતી. આ અભિયાનમાં હજારો મૂંગા પશુ-પક્ષીઓને બચાવવામાં આવ્યા હતા. ગયા વર્ષે ૧૩,૮૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. ■

# જૂનાગઢ જિલ્લાના ભેસાણમાં મકર સંક્રાંતિના દિવસે યુવાનોએ સ્મશાન માટે લાકડા એકત્ર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર ગુજરાતમાં ઉત્તરાયણના પર્વની ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં ભેંસાણ ખાતે ઉત્તરાયણના દિવસે એક વિશેષ સેવાયજ્ઞ યોજ્યો હતો. જેમાં ૨૫૦થી વધુ યુવાનોએ સાથે મળીને સ્મશાન માટે પાંચથી દસ વર્ષ ચાલે તેટલા લાકડા એકત્રિત કર્યા હતા.

આ અનોખા સેવાયજ્ઞમાં તમામ વર્ગના યુવાનોએ સાથે મળીને આ સેવાકાર્યનું બીડું ઝડપ્યું હતું. બપોરે સ્મશાનમાં જ એક પંગતમાં બેસીને ભોજન પણ લીધું હતું. ભેસાણ આસપાસના ૫ કિલોમીટરના વિસ્તારમાંથી ૩૫ જેટલા ટ્રેક્ટરથી લાકડા એકત્ર કરવામાં આવ્યા હતા.

સ્મશાન માટે એકત્ર કરવામાં આવેલા લાકડાને સુરક્ષિત રાખવા માટે ત્રણ મોટા સ્ટોરેજ ગોડાઉનમાં વ્યવસ્થિત ગોઠવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત આગથી નુકસાન પામેલા ડોમનું પુનઃનિર્માણ પણ કરવામાં આવ્યું હતું. ■

# કચ્છના ક્રીક વિસ્તારમાંથી પકડાયેલા પાકિસ્તાની ઘૂસણખોરની ઊલટ તપાસમાં કેટલીક શંકાસ્પદ બાબતો બહાર આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પાકિસ્તાન દ્વારા ગુજરાત અને પશ્ચિમ બંગાળની સરહદો દ્વારા ઘૂસણખોરી કરીને દેશના વિવિધ સ્થળો પર આતંકી હુમલા કરવાની ઊભી થયેલી શક્યતાઓ વચ્ચે હાલ તમામ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર રહેલી છે ત્યારે બે દિવસ અગાઉ કચ્છના સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ હરામીનાળા આસપાસના ક્રીક વિસ્તારમાંથી ઝડપાયેલા પાકિસ્તાની ઘુસણખોરની રો, આર્મી ઇન્ટેલિજન્સ, સ્ટેટ ઇન્ટેલિજન્સ બ્યૂરો સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા ચાલી રહેલી ઊલટ તપાસમાં કેટલીક શંકાસ્પદ બાબતો બહાર આવી હોવાનું જાણવા મળ્યું હતું.

પાકિસ્તાનના સિંધ પ્રાંતના કારો ઘૂંઘરો ગામથી, કચ્છના હરામીનાળા વાટે ભારતમાં માછીમારીના સાધનો સાથે આ શખ્સ જે રૂટથી પકડાયો હતો એ વિસ્તારમાંથી અવારનવાર બિનવારસી ડ્રગ્સનો જથ્થો મળી આવતો હોય છે. આર્મી ઇન્ટેલિજન્સના ઉચ્ચ અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતના સમુદ્રી કિનારાનો ઉપયોગ કરી, માછીમારોના સ્વાંગમાં ભારતમાં માદક પદાર્થો પહોંચાડવા માટે આવા પેડલરો સીમા સુરક્ષા દળની ચોકિયાત નૌકાને પોતાના તરફ આવતી જોઈને ડ્રગ્સને દરિયામાં પધરાવી દે છે, અથવા એકવાર સીમા ઓળંગ્યા બાદ ભારતમાં ઘૂસી, તેમની માછીમારી બોટને લાવારીસ હાલતમાં મૂકી દે છે એ તેમની વર્ષો જૂની મોડ્સ ઓપરેન્ડી છે.

આ શખ્સ કોઈ ડ્રગ્સ માફિયા સાથે સંડોવાયેલો છે કે ભારત આવવાના રૂટની રેકી કરી રહ્યો છે એ જાણવા હાલ તેની ઊલટતપાસ ચાલુ હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# ધીણોધરથી કાળાડુંગર સુધી ઠંડીની આણ: નલિયા ૬.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યભરમાં સૌથી ઠંડું મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મકરસંક્રાંતિના પર્વના સપરમા દિવસે ઠંડીએ સમગ્ર કચ્છને શીતાગારમાં પરિવર્તિત કરી દીધું હતું. કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે લઘુતમ તાપમાનનો આંક ૬.૮. ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો. તો રાજનગર ભુજના લોકોએ પણ આજે ઠંડો દિવસ અનુભવ્યો હતો અને તાપમાન ૧૦.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

નલિયા ઉપરાંત દેશના પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા ખાતે લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી,બંદરીય શહેર માંડવી ખાતે ૧૧ ડિગ્રી સે.તાપમાન નોંધાયું હતું તો બીજી તરફ કચ્છના સંત્રી સમા ખાવડા પાસેના કાળા ડુંગર આસપાસના સરહદી વિસ્તારોમાં તાપમાન ૯ ડિગ્રીથી નીચું જતા આ રણપ્રદેશને જાણે કાતિલ ઠંડીએ ભરડામાં લીધો છે. તેવી જ રીતે કચ્છની ઓળખ સમા ભાતીગળ બન્ની પ્રદેશના ગામોમાં પણ ઠંડીએ બોકાસો બોલાવતા પશુપાલકોને ભારે ઠંડીનો સામનો કરી રહેવો પડી રહ્યો છે. આ ઉપરાંત ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિસીમાં આસપાસ આવેલી સરહદી સલામતી દળની બોર્ડર આઉટ પોસ્ટ પર ફરજ પર મુકાયેલા જવાનોને ઠંડીએ પરેશાન કર્યા છે.

કચ્છના મોટાભાગના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ટાઢોડું તીવ્ર બનતાં લોકોએ વિના કારણે બહાર જવાનું ટાળ્યું હતું. ઠંડીની અસર ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને કરવાની થતી તલ-સાંકડી,ઊંધિયું,પતંગ-દોરી સહિતની ચીજ-વસ્તુઓની ખરીદી પર પડી હતી. ■

# પતંગરૂપી બાજ પક્ષીઓએ જમાવ્યું આકર્ષણ, લુપ્ત થતી બાજ પક્ષીની પ્રજાતિ પ્રત્યે બાળકોમાં જાગી સંવેદના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વૈશ્વિક પર્યાવરણ પર જ્યારે ખતરો ઊભો થયો છે અને વનસ્પતિ તેમજ પશુ પંખીઓની અસંખ્ય જાતો વિલુપ્ત થઇ રહી છે ત્યારે બાજ જેવા પક્ષીઓની વિલુપ્ત થતી જાતી પ્રત્યે સભાનતા કેળવી તેમના જતન કરવાની લાગણી બાળકોને થાય તેવા હેતુથી પાતળા પ્લાસ્ટિકમાંથી બનાવાયેલા પતંગરૂપી બાજ પક્ષીઓએ આ વર્ષે મકરસંક્રાંતિના જાણે કચ્છના આકાશનો કબજો લીધો હતો.

સદા પતંગોને ઉડાડવા માટે તકલીફ પડે છે પણ આ પતંગો બાળકો પણ સહેલાઇથી ઉડાડી શકતા હતા.

સંખ્યાબંધ લોકોએ આવા પતંગરૂપી બાજ પક્ષીઓને જથ્થાબંધ રીતે ખરીદી બાળકોને નિઃશુલ્ક વિતરણ કર્યા હોવાનું ભુજના જલ્પન અંજારિયાએ જણાવ્યું હતું. ■

# અમરેલી લેટરકાંડ મામલે અમરેલીના એસપી સામે પણ કાર્યવાહી કરવાની કૉંગ્રેસની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી લેટરકાંડમાં સામેલ પોલીસકર્મીઓ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગે જોર પકડ્યું છે, પાટીદાર યુવતી પાયલ ગોટીનું પોલીસે સરઘસ કાઢ્યું હતુ, જેથી પાટીદાર સમાજમાં ભારોભાર રોષ છે. આ દરમિયાન કૉંગ્રેસના જેની ઠુમ્મર અને પાયલ ગોટીના વકીલ સહિતનાઓએ લેટરકાંડ મામલે ગાંધીનગરમાં ડીજીપીને મળી રજૂઆત કરી હતી. પાયલના વકીલે આક્ષેપ કર્યો હતો કે, અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના ઉપદંડક કૌશિક વેકરિયાના કહેવાથી પોલીસે પાયલનું સરઘસ કાઢ્યું હતું. આ તરફ તેમણે અમરેલીના એસપી સામે પણ કાર્યવાહી કરવાની માગ કરી હતી. તેમજ સમગ્ર કેસની તપાસ નિષ્પક્ષ મહિલા અધિકારીની અધ્યક્ષતામાં કરવાની માગ કરી હતી.

પાયલના વકીલે આક્ષેપ કર્યો હતો કે, સમગ્ર કેસમાં આરોપનામું પુરવાર થાય એ પહેલા જ દીકરી પાયલને આરોપી દર્શાવવામાં આવી હતી. બંધારણના નિયમોનો ઉલાળિયો કરી પાયલની મધરાત્રે ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટમાં રજૂ કરાયા પહેલા પાયલનું સરાજાહેર શહેર વચ્ચે સરઘસ કાઢવામાં આવ્યું. પાયલને પોલીસ કસ્ટડી દરમિયાન રિમાન્ડ પર લઈ પટ્ટાથી માર મારવામાં આવ્યો. ત્યારે વકીલે એ પણ આક્ષેપ કર્યો હતો કે ગૃહ રાજ્ય પ્રધાનના કહેવાથી પાયલને માર મારવામાં આવ્યો હતો કે કેમ તેની પણ અમે તપાસની માગ કરીએ છીએ. તેમણે એ પણ આક્ષેપ કર્યો હતો કે ઘટના બન્યા પહેલા ગૃહરાજ્યપ્રધાન અમરેલીમાં હાજર હતા. સમગ્ર કેસમાં માત્ર ચિઠ્ઠીના ચાર કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાયા છે. જિલ્લા એસપી સામે કેમ પગલાં ન લેવાયાં સહિતના મુદ્દે તપાસ પર અને કાર્યવાહી સામે સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. ■

# લાંબા સમયથી બંધ સમુદ્રી સીમા દર્શન પ્રવાસીઓ માટે ફરી શરૂ: કોટેશ્વરથી લક્કીનાળાના ક્રીક વિસ્તારમાં કરાવાશે થ્રિલિંગ બોટ રાઈડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છને જોવા-માણવા દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓ ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા અંગે જાણકારી મેળવે તેમજ સંવેદનશીલ સરહદ પર તૈનાત સીમા સુરક્ષા દળના જવાનોની કામગીરીથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી ભારતમાં પ્રથમ વખત શરૂ કરાયેલા સમુદ્રી સીમાદર્શન પ્રોજેક્ટનો સાત મહિના બંધ રહ્યા બાદ ફરી પ્રારંભ થયો હતો.

માત્ર એક બોટ ઉપલબ્ધ હોઈ, ગત શુક્રવારે પાંચ ટ્રીપમાં ૨૬ જેટલા પ્રવાસીઓએ આ સેવાનો લાભ લીધો હતો જ્યારે શનિવારે ૧૧ ટ્રીપ કરાઈ હતી. સમુદ્ર રફ બનવાનું કારણ આગળ ધરીને સમુદ્રી સીમાદર્શન બંધ ન થવુ જોઈએ અને બોટોમાં પણ વધારો કરવો જોઈએ તેવું પ્રવાસીઓએ જણાવ્યું હતું.

હાલ લક્કીનાળામાં પ્રવાસીઓ માટે વેઇટિંગ રૂમ,બુકિંગ કાઉન્ટર સહિતની સુવિધા છે. પડાલા ટાપુ પર વનવિભાગ દ્વારા મેગ્રુવના જંગલ બનાવવામાં આવ્યા છે તેમજ ૬ તંબુ સહિતની વ્યવસ્થા ઊભી કરાઇ છે જેનું લોકાર્પણ થયું નથી. કચ્છમાં પ્રવાસન સીઝન તેની પીક પર છે ત્યારે તાકીદે તેનું ઉદઘાટન થાય અને પ્રવાસીઓને લાભ મળે તે જરૂરી છે.

પ્રવાસન વિભાગ સાથે સંકળાયેલા એક અધિકારીના જણાવ્યા મુજબ, નારાયણ સરોવરમાં પ્રવાસન વિભાગની હોટલ તોરણમાં સમુદ્રી સીમાદર્શન કરાવતી આ બોટનું બુકિંગ થાય છે, તે ઉપરાંત નારાયણ સરોવર ત્રણ રસ્તે લક્કી તરફ જતા માર્ગે રસ્તા પર બોર્ડ લગાવાયુ છે જેથી વાહન ચાલકો સહેલાઈથી લક્કીનાળા સુધી પહોંચી શકે.

આગામી સમયમાં અહીં ફ્લોટિંગ જેટી, વોચ ટાવર, મરીન ઇન્ટરપ્રીટેશન સેન્ટર, મેન્ગ્રોવ વોક, ફૂડ કિઓસ્ક, ઇન્ફોર્મેશન સેન્ટર, કન્વેશન સેન્ટર,પબ્લિક યુટિલિટી, બીએસએફ ઈન્ટરએક્શન ફેસિલિટી, ભુંગા રિસોર્ટ, એડવેન્ચર પાર્ક, નેચર ટ્રેઈલ્સ, મેન્ગ્રુંવ વોક, ફૂડ કિઓસ્ક વગેરે જેવા આકર્ષણો ઉમેરવામાં આવશે.

પ્રોજેક્ટમાં ગુજરાતના પ્રવાસન વિભાગ સાથે બીએસએફ, ફોરેસ્ટ વિભાગ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ સહયોગી છે. થોડા સમય બાદ બોર્ડર રાઈડ સાથેસાથે પ્રવાસીઓને પ્રતિબંધિત દરિયાઈ ટાપુઓ પર લઈ જવામાં આવશે અને ત્યાં મેન્ગ્રુવ સફારી દ્વારા પ્રવાસીઓને યાદગાર અનુભવ કરાવવામાં આવશે.

દરમ્યાન, સમુદ્રમાં સરહદી બોર્ડર નિહાળવાનો રોમાંચ પ્રવાસીઓ માણી શકે એ માટે રણોત્સવની કંપની દ્વારા પેકેજની સવલતો પણ આપવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું. ■